કુમાર

અંક ૫૯

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી : રવિશંકર રાવળ

વર્ષ ૫ : અંક ૧૧
કારતક ૧૯૮૫



ચિત્રકાર : રસિકલાલ પરીખ

કુમાર
કારતક ૧૯૮૫
અંક ૫૯

ગ્રાહકો ! સામેના પુંઠા પરના ખબર વાંચો

ચેતવણી


તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

જેમને અંક ન મળતા હોય તેમણે
અંક બહાર પડયા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર ‘સૌરાષ્ટ્ર’માં પ્રગટથાય છે.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

લેખકો: જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



પંજાબકેસરી લાલા લજપતરાય

(જન્મ ઈ. સ. ૧૮૬૫ : અવસાન ૧૭-૧૧-૧૯૨૮)

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રકાશ ને પ્રેરણાનું માસિક

વર્ષ ૫ ——— કારતક : ૧૯૮૫ ——— અંક ૧૧

ભાવિના પંથ

(મંદાક્રાંતા)

ઊર્મિ જાણે અહીં ઠરી ગઈ ભૂતની વર્તમાને,
એવું ભાસે ગગનચીતરી મેઘરંગી કમાને:
ભાવિ ઉભું તિમિરપથમાં દૃષ્ટિનાં તેજ છાંટી,
શ્રદ્ધાજીવી, શ્રમસજિત સંતાનનો માર્ગ ઝાંખી.

ઉચ્ચારે છે યુગ પરમ આદેશ કર્તવ્યભોગી,
સંબોધે છે સકળ જનતાને થવા કર્મયોગી :
ને ભાવિનાં ભીતર ભમતો પ્રાણ પૌરુષવંતો,
આમંત્રે છે નવખમીરની સૃષ્ટિના દેવસંતો !

કલ્યાણેપ્સૂ, મુજ જીવનની દોર કલ્યાણરેખા,
એ ભાવિના જટિલ પથમાં ઉડવાની અપેક્ષા.

ઇન્દુલાલ ગાંધી





નવા વર્ષનાં અભિનંદન આપતા અનેક પત્રોનો જુદો પ્રત્યુત્તર આપવાનું મને અશક્ય લાગવાથી આ વખતે 'કુમાર'ના એ સર્વ શુભેચ્છકોનો અહીં જ અંતઃકરણથી ઉપકાર માની લઉં છું. અભિનંદનપત્રોમાં આપણે માત્ર વિધિ કરનારા ન રહીએ અથવા પરદેશના રિવાજની ખોટી નકલ ન જ કરીએ એવું હું ચાહું છું. કેટલા યે ભાઇઓએ અંગ્રેજી લખાણ છાપેલાં પત્રો મોકલ્યાં હતાં,કેટલાક ભાઇઓએ બજારમાં મળતાં ગમે તે જાતનાં લખાણવાળાં ગમે તેવાં ચિત્રવાળાં કાર્ડ મોકલ્યાં હતાં. આ બધાની પાછળ રહેલા તેમના સદ્ભાવ ઉપર મારી જરા પણ ટીકા નથી, પણ એ ક્રિયામાં આપણે જરા વિચાર કરવાની તકલિફ લઇશું તો તેનું બેહૂદાપણું સમજાઈ જશે. યોગ્ય વસ્તુ તૈયાર ન મળવાથી કેટલાક સુરૂચિવાળા ભાઈઓએ માત્ર 'અભિનંદન' અક્ષરો હાથથી લખીને મોકલ્યા હતા તે બીજા કરતાં બહુ રૂચ્યા હતા.

દીપોત્સવી એ હિંદની પ્રજાનો સાર્વજનિક ઉત્સવદિન છે અને તે પ્રસંગે પ્રજા પોતાની લાક્ષણિક રીતે આનંદ પ્રગટ કરે એ ઈચ્છવાયોગ્ય છે. ગમે તેટલા આધુનિક સંસ્કારવાળો દેશ પણ તેવા દિવસે પોતાના પૂર્વકાળનાં સંસ્મરણો જાગૃત કરે છે; ચિત્ર, નૃત્ય કે સુશોભન દ્વારા રાષ્ટ્રીય વિશિષ્ટતાનાં અંગો પ્રગટ કરે છે; મીજબાનીઓ કરે છે; સર્વત્ર સ્નેહભાવ અને સ્વાગતનું વાતાવરણ છાઇ દે છે; અને એકંદર પ્રજામાં ઉંચી માનવતાના જેટલા અંકુરો હોય તેટલા ઉગી આવે છે.

'કુમાર' દીપોત્સવીના દિવસોમાં પ્રજા આગળ જાતીય સંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સમજાવતા લેખો, ચિત્રો કે વિચારો મુકીને એ ઉત્સવમાં પોતાનો ભાગ આપે છે. કોઇ પણ પ્રજા ચાહે કે ન ચાહે, પણ પોતાની રગોમાં ઉતરી આવેલા સંસ્કારો તે દૂર કરી શકતી નથી. પ્રજાના માનસના ઘડતરમાં એ સંસ્કારોનો સારો યા નરસો ફાળો રહેવાનો જ. અમેરિકાથી માત્ર દસ દિવસની જ મુસાફરીને અંતરે આવેલું જાપાન એની અસરથી દરેક રીતે રંગાએલું હોવા છતાં પોતાની મુળ જાપાની સંસ્કૃતિનો દાવો છોડતું નથી–છોડવા ચાહતું નથી. મુળ વાત તો એ જ છે કે દરેક પ્રજામાં કેટલાંક મંતવ્યો ચોક્કસ જીવનદૃષ્ટિ, વ્યવહાર, આબોહવા અને અનુભવોથી નિશ્ચિત થએલાં હોય છે અને તે પર જ પ્રજાની એકતા અને જાતીય બળ ટકી રહેલાં હોય છે. એને આપણે પ્રજાની 'સંસ્કૃતિ' શબ્દથી ઓળખીએ છીએ. સંસ્કૃતિનો સામો શબ્દ વિકૃતિ છે. આ યુગમાં કોઈ પણ વિચારવંત માણસ પોતાના દેશની વિકૃતિનો પ્રચાર કરવાની ઈચ્છા ન જ કરે. હિંદને જેમ ઉત્તમ સંસ્કૃતિનો વિપુલ વારસો મળ્યો છે તેમ મધ્ય યુગની કેટલીક વિકૃતિનો વારસો પણ મળ્યો છે. એ વિકૃતિ શી રીતે આવી, કોણે કરી, તેનું સંશોધન અટપટું અને વિસ્તૃત થઇ પડે; પરંતુ એટલું તો નિર્વિવાદપણે સિદ્ધ થઈ શકશે કે એને આર્ય સંસ્કૃતિના મંડળ જોડે કશી લેવાદેવા નથી. અનેક જાતિઓ જે વખતે સ્વેચ્છાથી અથવા પ્રસંગ નિમિત્તે સેળભેળ થતી ગઈ તે વખતે એકબીજાના સારા યા નરસા સંસ્કારોની આપલે કરતી જ આવી છે.

હિંદની સંસ્કૃતિ એટલે આત્માની અમરતાનો દાવો; નિર્ભયતાનો મંત્ર; ઇશ્વરપદનો સર્વને અધિકાર; આત્માનું સર્વશક્તિમાનપણું; મનુષ્યમાં સર્વ સૃજનનું સામર્થ્ય રહેલું જ છે એવી દૃઢ માન્યતા; ભૂત, વર્તમાન અને ભાવીની વચ્ચે સદા સ્થિર અને જ્વલંત આર્ય આદેશો—જે આધુનિક વિજ્ઞાન અને વિચારની આકરી ભઠ્ઠીઓમાંથી પણ એવા ને એવા દીપ્તિમાન બહાર નીકળી આવ્યા છે;–તે બધા સમેત આર્ય સંસ્કૃતિનું સ્વરૂપ એ અમારૂં ધ્યેય છે.

'હું બ્રહ્મ છું' 'તે તું જ છે' એ પ્રાણપ્રેરક બીજમંત્રો,નિત્ય પૂજામાં ત્રણત્રણ કલાક ચોંટી રહેનારાઓ કે જળાધારીપર પાણી ઢોળ્યા કરનારાનો જ ઈજારો ન હોઇ શકે. 'विद्वान्नबिभेति कदाचित् क्वचित्' (વિદ્વાન કદિ બીતો નથી, હરગીઝ બીતો નથી) એવું ઉપનિષદ્‌નું વાક્ય હોવા છતાં, સમાજભયે 'અતિશુદ્ધોપિ' કહી લોકોથી વિરૂદ્ધ પડતી વખતે બી જનારા પોકળ પંડિતો આર્ય સંસ્કૃતિની બહાર છે એવી અમારી માન્યતા છે. ન્યાતોના અત્યારના અનિષ્ટ વ્યવહારમાં આર્ય સંસ્કૃતિનાં ચિહ્નો નથી, પણ નિર્માલ્ય બનેલી પ્રજાની ભીરૂતા અને સાંકડાપણું જ છે. આર્ય સંસ્કૃતિને મધ્ય કાળથી ઉતરી આવેલા રિવાજો અને વ્યવહાર જોડે ભેળવી દેવાની ભુલ ઘણા કરી બેસે છે.

બીજા દેશોના સંસ્કારનું જ્યારે એક દેશ પર આક્રમણ થાય છે તે વખતે તેમાં તેનાં નરસાં તત્ત્વો નબળા મુલકને પહેલાં ચોંટે છે. તે જ રીતે આપણા દેશમાં યૂરોપનો શરીરવિકાસ, એમની એકાગ્ર વિદ્યોપાસના કે વિજ્ઞાનપ્રેમ અને વીરપૂજા આવતાં પહેલાં એમના શોખનાં સાધનો, પોશાક, વૈભવ અને ખોટા શિષ્ટાચાર પેસી ગયાં છે; ને એને ઘણા યૂરોપની સંસ્કૃતિ કહી વધાવવા લાગ્યા છે. ઝડપી વ્યવહારનાં સાધનો, યંત્રો, ક્રિયાઓ એ સૌ યૂરોપની સંસ્કૃતિ નથી પણ યૂરોપનાં ભૌતિક

બળો છે. યૂરોપની સંસ્કૃતિ તો હોમર, શેક્સપિયર, ડાન્ટે, મિલ્ટન, ડાર્વિન, નિત્શે, બર્નાર્ડ શૉ કે રોમાં રોલાંમાંથી મળશે. જે વિચારો અને આચારો પ્રજાની મનોવૃત્તિ ઘડી રહ્યા છે તેને જ સંસ્કૃતિ કહી શકીએ.

જે દેશની દશા એક દર્દી જેવી છે, જેને પુરા સંયમ અને પથ્ય ખોરાકથી પહેલું પોતાનું શરીર જમાવવાની જરૂર છે, તેની આગળ એક પહેલવાનનો ખોરાક રજુ કરવો, રૂપસુંદરીઓની ચેષ્ટાઓ બતાવવી, એવું કોઇ ડાહ્યો વૈદ કે ડાક્ટર કદિ મંજુર નહિ કરે. મિસર, અફઘાનિસ્તાન કે ચીન જે તરત કરી શકે છે તે હિંદને કરતાં વાર લાગશે, કેમકે જે પ્રશ્નોનો ઉકેલ તેમની પાસે થઇ ગએલો હતો તે પ્રશ્નો પર હિંદના વિદ્વાનો અને આગેવાનો હજુ ચિંતન કરે છે. બાલ્યાવસ્થાથી માંડી જુવાન થતાં સુધીમાં આપણી પ્રજાને જે સંસ્થાઓ, બળો કે સાધનો ઘડતર આપી રહ્યાં છે તેમાં સુધારા લાવવાનું કે નવી યોજનાઓ પર તેમનો અમલ કરવાનું કોને સુઝે છે ? આપણા પત્રકારો, પ્રોફેસરો અને વિદ્વાનોએ એ પ્રશ્નો ઉપર લોકોને સચેત કરી દેવા જોઇએ. શિક્ષણ, તાલીમ અને કૌશલ્યનો પ્રચાર દેશના એક છેડાથી બીજા છેડા સુધી કરી નાખે તેવાં સમર્થ મંડળો કે સૈન્ય જોઇએ. સરકારી અમલદારો જે કરે તે જ સર્વોત્તમ અને સુયોગ્ય માની સંતોષ લઇ બેઠેલા પ્રજાજનોને કોણ પઢાવશે ? પત્રકારો દેશપરદેશનાં લખાણોના ઉતારા કે તરજુમાઓ અને ખાલી બળતરાભર્યા શબ્દોનાં કૉલમો ઓછાં કરી દેશનાં રચનાત્મક કામોનો અહેવાલ, નવી સૂચનાઓ, નૂતન યોજનાઓ તથા પ્રેરણાઓ ફેલાવે તો પરિણામ કેટલું જુદું આવે ? સીનેમા ફિલ્મોની નટીઓની જાહેરખબર ને પ્રચાર પાછળ વ્યય પામતી પ્રાણશક્તિઓ તથા ખર્ચ ને કાગળોનો બગાડ અટકે તો લોકશિક્ષણ, ઇતિહાસ-સંશોધન, વિજ્ઞાન, આરોગ્યજ્ઞાનનો પ્રચાર, સ્ત્રી સમુદ્ધાર વગેરે માટે કેટલું યે કામ પડયું છે તેને જગ્યા મળે. મુંબાઇમાં જ રહીને દેશ માટે બળતરા કરનારા મહિનામાં કોઈ કોઈવાર પ્રાંતનાં જુદાં જુદાં ગામડાંઓની મુલાકાત લઇ તેમનાં દર્દ પરખી યોગ્ય દષ્ટિ મેળવે એવી સહજ ઈચ્છા થાય છે. કોઇ ગામડાની પડોશમાં કે દેશના કોઈ એકાંત સુંદર સ્થળમાં આને માટે દેશનું હિત ચિંતવતો જુવાન વર્ગ—શિક્ષકો, પત્રકારો, જાહેર કાર્યકર્તાઓ વગેરે, સભાઓના ખોટા શિષ્ટાચાર બાજુએ મુકી સ્નેહમંત્રણા કરવા મળે તો ઘણો લાભ થાય.

કુમારમાં આવતા વર્ષથી અમે એવાં નાનાં સંમેલનોની, વ્યક્તિઓની અને એવી ટુંકીટુંકી મુલાકાતો કે દેશના હાર્દમાં કરેલા પ્રવાસોની નોંધ પ્રગટ કરવાનો ઇરાદો રાખ્યો છે. કોઈ ખુણે કામ કરી રહેલા સજ્જનો કે સમાજવીરો, કોઈ અંધારામાં કલ્યાણપરાયણ જીવન ગુજારતા સંતો ને સન્નારીઓની હકીકત, ચિત્રો, કે ટુંકી નોંધ અમને અમારા વાચક મિત્રો મોકલતા રહેશે તો ઉપકાર થશે.

આ અંક સાથે

જોડવામાં આવેલાં પીળાં કાર્ડ તથા પુઠાની અંદરની બાજુએ આપેલા ખબર તરફ સર્વે ગ્રાહકોનું ધ્યાન ખેંચીએ છીએ.

આવતે વર્ષે

આવતા વર્ષમાં અમે દેશનું સાચું દર્શન કરાવે એવાં બીજાં ઘણાં તત્ત્વો ઉમેરવા ઇચ્છીએ છીએ; અને તેની સાથે સાથે આ યુગની પ્રગતિ ઘડી રહેલા મહાન જગત-વીરોની સાહસભરી કથાઓ, કિસ્સાઓ અને ચિત્રો આપવામાં જરાયે ઉણપ રાખીશું નહિ. આજ પાંચ વર્ષથી ‘ કુમારે ’ અમારા વાચકોમાંના ઘણાનું જીવન ઘડયું છે એવી અમારી નમ્ર માન્યતા છે. એ સૌનાં દિલના એકરાર વાચકો આગળ મુકવાની તક આવતા વર્ષમાં જ અમને મળશે. ચિત્રકળા, ફોટોગ્રાફી ને બીજાં હાથે બની શકે એવાં કામોનાં સક્રિય વર્ણનો તો હમેશાં ચાલુ રહેશે. ‘ કુમાર ’ના આદર્શો વિષે જેમને સદ્‌ભાવ ને લાગણી હોય તેઓ બીજા ગ્રાહકો વધારવાની ફરજ સ્વીકારશે એવી આશા નકામી નહિ જાય એટલી મારી દૃઢ શ્રદ્ધા છે.

અવલોકન કે અભિપ્રાય માટે આવતાં પુસ્તકો

ના કર્તા અથવા પ્રકાશકોને સવિનય નિવેદન છે કે હવે પછી અમે એ રીતે આવેલાં પુસ્તકો અમારી નોંધમાં જાહેર કરવાનું બંધ કર્યું છે. જ્યારે કોઈપણ પુસ્તક અમારા વાંચનારા આગળ મુકવા યોગ્ય અમને જણાશે ત્યારે લેખક કે પ્રકાશકને એક પ્રતનો પણ ઘસારો નહિ આપતાં બજારમાંથી ખરીદીને અમે વાચકોને તેનો પરિચય કરાવીશું.

હવે પછી અમારા પર આવેલાં પુસ્તકો વિષે પહોંચ કે પરિચય અમે જાહેર ન કરીએ તો મોકલનારાઓ અમારા પર તેની જવાબદારી ન મુકે એટલું જ અમે ઇચ્છીએ છીએ. વગર માગ્યાં અથવા બીનજરૂરી પુસ્તકોનો સંગ્રહ સાચવી રાખવાની મુશ્કેલી અને કુમારનાં પૃષ્ટામાં તેની નોંધ જાહેર કરવાની ચિંતા, જગ્યાનો વ્યય વગેરે અમને આમ કરવાની ફરજ પાડે છે. પ્રજાને આખા વર્ષમાં બહુ જ થોડાં ઉપયોગી પુસ્તકો મળે છે. તેના લખનાર કે પ્રકાશકને ભેટો મોકલવાના ભારમાંથી મુક્ત રાખવાને આ પ્રથાનો અમે અમલ કરીશું.

એક ખુલાસો

૫૯મા અંકમાં ‘આબુ સુધી પગે પ્રવાસ’ ના વર્ણનમાં લખતર વિષે નોંધ છે કે ત્યાં કુંવરીનાં લગ્ન હોવાથી વિધવાઓને કુવે પાણી ભરવાની મનાઇ હતી. એ વાતનો લખતરથી એક ભાઇએ વિરોધ કર્યો છે. લેખકો તેનો ખુલાસો કરે છે કે એમણે એ વાત કર્ણોપકર્ણ સાંભળેલી.

પંજાબકેસરી લાલા લજપતરાય



સ્વાતંત્ર્યનો શહીદ

દેશભક્તિની દીપ્તિથી જ્વલંત જેની લગભગ અરધી સદીની કારકીર્દિએ હિંદનાં સંતાનોમાં રાષ્ટ્રવાદની ઉષ્મા પ્રગટાવી; સિંહની ગર્જના સમા જેના વાણીટંકારે નિર્માલ્યોને પણ શૂરવીર બનાવ્યા; ધગધગતા લાવા જેવી જેની લેખિનીએ દેશને જાગૃતિની જ્વાળાથી સળગાવી મુક્યો.

નિશ્ચેતનોમાં નવચેતના
સંચારનારી
રણભેરીનું રણગાન
પુરૂં થયું ......
પણ એના પ્રેરક સૂરના
દિગન્તવ્યાપી પડઘા
ગિરિઓ ને ગહ્વરો,
અરણ્યો ને વનરાઇઓ,
નદી તીરો ને જનપદો મધ્યે
હજી ગાજી જ રહ્યા છે!
હજી એ રણભેરી બજે છે!
નવચેતનાનો મંત્ર ગુંજે છે!
એ રણભેરી અમર છે!...

ॐ

હિમાલયના હિમશ્વેત ગૌરીશંકર સમા ઉન્નત ગિરિશૃંગ ઉપર ઉભીને, પચાસ પચાસ વર્ષ સુધી, એક જ સૂરે, અવિરામ રણભેરી બજાવનાર એ જોદ્ધા પડ્યો. નરોમાં નરોત્તમ, પુરુષોમાં પુરુષસિંહ, યોદ્ધાઓમાં યોદ્ધાવર, શહીદોમાં શહીદ–શિરોમણિ, નરકેસરી લજપતનો દેહ પડ્યો.

આજથી ત્રેસઠ વર્ષ પૂર્વે પંજાબના એક અજાણ્યા ગામમાં જન્મેલા એ હિંદી પુત્રમાં એવું કયું અદ્દભુત તત્ત્વ હ

કે આજની જુવાન પેઢીનો જ્યારે જન્મ પણ નહોતો થયો તે કાળમાં, સને ૧૯૦૫–'૦૬ના કાળમાં, જ્યારે 'વંદે માતરમ્'નો ઉચ્ચાર એ ભયંકર ગુનોહ ગણાતો અને હિંદી રાષ્ટ્રવાદનાં કિરણો હજી મુંબાઇ–કલકત્તા સમાં નગરોની મોટીમોટી મહેલાતોની અટારીઓને જ અજવાળતાં હતાં ત્યારે, કાઠિયાવાડનાં નાનાંનાનાં ગામડાંઓમાં ચુસ્ત સનાતની બ્રાહ્મણો પણ પ્રતિદિન પ્રભાતે શિવપૂજાની સાથે આ નરવીરની અને તિલક મહારાજની છબીની અનન્ય ભક્તિભાવપૂર્વક પૂજા કરતા? પંજાબના એ નરે હિંદુસ્તાનના ખુણે ખુણાનાં ગામગામડાંમાં વસતા સામાન્ય ગામડીઆઓનાં દિલ ઉપર, આજથી એક આખી પચ્ચીસી પહેલાં એવું કયું કામણ કર્યું હતું કે, આ વિદેશી સરકારના

વહીવટદારો તેને પકડીને માંડલેના કિલ્લાને માર્ગે લઇ જતા હતા ત્યારે

લાલાજી હીરો હિંદુસ્તાનનો,
પાપીએ નાખ્યો કેદ જી!

એવી પુણ્યપ્રકોપથી ભભુકતી લોકકવિતામાં લોકહૃદય-ની પ્રેમલાગણી આવો પારદર્શક આવિર્ભાવ પામતી? દેશને ચરણે જીંદગીની પળે પળ અર્પી દઇ, નરસિંહ લજપતરાયે, નિજના ચારિત્ર્યબળથી, નિજની નિર્ભય-તાથી, નિજના સિંહ-સ્વભાવથી, હિંદની પ્રજાનાં મન આજ સુધી કદાચ કોઈ પુરુષે જીત્યાં નથી એવાં જીત્યાં હતાં.

સત્તાવન-અઠ્ઠાવનનો બળવો બુઝાયા પછી સાત વર્ષે, એ બળવા વેળા પ્રગટેલા હિંદના આત્મતત્ત્વના અવતાર સમો લજપત, ઈ. સ. ૧૮૬૫માં પંજાબના લુધિયાણા જિલ્લાને ખુણે જગરાન નામના નાનકડા ગામમાં મુનશી રાધાકૃષ્ણ લાલાને ત્યાં જન્મ્યો. ગરીબ પણ જુના ને ખાનદાન અગ્રવાલ વણિક કુટુંબના એ લાલા રાધાકૃષ્ણ સરકારી હાઇસ્કુલમાં ઉર્દુના શિક્ષક હતા અને તેમની ટુંકી કમાણીમાંથી એમનાં પત્ની ઘણી જ ત્રેવડથી સુખપૂર્વક ગુજરાન ચલાવતાં. માતાની એ વ્યવસ્થાશક્તિ, ત્રેવડ અને કુટુંબવાત્સલ્યનાં લજ-પતરાયે ધરાઈધરાઇને વખાણ કરતાં અનેક વખત કહ્યું છે કે 'મોટો થયે મારી આવક જ્યારે હજારોની થઇ ત્યારે પણ એ શરૂઆતની કરકસરવાળી જીંદગીના કરતાં લેશમાત્ર વધુ સુખકર આબાદી અમે જાણી નથી; એટલો મારી માતાનો હાથ એ ટુંકી આવકમાં પણ બરકત ને રસ પુરતો.'

બાર વર્ષની બાળ વયે લજપતે મહર્ષિ દયાનંદનાં પ્રવચનો સાંભળેલાં અને તેમાં ભારત રાષ્ટ્રનો પુનરુદ્ધાર કરવાની પ્રેરણાનું પાન કરેલું. બાળક લજપતને પિતા રાધાકૃષ્ણે પણ એ માર્ગે યોગ્ય ઉત્તેજન આપ્યા જ કર્યું અને પુરાં પંદર વર્ષનો ન થયો ત્યાં તો પોતાના આ પરાધીન દેશના ઉદ્ધારનાં સ્વપ્નાં સેવતો, દેશોદ્ધારની અનેક યોજનાઓ ઘડતો એ કટ્ટર દેશભક્ત બન્યો.

એકવડા બાંધાના, નબળી તબિયતવાળા એ કુમારનું અભ્યાસજીવન તીવ્ર અને તેજસ્વી બુદ્ધિના ચમકારથી ઝળકતું હતું. સહવિદ્યાર્થીઓમાં સદા મોખરે રહીને લાલાએ અઢાર વર્ષની કુણી વયે કાયદાની પરીક્ષા પસાર કરીને વકીલાત માંડી.

પણ, 'મારો આ પ્રિય દેશ હિંદુસ્તાન આજ પરા-ધીન દશામાં છે, એની પ્રજા આજે પતિત છે, એના પર પરદેશી સત્તાનો પંજા ચોંટેલો છે અને એની સમૃદ્ધિ ને નૂર સતત ચુસાયે જાય છે' એ દર્દભરી વસ્તુ-સ્થિતિનું ભાન એના મગજ પર સદા ધમકારા કર્યા જ કરતું હતું; એટલે અભ્યાસ દરમ્યાન જ એણે મહર્ષિ દયાનંદના ઝુંડા નીચે દેશના સૈનિક તરીકે પોતાની ભરતી કરી દીધી. ૧૮૫૭ના ગદ્દરના પ્રથમ સ્વાતંત્ર્ય-યુદ્ધમાં આકરો પરાજય મળ્યા પછી હિંદી પ્રજા નિરાશ ને ભગ્નહૃદય બની હતી; અંગ્રેજી કારભારી-ઓની અસર નીચે હિંદુસ્તાનના મનુષ્યત્વનો ધીમેધીમે પણ સ્થિર ગતિએ નાશ થઈ રહ્યો હતો; ખડિયામાં ખાપણ લઇને ભમનાર શુરા યોદ્ધાઓની, અને સ્વા-ધીનતાના પ્રેમમાં દુનિયામાં કોઇથી ઉતરે નહિ એવા બહાદુર સ્વાતંત્ર્યપ્રેમીઓની કોમ કારકુનો અને મહે-તાઓની કોમ બની રહી હતી, એ જોઇ જેમ દયા-નંદ ઉકળી ઉઠયો ને એ વિનાશક્રિયાને અટકાવવા કમર કસી, તેમ તેનો અનુયાયી લજપત પણ ઉકળી ઉઠયો, ને જો જીંદગીની કુરબાનીથી આ ક્રિયા અટકી પડતી હોય તો તે રીતે પણ તે અટકાવવા કટિબદ્ધ થયો.

લજપતરાયના એ જુવાનીના દિવસોમાં પંજાબમાં આર્યસમાજનું પરિબળ હતું. લડાયક જુસ્સાથી ઉભરાતા આર્યસમાજીઓ દયાનંદના બોધ મુજબ ભારતીય પ્રજાના નવવિધાનના કાર્યમાં એકાગ્ર બન્યા હતા. એ કાર્યની ત્રણ પંજાબી જુવાનોએ સરદારી લીધી: લાલા હંસરાજ, ગુરુદત્ત વિદ્યાર્થી અને લાલા લજપતરાય. આર્યસમાજના આ ત્રણે સરદારો, જેમને પુરાં વીસ વર્ષ પણ નહોતાં થયાં, જેમના મોં ઉપર મુછનો દોરો પણ નહોતો ફુટયો એવા ભાવનાભીખ્ખુ જુવાનો હતા. 'જુવાન! જગતનું પુનર્વિધાન કરવાની જુમ્મેદારી તારે શિરે છે; નૂતન જગતનું સર્જન તારે હાથે થવું જોઇએ' એ યુગા-દેશને લજપત, હંસરાજ અને ગુરુદત્તની ત્રપુટિએ બરા-બર ઝીલ્યો, અને પંજાબમાં પ્રથમ સામાજિક અને ધાર્મિક સુધારણાનું કામ હાથ લીધું.

નવયુગના સંદેશવાહક સરખા એ ત્રણે જુવાનોએ, મુર્દાઓમાં નવ પ્રાણ પુરતી, સ્વાધીનતાને માટે શોણિત માગતી, અજબ પ્રેરણાવંત વાણીના બળે પંજાબીને

ખડો કરી દીધો. ત્રણે જુવાનો અભ્યાસ કરતા, વિદ્યાલયમાં મોખરે રહેતા, ભાષણો કરવા ભટકતા, વેદાર્થના વાદવિવાદ કરતા, અને આજે લાહોર તો કાલે હીસાર એમ સર્વત્ર ભટકીને આગામી જંગને માટે જનસમુદાયને ઢંઢોળતા. હંસરાજ યોજનાઓ યોજતા, ગુરુદત્ત પ્રેરણા અર્પતા અને લજપતરાય કર્મવીરના વેગથી એ યોજનાઓને સ્થૂલાકાર આપતા. આમ, સ્વામી દયાનંદ પછી આર્ય સમાજની સંસ્થા અને પ્રવૃત્તિને આ ત્રણે જણે એટલી ચેતનવંત ને પ્રબળ બનાવી મુકી કે એ સંસ્થાના સરજનહાર તરીકે મહર્ષિ દયાનંદ પછી કોઇનું નામ મુકી શકાય તો એ ત્રિપુટીનું જ. પોતાની ભાવનાના રંગ, અંતરનું જોમ, અંગનું ચેતન અને કમાણીનું સઘળું ધન એ પ્રવૃત્તિ પાછળ રેડીરેડીને એ ત્રણે જુવાનોએ પંજાબમાં સામાજિક, ધાર્મિક અને કેળવણીનાં નવસર્જન માંડ્યાં. એમના અદમ્ય ઉત્સાહ ને અથાક પરિશ્રમે ૧૮૮૬ના જુનની પહેલી તારીખે લાહોરમાં 'દયાનંદ ઍંગ્લો વેદિક કૉલેજ'નો પાયો નખાયો. હિંદી ભાષાનો પ્રચાર કરવો, સંસ્કૃત અને અંગ્રેજી જ્ઞાન ફેલાવવું તથા ઔદ્યોગિક જ્ઞાન પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવો—એવા ઉદ્દેશથી પંચનદોના મુલકમાં મંડાએલી આ કૉલેજ તે કાળે તો પંજાબમાં એક અને અદ્વિતીય હતી અને આજે પણ વિદ્યાર્થીસંખ્યા અને શિક્ષણની ઉત્તમતામાં તે સૌથી પહેલી ઉભી છે. લજપત, હંસરાજ ને ગુરુદત્તની ત્રિપુટિએ તો આ કૉલેજ સરકારી શિક્ષણખાતાથી સ્વતંત્ર રહીને, રાષ્ટ્રપ્રેમના પાઠ શીખવતા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રયોગ કરવા કાઢેલી. પણ આ ભાવના પૂર્ણપણે પાર ન ઉતરી. આજે એ કૉલેજ પંજાબ યૂનિવર્સિટી સાથે જોડાએલી છે. પણ એ છતાં, ત્રણ જુવાનિયાઓ એક કૉલેજ સ્થાપે અને તેના પાયા આવા સુદૃઢ નાખે, એ વસ્તુ તો દુનિયાના ઇતિહાસમાં પણ વિરલ છે. લજપતનું ઘડતર એવાં જબ્બર કામો આરંભી શકે અને પાર ઉતારી શકે એવી અસામાન્ય ધાતુનું હતું.

દરમ્યાન પંજાબ યૂનિવર્સિટીની કાયદાની પદવી લઇને લજપતરાયે હિસારમાં વકીલાત માંડી દીધી હતી. કુનેહભરી વેધક બુદ્ધિ અને તેજસ્વી વક્તૃત્વશક્તિને પ્રભાવે તેણે પોતાના ધંધામાં સારી પ્રતિષ્ઠા જમાવી અને હિસારના વકીલોમાં અગ્રણીપદ મેળવ્યું. પણ ધંધા કરતાં તેને બીજી ઉચ્ચતર વસ્તુઓની પરવા—લગની વધુ હતી, એટલે સમૃદ્ધિની છોળો ઉડાડતી વકીલાતના ધંધાની મહત્ત્વાકાંક્ષા તજીને તેણે પ્રાંતના સમુદ્ધારના કાર્યમાં જ જીવનશક્તિ ઠાલવવા માંડી. અહીં પણ તેને અનુકૂળ અને સહૃદયી મિત્રો તથા સહકારીઓ મળી રહ્યા. તેમાં, પોતાની જીંદગી આખીની કમાણી શિક્ષણ અને બીજાં ક્ષેત્રોમાં અર્પણ કરી દેનાર દાનવીર પંડિત લજપતરાય તથા 'પંજાબી' પત્રના આદ્ય સ્થાપક લાલા જસવંતરાયના પિતા લાલા ચુડામણિ એ બે મુખ્ય હતા. લાલા ચુડામણિએ ભટકતા કંગાલો અને કામધંધા વગરના રખડુઓ માટે સ્થાપેલી પંજાબની ઉદ્યોગ-શાળા તો પ્રખ્યાત છે.

આ બધા મિત્રોની સાથે કેવળ પ્રગતિમાન પંજાબનાં જ નહિ પણ સ્વાધીન ભારતનાં સ્વપ્નાં સેવતા જુવાન લજપતને હવે હિસારનું ક્ષેત્ર સંકુચિત લાગવા માંડ્યું. વળી દયાનંદ કૉલેજની સ્થાપના કર્યા પછી લજપતરાયનું બધું લક્ષ એ કૉલેજને સુદૃઢ બનાવવા અને વિસ્તારવા તરફ વળ્યું એટલે તેણે ૧૮૯૨ના પ્રારંભમાં લાહોરમાં જઇ અખાડો નાખ્યો. પોતાની અસામાન્ય બુદ્ધિપ્રતિભા, સંસર્ગમાં આવનારની અંદર ચેતનની ચીનગારી મુકનારી દેશદાઝ, સરળ અને નિખાલસ સ્વભાવ તથા મોહક વ્યક્તિત્વના પ્રભાવે, જુવાન લજપતરાયે જોતજોતાંમાં લાહોરમાં પોતાને માટે માનવંતું સ્થાન કરી લીધું અને પંજાબની વડી અદાલતના ધારાશાસ્ત્રીઓમાં મોખરે પ્રકાશવા લાગ્યા. લક્ષ્મીદેવીએ તેમના પર સમૃદ્ધિનાં હાસ્ય વેર્યાં, પણ હમેશાં સાદી રહેણીના ચાહનાર લાલાજીએ પોતાનું કુટુંબ ગરીબ હતું છતાં, પોતાની વકીલાતની આવકમાંથી ખર્ચજોગી રકમ રાખી બાકીની દયાનંદ કૉલેજના દ્રવ્યકોષમાં ભરવા માંડી, અને એ ઉપરાંત, પંજાબનાં અન્ય ગામો અને શહેરોમાં શારદામંદિરો—કુમારો અને કુમારીઓ માટેની શાળાઓ—સ્થાપવા અપાર જહેમત લેવા માંડી. આજે આર્યસમાજ વાર્ષિક દસ લાખ રૂપિયા ખર્ચી સંખ્યાબંધ સંસ્થાઓ ચલાવે છે, જેમાંનો મોટો ભાગ પંજાબમાં જ છે. પંજાબની એ સંસ્થાઓમાંની ઘણીયેની ઇંટો ઉપર લજપતનું નામ અમર અક્ષરે લખાએલું છે. દલિતોનાં દુઃખ હરવા અને પીડિતોની પીડા હરવા માટે પોતાનો જન્મ છે એવી પ્રબળ અસ્મિતાની પ્રેરણા

નીચે દેશકાર્ય કરી રહેલા લજપતરાયની જુવાનીનો પ્રથમ દસકો આર્યસમાજની પતાકા નીચે આવું રચનાત્મક કાર્ય કરવામાં વ્યતીત થયો અને તેમનું નામ જોતજોતાંમાં પંજાબભરમાં ગવાવા લાગ્યું.

પણ સ્વાધીનતાની ઝંખના ઝંખતા જુવાન લજપતરાયને આર્યસમાજનું ક્ષેત્ર હવે સંકુચિત પડ્યું. દિનરાત દેશહિતનું ચિંતન કરતા લજપતરાયને સુઝ્યું કે 'આ બધી પ્રવૃત્તિઓ ઠીક છે; દુષ્કાળપીડિતોને અન્ન આપવું, અનાથોને આશ્રય આપવો, શિક્ષણસંસ્થાઓ સ્થાપવી, સમાજસુધાર કરવો, જુવાનોને દેશપ્રેમ પ્રેરિત બનાવવા—એ બધું સુકાર્ય છે; પણ જ્યાં સુધી દેશની રગેરગમાં પ્રસરી ગએલું પરાધીનતાનું ઝેર મારી શકાય નહિ, જ્યાં સુધી હિંદી પ્રજાજનો તેના ઘરમાં ગુલામ મટી માલિક બને નહિ, ત્યાં સુધી ધ્યેય તો દૂર જ રહેશે. ઉંડા અભ્યાસ અને અવલોકન પછી લાલાજીએ અગ્નિના અક્ષરોએ પોતાની જીવનપોથીમાં સિદ્ધાંત લખ્યો કે 'પ્રત્યેક હિંદીએ સૌથી પ્રથમ હિંદની રાજકીય પરાધીનતા મિટાવવા મથવું જોઇએ; રાજકીય પરાધીનતાના નાશની સાથે બીજી બધી યે પરાધીનતાઓનો નાશ થશે.' અને આમ લાલાજીએ રાજકીય યોદ્ધાના રણસાજ સજ્યા. તે દિવસથી—વીસમી સદીના આરંભવર્ષના તે દિવસથી તે આ નવેમ્બર માસની ૧૭મી તારીખના શનિવારે એમણે બ્રિટિશ સામ્રાજ્યની બર્બરતાના પ્રતિનિધિ બ્રિટિશ સિપાઈની લાઠીના મારને પરિણામે છેલ્લી સોડ તાણી ત્યાં સુધી, બ્રિટિશની છાતીને કંપાવતા, હિંદના આત્માની વેદનાને ગરવી વાણીમાં વ્યક્ત કરતા, હિંદની સ્વાધીનતાની ઝંખનાનો ઢંઢેરો પીટતા, સિંહની ત્રાડે ત્રાડતા લાલાજી રાજકીય અને સ્વદેશીય લડવૈયા જ રહ્યા.

જીવનભર સ્વાધીનતાના રણાંગણમાં જ ઝુઝવાનો નિરધાર કર્યા પછી લજપતરાયે દેશદેશના સ્વાતંત્ર્યવીરોની દોસ્તી કરવા માંડી અને ઇતિહાસની કિતાબોમાં કોઇ સમાનધર્મીની રાહ જોતા પડેલા મૅઝિની અને ગેરીબાલ્ડી, વૉશિંગ્ટન અને લિંકન વગેરે વીરોની મૈત્રી સાધી. લજપતરાયે એમના જીવનની પારાયણ કરી. ખાસ કરીને છેલ્લી શતાબ્દિના ઇટાલિયન શહીદો મૅઝિની અને ગેરીબાલ્ડીએ એના પર ભારે અસર કરી, અને પોતાના આત્માના અમર રસની શાહીમાં લેખિની બોળીને લજપતરાયે એ બંને વીરોની પ્રેરક જીવનકથાઓ લખી. હિંદી ઇતિહાસમાંથી પણ લજપતરાયે 'અમર મહાજનો'નો પરિચય કર્યો અને તેમની પણ બિરદાવલી લખી. એમની લખેલી, એ અશોક અને શિવાજી, દયાનંદ અને કૃષ્ણચંદ્રની જીવનકથાઓ આજ દિવસ સુધી પંજાબના જુવાનો વાંચે છે અને અવનવી પ્રેરણા અનુભવે છે.

મૅઝિની સમી દેશદાઝની જ્વાળાથી પ્રજ્વલિત બનીને, મૅઝિનીના હિંદી અવતાર સમા લજપતરાય રાજકીય ક્ષેત્રમાં ઉતર્યા અને ૧૮૮૮ની સાલથી મહાસભામાં ભાગ લેવો શરૂ કર્યો. એ વર્ષની અલાહાબાદની મહાસભા વેળા તેણે સર સૈયદ અહમદને ઉદ્દેશીને લખેલા પત્રો હજી યે મશહૂર છે. એ પત્રોમાં લજપતરાયે સર સૈયદ અહમદની મનોદશાના પલટા ઉપર—રાષ્ટ્રવાદી સર સૈયદ કોમવાદી સર સૈયદ બન્યા તે પરિવર્તન ઉપર—સખ્ત ફટકા લગાવ્યા છે. લજપતરાયના એ પત્રોથી એ કાળમાં દેશભરમાં સનસનાટી થએલી. જુવાન લજપતરાયનો અભ્યાસ, તેની કલમની શક્તિ, દેશદાઝ અને સૌથી વિશેષ નિર્ભયતાએ તે કાળના રાજકીય કાર્યકરોના દિલ ઉપર ઉંડી અસર કરી.

આ અરસામાં, ૧૮૯૭માં હિંદમાં દુકાળ પડ્યો. લાલાજીએ પોતાના દુષ્કાળપીડિત દેશબાંધવોની વહાર અર્થે જબ્બર રાહતપ્રવૃત્તિ આદરી. ૧૮૯૯–૧૯૦૦માં પડેલા બીજા દુષ્કાળ વેળા પણ એ માનવતાની મૂર્તિએ હિંદુસ્તાનના પ્રાંતોમાં ભમીને ભુખ્યાંઓની ભુખ ભાંગી અને વસ્ત્રહીનોને વસ્ત્રો પુર્યાં. મધ્યપ્રાંત, બંગાળ, રાજપુતાના વગેરે સ્થળોએ અસંખ્ય હિંદુ અનાથોને લજપતરાયે પોતાની રક્ષા નીચે લીધાં. એ વેળા વિદેશી પાદરીઓ હિંદુ અનાથ બાળકોને ભરમાવી તેમને ઇસાઈ ધર્મમાં વટલાવવાની પ્રવૃત્તિ ચલાવતા જોઇ, લજપતરાયે પાદરીઓની એ વટાળપ્રવૃત્તિની સામે ત્રાડ પાડી અને હજારો હિંદુ બાળકોનો હિંદુત્વનો વારસો કાયમ રાખ્યો. લજપતરાયના ઉગ્ર રાજકીય પ્રચારકાર્યની સાથોસાથ, જનસમૂહના સુખદુઃખમાં હમદર્દીભર્યો ભાગ લેનારી તેમની આ પ્રવૃત્તિએ તેમને પ્રજાના સાચા નાયક બનાવ્યા. લજપતરાય તેમની પાંત્રીસ વર્ષની વયે અખિલ હિંદમાં નામના ધરાવતા નેતાવર બન્યા.

૧૯૦૫ની બનારસ મહાસભામાં પંજાબના એ

કેસરીએ સૌથી પહેલી રણગર્જના કરી, જેનાં આંદોલનોએ ઘડીભર બ્રિટિશ સામ્રાજ્યના પાયા ડોલાવ્યા. લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા પછી બરાબર સાત્તેરમે દિવસે લાલાજીએ બનારસની એ મહાસભાની વ્યાસપીઠ ઉપરથી આગામી નૂતન રાષ્ટ્રીય હલચલની રૂપરેખા બતાવી. લાલાજી આગામી બળવાના મુખનાદ બન્યા. બંગભંગના એ કારણે બંગાળની પ્રજા ખળભળી ઉઠી. હિંદુસ્તાનના રાષ્ટ્રીય ઉત્થાનના ઇતિહાસમાં નવો તબક્કો મંડાયો. 'હિંદ આમાર, જનની આમાર, ધાત્રી આમાર, આમાર દેશ'ના જયનાદોથી ભારતનું ગગન—અને સાથેસાથે બ્રિટિશ સામ્રાજ્યવાદીઓની છાતી ભેદાઈ રહ્યાં. લાલાજીએ બંગાળની એ બળવા-પ્રવૃત્તિના મોવડીઓમાં સ્થાન લીધું. બ્રિટિશ હાકેમના આ કાર્યની સામે, બંગાળમાં બિપીનચંદ્ર પાલે, દક્ષિણમાં તિલક મહારાજે અને પંજાબમાં લાલા લજપતરાયે ઉગ્ર વિરોધની ત્રાડો દીધી અને એની ગર્જનાના પડઘાથી દેશભરની દિશાઓ ગાજી ઉઠી. લાલ, બાલ અને પાલની એ ત્રિપુટીએ આખા હિંદી પ્રજામાં નવચેતન મુકયું. એ ચેતનની હૂંફે હિંદનો જુવાનવર્ગ ખડો થઇ ગયો અને જાણે 'બળવો થશે? ક્રાંતિ થશે? સામ્રાજ્યનો અસ્ત થશે?' એવી ભીતિથી બ્રિટિશ કારભારીઓ ધ્રુજી રહ્યા. લાલ બાલ અને પાલની ત્રિપુટિએ નવો ઇતિહાસ રચ્યો, નવી પ્રજા ઘડી, નવું ભારતવર્ષ સર્જ્યું.

સ્વદેશ અને દેશબાંધવો માટેની તેમની આ લાગણીની જવાળાઓ જોઇ, તેમની સહૃદયતા ને ફનાગીરીથી મુગ્ધ થઈ, ૧૯૦૫ની મહાસભાએ વિલાયતમાં પ્રચારકાર્ય કરવા માટે ગોપાળ કૃષ્ણ ગોખલેની સાથે સર્વાનુમતે તેમની પસંદગી કરી અને ગોખલે ને લજપતરાયનું પ્રતિનિધિમંડળ યૂરોપને પ્રવાસે ઉપડયું.

પંજાબનો સિંહ ગોખલેજીની સંગે વિલાયત પહોંચ્યો અને બ્રિટિશ સામ્રાજ્યવાદે હિંદી પ્રજાનું કેવું કચ્ચરઘાણ વાળી નાખ્યું છે એ પંજાબકેસરીએ તેની જવાળા ઝરતી વાણીમાં વિલાયતી પ્રજાને સમજાવ્યું. લજપતરાયે સંખ્યાબંધ સભાઓ સમક્ષ ભાષણ કર્યાં ને વિલાયતના સર્વ પક્ષના અગ્રેસરોના મન પર ઉંડી છાપ પાડી ખબર કર્યાં કે 'હિંદી પ્રજા હવે જાગી છે અને પોતા પરની સામ્રાજ્યવાદની ઝુંસરી ફગાવી દેવા માગે છે.'

ઇંગ્લંડનો પ્રવાસ પુરો કરીને લજપતરાય યૂરોપના બીજા દેશોની મુસાફરીએ નીકળ્યા અને પછી અમેરિકાનું નિરીક્ષણ કરવા ઉપડયા. એમણે ત્યાંની શિક્ષણ-સંસ્થાઓનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને હિંદમાં શિક્ષણકાર્ય કરતી સંખ્યાબંધ આર્યસમાજી સંસ્થાઓમાં કઇકઇ દિશામાં સુધારા વધારા થઇ શકે તે જોયું. ઉઘાડી આંખોએ બધું જોતા અને સ્વાધીનતાની ધગશથી સળગતા લજપતરાય ઉપર યૂરોપઅમેરિકાના આ પ્રવાસે ઉંડી અસર મુકી, તેને નવી દૃષ્ટિ આપી, અને બેવડા ઉત્સાહની ભરતીથી ઉભરાતા હૃદયે લજપતરાય હિંદ આવ્યા.

આ અરસામાં પંજાબમાં સરકારે વધારેલી જમીન મહેસુલ અને નહેરના પાણીના દર સંબંધી સરકારી નીતિની સામે લોકોનો પોકાર ઉઠયો. 'પંજાબી' પત્રની કટારોમાંથી લજપતરાયની લેખિનીએ અંગ્રેજ મહેસુલ વહીવટ સામે વજ્રના પ્રહારો કરવા માંડયા. પંજાબના ગોરા કારભારીઓને આ બળવાખોર, બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવતો લાગ્યો. એટલે તેને ઠેકાણે પાડવા પોતાના રાક્ષસી ભાથામાંથી ૧૮૧૮ના

પ્રસાદ

: વસંતતિલક :

લાવું વિભો ! તુજ સમીપ પ્રસાદથાળ,
જે છે ચરાચર હિમાચળથી રસાળ;
જે છે પ્રભો ! પૃથિવી વ્યોમ થકી વિશાળ,
તે થાળ હું સુભગ દર્શન કાજ લાવું.

એ છે પ્રસાદ, પ્રિય ! સોમથી સૌમ્યરંગ,
છે સૂર્યથી અધિક ચંડ પ્રતાપવંત,
નક્ષત્ર તારકગણોથી મહા અનંત:
તે હું પ્રસાદ તુજને પ્રણમી ધરાવું.

એ થાળ તે સરળ અંતર-પાત્ર છેક,
ને એ પ્રસાદ મુજ અંતરભાવ એક.


દે. પ.

(એક અંગ્રેજી પ્રાર્થનાના કાવ્યભાવ)



પ્રાર્થના

(એક જર્મન કલાકારની કૃતિ)



જુમા મસ્જિદ : અમદાવાદ

PHOTO : JOHNSTON & HOFFMAN CALCUTTA

અમદાવાદની જુમા મસ્જિદ હિંદની મોટામાં મોટી મસ્જિદોમાંની એક ગણાય છે. એની બાંધણી હિંદુ અને મુસલમાન સ્થાપત્યની મેળવણીવાળી છે. અંદરની બાંધણી હિંદુ સ્થાપત્ય પ્રમાણે છે. લીવાનના મુખ્ય દ્વાર આગળના થાંભલા ઉંચા લઇ અલંકાર માટે હિંદુ તોરણ મુકેલું છે. મસ્જિદનું કુલ માપ ૩૮૮ ફુટ ૯ ઇંચ × ૨૪૬ ફુટ ૮ ઇંચ છે. એના બે મિનારા તો એશિયા આખામાં હાલતા મિનારા તરીકે પ્રસિદ્ધ હતા;- તે ઈ. સ. ૧૮૧૯ ના ધરતીકંપમાં પડી ગયા. શાકબજારની બાજુએ પડતી આ મસ્જિદની પડાળી તો આખી યે હિંદુ ઘાટની છે. મસ્જિદ અંદરથી ઘણી ભવ્ય લાગે છે. શોખીન બાદશાહ જહાંગિરને અમદાવાદ નહોતું ગમ્યું, પણ જુમા મસ્જિદની બાંધણીનાં તો એણે મુક્તકંઠે વખાણ કર્યાં છે.

રેગ્યુલેશન થ્રી નામનું શસ્ત્ર કાઢ્યું અને એ કાયદાની રૂએ ૧૯૦૭ના મે મહિનાના એક દિવસે લજપતરાયને પંજાબની સરકારે અચાનક એમના ઘરમાંથી ગુપ્ત રીતે ઉઠાવીને બ્રહ્મદેશમાં માંડલેના કિલ્લામાં પુર્યા. હિંદ મૈયાની સેવા કરવાનો—સ્વદેશપ્રેમ આચરવાનો 'ગુનોહ' કરનાર દેશભક્તોની જીંદગીની મજલ દરમિયાન વચમાં માંડલેની તુરંગો આવે છે એ આપણે અત્યારે જાણીએ છીએ; પણ જે કાળે જેલ જવું એ આજની પેઠે લ્હાવ નહોતો ગણાતો તે સમયમાં એ દેશપારી ને કારાવાસને મર્દાનગીથી ભોગવી લઇને તેનો ડર કાઢી નાખનાર લાલાજી પ્રથમ હતા.

લજપતરાયની આ અચાનક દેશપારીથી આખો દેશ ખળભળી ઉઠ્યો. અખબારોએ, જાહેર સભાઓએ જાહેર સંસ્થાઓએ વિદ્યાર્થીમંડળોએ--ચોમેરથી સરકારના આ હીચકારા કૃત્ય સામે વિરોધનો મારો ચલાવ્યો. હિંદમાં કોઈ અજબ જાગૃતિ આવી. લજપતરાય થોડા મહિના માંડલેમાં સરકારની મહેમાનગતી ભોગવી પાછા આવ્યા અને 'મારી દેશપારીની કથની'માં એ વીતકની આખી કથા હિંદી પ્રજા પાસે મુકી. લજપતરાયની ચૈતન્યદાયી લેખિનીએ લખાએલી એ કથની વાંચી હિંદી પ્રજાએ નવી પ્રેરણા મેળવી; આજે યે હિંદી જુવાન એ પુસ્તકના વાચનથી નવ-પ્રેરણા મેળવે છે.

દેશને નામે અપૂર્વ ત્યાગ અને અનન્ય તપશ્ચર્યાના કરવૈયા સમરવીર તરીકે, તરુણ હિંદીઓના પૂજાસ્પદ રાષ્ટ્રીય અસ્મિતાના અવતાર તરીકે, માંડલેથી પાછા પધારીને લાલાજીએ ફરી એટલી જ ઉગ્રતાથી દેશકાર્યની ધુરા હાથ ધરી અને ૧૯૦૭ની સુરતની ઐતિહાસિક મહાસભામાં ભાગ લીધો. તિલક મહારાજ, અરવિંદ ઘોષ, ખાપર્ડે વગેરેના જહાલ પક્ષના નેતાવર તરીકે સુરતે એ પંજાબકેસરીનું અદ્ભુત સ્વાગત કર્યું: અને ત્યાર પછી લજપતરાય, રણમેદાનમાં સાચો રણવીર પહેલી હરોળમાં ઉભે તેમ, દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં મોખરે રહેવા લાગ્યા. હિંદુસ્તાનમાં તિલક–લજપત યુગ બેઠો, તે છેક ૧૯૨૦માં ગાંધીયુગનો આરંભ થયો ત્યારે એ યુગ પુરો થયો;—જોકે લજપતરાય તો ગાંધીયુગમાં પણ તેમના અનેરા પ્રકાશે જ પ્રકાશતા રહ્યા; એ યુગના નવા સૂર્યમંડળમાં પણ તેમનું સ્થાન અવિચળ રહ્યું.

માંડલેના કારાવાસ પછી લાલાજીના જીવનમાં એથી યે વધારે આકરા મહત્ત્વનો એવો જ બીજો પ્રસંગ આવ્યો સને ૧૯૧૪માં. એ વેળા યૂરોપીય મહાયુદ્ધનો આરંભ થયો હતો. લાલાજી અમેરિકાને પ્રવાસે ઉપડ્યા હતા અને પ્રવાસ પુરો કરી હિંદ પાછા ફરવાની તૈયારી કરતા હતા. એવામાં અચાનક બ્રિટિશ વહીવટદારોએ એ નરસિંહના હાથમાં ફરમાન મુક્યું: 'યુદ્ધ ચાલે ત્યાં સુધી તમને હિંદમાં પ્રવેશ કરવાની મનાઇ છે.' લાલાજી ક્રાંતિવાદી છે, મોકો મળ્યે ગદરની સરદારી લે તેવા છે, તેની સરદારી નીચે બૉમ્બનાં કારખાનાં ચાલે છે, એવીએવી માન્યતાઓ સરકારી મંડળોમાં પ્રવર્તતી. એટલે વિગ્રહ દરમિયાન લાલાજીને હિંદમાં પાછા આવવાની મના થઈ. લાલાજીને ફરજિયાત દેશપારી ભોગવવી પડી. લગભગ આઠ લાંબાં વર્ષો સુધી હિંદુસ્તાનથી બાર હજાર માઇલ દૂર, કુટુંબ પરિવારથી સજાઇને, આર્થિક મુંઝવણમાં, અજાણ્યા જનસમુદાયની વચ્ચે લાલાજીને પુરાઇ રહેવું પડ્યું. પણ એ ફરજિયાત દેશનિકાલીના દિવસે દિવસનો ઉપયોગ લાલાજીએ સ્વદેશની સેવા અર્થે કર્યો. લેખિનીથી અને જીવ્હાથી હિંદની પરાધીન હાલત સંબંધમાં એમણે અમેરિકામાં અને યૂરોપમાં અદ્ભુત પ્રચારકાર્ય કર્યું. આઠ વર્ષના એ અમેરિકાવાસ દરમિયાન લાલજીએ, હિંદની દુર્દશા પુરવાર કરતા આંકડાઓ અને હકીકતોથી ભરેલી દસ લાખ વિવિધ પત્રિકાઓ, પુસ્તિકાઓ ને અખબાર-લેખો પ્રગટ કર્યા, 'યંગ ઇન્ડિયા' (તરુણ ભારત) નામનું એક પુસ્તક લખ્યું —જે પુસ્તકને હજી છેક ગયા વર્ષ સુધી હિંદમાં લાવવાની મનાઇ હતી—અને હિંદુસ્તાનમાં રહી જેટલું ન થઇ શકે તેટલું હિંદુસ્તાનની બહાર રહીને કરી હિંદી પ્રજાને અને અમેરીકન રાષ્ટ્રને તાજુબ કરી દીધાં.

છતાં પોતાના દેશબંધુઓની વચ્ચે વસવા અને તેમની પ્રત્યક્ષ સેવા ઉઠાવવા તલસતા લાલાજીને એથી સંતોષ નહોતો. સ્વદેશના વિજોગથી એમને અપાર વેદના થતી. મહા યુદ્ધ બંધ થયું, પણ એમના દેશનિકાલની અવધ આવી નહિ. અહીં દેશમાં રાઉલેટ કાયદા સામે સત્યાગ્રહ પોકારાયો, પંજાબમાં જલિયાંવાલા બાગની કત્લ થઇ. એ ગોઝારા સપ્તાહના સમાચાર લાલાજીને અમેરિકા પહોંચ્યા અને એ દેશભક્તે મહાત્મા-

જીના 'યંગ ઇંડિયા' પત્રમાં એક પત્ર લખી પોતાની એ વેદના ઠાલવી: 'અત્યારે, જ્યારે મારા દેશબંધુઓ જબ્બર અંતરાયોની સામે મહાન વિગ્રહ આરંભી રહ્યા છે ત્યારે, મારો હિસ્સો પુરવાને હું હિંદમાં નથી એ વિચારે હું બહુ અકળાઉં છું; હું કોઈ ભારે અપરાધ આચરી રહ્યો હોઉં એમ મને લાગે છે . . . આખરે શહેનશાહના ઢંઢેરાએ લાલાજીને માટે પોતાના પ્રિય વતનમાં પાછા ફરવાનું શક્ય બનાવ્યું. અને ૧૯૨૦ના ફેબ્રુઆરી માસની ૨૦મી તારીખે લાલાજીએ હિંદમાં પગ મુક્યો.

આઠ વર્ષના વિજોગ પછી લાલાજીએ મુંબાઇના કિનારે ઉતરી હિંદ ઉપર પહેલી નજર કરી તો હિંદની સારી શકલ બદલાઈ ગઇ હતી. નૂતન હિંદ, નૂતન પ્રજા, નૂતન ભાવનાઓ અને મનોરથોની વિરાટ મૂર્તિઓ પ્રગટ થતી જોઇ એ પુરુષવરનો આત્મા પ્રસન્ન બન્યો. હિંદને કિનારે પગ મુકતાં એણે નવું હિંદ સરજાતું જોયું; સ્વરાજ્યને માટે અધીરો બનેલો જનસમાજ જોયો; અધિકારો અને હક્કોની અસ્મિતાથી દેદિપ્યમાન નવી પ્રજા જોઇ. જલિયાંવાલા બાગની કત્લની સામે હિંદ અભૂતપૂર્વ રોષથી સળગી રહ્યો હતો, ગાંધીજી અસહકારની—સેતાની સરકારની જડ ઉખેડી નાખવાની—વિપ્લવવાણી ઉચ્ચારી રહ્યા હતા, અને એના પડછંદાઓથી હિંદની દિશાઓ ગાજી રહી હતી. આવી વેળાએ લાલાજી સમા જીવનભરના અઠંગ બળવાખોરનું સ્થાન ગાંધીજીની પડખે જ હોય. અને લાલાજીએ એ સ્થાન તત્કાળ લઇ લીધું.

દેશે ૧૯૨૦ની કલકત્તાની ખાસ મહાસભા વેળા લાલાજીને પ્રમુખપદે પધરાવ્યા. લાલજીએ એ માનવંત આસનેથી પંજાબના હત્યાકાંડ પરત્વે બ્રિટિશ સરકાર ઉપર માનવતાના દેવાળાનો, શયતાનિયતનો, રાક્ષસીપણાનો, બર્બરતાનો —એમ અનેક આરોપો મુકયા અને જીવનભર સિંહની ત્રાડે વિદેશી વહીવટદારોની છાતી વીંધનારા એ કેસરીએ સિંહત્રાડ નાખી કે 'જે અમલદારોએ મારા દેશના જુવાનો પાસે નાકલીટીઓ ખેંચાવી છે, જે અમલદારોએ મારા દેશબંધુઓને ફટકા માર્યા છે, જે અમલદારોએ અનેક રીતે હિંદી પ્રજાને અપમાની છે તે અમલદારો સાથે મહોબ્બત કેળવવા હું હરગીઝ તૈયાર નથી. મારા હૃદયમાં કારી જખ્મ થયો છે; હું હતાશ બન્યો છું. અસહકારનો ઝંડો ફરકાવવો એ જ અમારે માટે ધર્મ્ય વસ્તુ છે.' ત્યાર પછી નાગપુર મહાસભા થઇ અને હિંદી પ્રજાએ અસહકારનો નિરધાર પોકાર્યો. તે દિવસથી લાલાજી અસહકાર-જંગમાં મહાત્માજીની જમણી ભુજા બન્યા. બંગાળમાં દેશબંધુ ચિત્તરંજન અને પંજાબમાં લજપતરાય એ બંને નેતાવરોએ અસહકારને અજબ જોર અર્પ્યું.

અસહકાર-જંગના એ દિવસોમાં લાલાજીની અવસ્થા થતી જતી હતી, પંજાબનો એ સિંહ વૃદ્ધ બનતો જતો હતો, પણ તેનું શૌર્ય વૃદ્ધ નહોતું બનતું જતું. શૌર્ય અને સાહસ, નિર્ભયતા અને નિશ્ચયબળમાં તો એ લાલાજી દયાનંદ કૉલેજ સ્થાપનાર જુવાન લજપત જ રહ્યા હતા. જુવાનના ઉત્સાહથી લાલાજી અસહકારના કાળમાં બબ્બે વાર જેલ ગયા અને બીજી જે જે આપદાઓ ને યાતનાઓ સહવી પડે તે પ્રસન્ન ચિત્તે સહી.

અસહકારનો જુવાળ ઉતર્યો: લાલાજી જેલમાંથી પાછા ફર્યા: દેશબંધુએ સ્વરાજ્ય–પક્ષ સ્થાપ્યો: ધારાસભાઓ સર કરવાનો કાર્યક્રમ યોજ્યો. લાલાજી એ નવા સંગ્રામમાં યે મોખરે રહ્યા. વડી ધારાસભામાં બેઠા પછી, ત્યાં પણ જીંદગીની છેલ્લી ઘડી સુધી લાલાજી સદા દેશહિતને અર્થે સિંહની મિસાલે ગર્જ્યા જ છે.

દેશને કાજે જેનું જીવન જીવંત કુરબાની સમું હતું એવા લાલાજીના જીવનનો છેલ્લો પ્રસંગ પણ એ નરસિંહના ઉન્નત મસ્તક ઉપર સાચી શહીદીનો યશ-મુકટ પહેરાવનારો બની ગયો. આ દેશનું કિસ્મત ઘડવાને માટે દરિયાપારના બ્રિટિશ ટાપુઓમાંથી આવેલા સાત પરદેશીઓના બનેલા 'સાયમન કમિશન'ને તેના લાહોરના આગમન વખતે જાકાર આપવાને પંજાબી પ્રજાનું સરઘસ લાહોર સ્ટેશને ગએલું. એને મોખરે લાલાજી, માલવીયજી અને બીજા સ્થાનિક વિખ્યાત નેતાઓ હતા. સરકારી પોલિસથી એ સરઘસની પ્રચંડતા અને 'સાયમન પાછો જા'ની ગગનભેદી ગર્જનાઓ ન સાંખી શકાઈ. તેણે માથું ગુમાવીને લાઠી ઉછાળી. લાલાજીના હૃદયભાગ ઉપર લાઠીના પ્રહાર થયા. લાલાજીની પડખે ઉભેલા નેતાઓએ આડા ઘા ઝીલી લાલાજીને ઉગાર્યા;—એમ ન થયું હોત તો લાલાજી ત્યાં જ ઢગલો થઇ પડયા હોત એમ લાલાજીએ સ્વમુખે ઉચ્ચાર્યું છે. એ પ્રહાર લઇને લાલાજી પાછા ફર્યા–૩૦મી ઑક્ટોબરે: અને પછી ૧૭મી નવે-

ત્યારે તેમનું હૃદય બંધ પડી ગયું; પંજાબનો સિંહ પોઢી ગયો. લાલાજીના ડાકટરો કહે છે કે એ લાઠીના હુમલાને પરિણામે જ લાલાજીનું મૃત્યુ થયું છે: લાલાજીના દોસ્ત દીવાન ચમનલાલ કહે છે કે 'લાલાજીએ મને કહ્યું હતું કે તેમનો ઈરાદો મારું ખુન કરવાનો હતો.' લાલાજીની સાથે તે વેળા સરઘસના મોખરે ઉભેલા પ્રતિષ્ઠિત પુરુષો પોકારે છે કે લાલાજી ઉપરનો એ હુમલો જીવલેણ હતો. આ બધાં વચનો એમ પુરવાર કરે છે કે લાલાજીનું મૃત્યુ સરકારી પોલિસની લાઠીના ઘાથી નીપજ્યું છે: સાયમન કમિશને લાલાજીનો ભોગ લીધો છે: અરધી સદી સુધી બ્રિટિશ વહીવટદારોને હંફાવનાર વીર લાલાજીની આખરે બ્રિટિશ કિન્નાખોરીએ કતલ કરી છે;-અને આગાહી કરવામાં ખોટું ન હોય તો, બ્રિટિશ વહીવટદારો ભલે જાણે કે લાલાજીના ખૂનથી તૃપ્ત થનાર એ શયતાની બ્રિટિશ તત્ત્વની જડ ઉખેડ્યા પછી જ હિંદનો પ્રબુદ્ધ આત્મા નીરાંત અનુભવશે. લાલાજી પોતે જ, એ લાઠીના ઘા પડ્યા પછી અમર આગાહી કરી જાય છે કે 'એ ઘા અમારા આત્મામાં ઉંડા ઉતરી ગયો છે. . . . હું આ સરકારને ચેતાવવા માગું છું કે જો આ દેશમાં રક્તપાતભરી રાજ્યક્રાન્તિ થાય તો એવો દિવસ લાવવાની જવાબદારી આજના જેવું વર્તન કરનારા તેના યૂરોપિયન અમલદારોને શિર રહેશે. . . . સરકાર અને તેના અમલદારો આજની રીતે જ વર્તવા માગતા હોય તો અમારા જુવાનોને અમારો કાબુ ફેંકી દેતા અને તેમના સ્વદેશની સ્વાધીનતા સર કરવા મરજી મુજબનો માર્ગ લેતા જોઇને હું તાજુબ નહિ થાઉં. . . . એ દિવસ જોવાને હું જીવતો હોઇશ કે નહિ તે હું નથી જાણતો; પણ, હું જીવતો હોઉં કે ન હોઉં તો યે, સરકાર મારા દેશના જુવાનોને એવો માર્ગ લેવાની ફરજ પાડશે તો મારો આત્મા અંતરિક્ષમાંથી, તેમના એ યુદ્ધમાં વિજય મળો એવી આશિષો વરસાવશે.'

રાજકીય રણાંગણમાં સદા શહીદનાં સાહસ, શૌર્ય, આવેશ અને નિર્ભયતાથી ઝઝુમનાર લાલાજીના જીવનની બીજી બાજુએ પણ એટલી જ જ્વલંત છે. દેશહિતની પ્રત્યેક પ્રવૃત્તિમાં—વિઘાતક ને વિધાયક એવી સર્વ પ્રવૃત્તિઓમાં—એ નરવીર સદા અગ્રેસર હતો. એ રાજકીય લડવૈયો, શિક્ષણશાસ્ત્રી, ઈતિહાસકાર, સમાજસુધારક, દલિતોદ્ધારક, અખબારનવેશ,—અને શું શું ન હતો. એ નરપુંગવનું જીવન સંપૂર્ણ હતું. એનું હૃદય યોદ્ધાનું અને એનો આત્મા સંતનો હતો. એની લેખિની તલવાર સમી હતી અને જીભ જ્વાલાનાં તત્ત્વોની બનેલી હતી. દેશને કાજે ભોગ ધરવાની એની શક્તિ અજોડ હતી. એણે આજ દિવસ સુધીમાં હિંદી સરકારે અંત્યજોના ઉદ્ધારને માટે નથી કર્યું એટલું એકલે હાથે કર્યું છે. એણે એનું દેશકાર્ય એના મૃત્યુ પછી યે અવિરત ચાલુ રહે એટલા માટે ગોખલેજીની હિંદસેવક સમાજ જેવી 'હિંદ-લોકસેવક-સમાજ સ્થાપી'; એણે હિંદુ સમાજમાં નવ પ્રાણ પૂરવાને હિંદુ સંગઠનની પ્રવૃત્તિની સરદારી લીધી; એણે હિંદુને તાકાત જમાવવાનો મંત્ર શીખવ્યો; એણે લાહોરની દયાનંદ કાલેજ જેવી સંખ્યાબંધ શિક્ષણસંસ્થાઓ સ્થાપવામાં હિસ્સો પુર્યો; અને છેલ્લે છેલ્લે પોતાની મિલકતની પાઇએ પાઈનું દાન કરી દઇ લાહોરમાં પોતાની માતાના નામથી મહિલાઓ માટે એક ઇસ્પીતાલ સ્થાપીને અને પોતાના વતનમાં પિતાના નામથી એક હાઇસ્કુલ સ્થાપીને એ આત્માએ તૃપ્તિ અનુભવી. લાલાજીએ ઇતિહાસ રચ્યો છે-સદી પછી લોકો માનતાં અચકાશે એવો અદ્ભુત ઇતિહાસ રચ્યો છે. લાલાજી, આ લીટીઓના લખનારને મન, અને કદાચ બીજા ઘણાયને મન, તિલક અને ચિત્તરંજનથી યે મહાન વિભૂતિ હતા. સ્વપ્નો, યોજનાઓ, ને સિદ્ધિઓમાં એ પંજાબકેસરી લજપતનું સ્થાન લેનીન સરીખાઓની હરોળમાં છે.


મહાન લજપત તેના દેશબંધુઓની વચ્ચેથી ચાલ્યો ગયો; માનવોનાં જન્મ અને મૃત્યુ ઉપર શાસન કરતા દેવતાઓએ તેને ઉચકી લીધો. આજે, જાણે અરધી સદી સુધી, કોઇ ગિરશૃંગ ઉપર ઉભી રણભેરી બજાવનાર એ શૃંગની પાછળ અદૃશ્ય બની જાય છે: ઘડીભર લાગે છે કે એ રણભેરીનું રણગાન પુરું થયું છે. પણ ના,

એ રણગાનના પ્રેરક સૂરના દિગન્તવ્યાપી પડઘા
ગિરિઓ ને ગહ્વરો, અરણ્યો ને વનરાઇઓ
નદી તીરો અને જનપદોની મધ્યે
હજી ગાજી જ રહ્યા છે.

અને જ્યાં સુધી ભારત સ્વાધીન નહિ બને ત્યાં સુધી ગાજ્યા કરશે. લજપતની રણભેરી બજ્યા જ કરશે. એ રણભેરી અમર છે.

કકલભાઈ કોઠારી

શેળો



(ચિત્રકાર : રવિશંકર પંડિત)

વર્ષાઋતુએ વિદાય લીધી હતી. પાકથી લીલાં ખેતરો સર્વત્ર લચી પડતાં હતાં. વરસાદ કોઈકોઈ વખત ઝાપટું નાખી જતો અને વાદળું વિખરાતાં લીલા મોલ ઉપર ટકી રહેલાં જળબિંદુ ઉપર સૂર્યનાં કિરણો પડીને રમણીય દૃશ્ય બની રહેતું. એ જળમોતી વીણવા અમે પાકમાં ચોતરફ દોડાદોડ કરી મુકતાં. ટીપુ આવડો મોટો તો હવે લાગે છે; પણ એ વખતે તો એ નાનું કુરકુરિયું હતું. તે અમારી વચ્ચે કુદાકુદ કરી ખુબ ગેલ કરતો અને ઘડીઘડીમાં પાકની વચ્ચે અદૃશ્ય થઇ જઈ અમારી જોડે સંતાકુકડી રમતો.

એક દિવસ હું અને ટીપુ અમારાં બંને ખેતરો વચ્ચેની તળાવડી પાસે બેઠાબેઠા ગમ્મત કરતા હતા અને કાંકરા ફેંકી પાણીમાં થતાં કુંડાળાં જોઈ અવનવા વિચારોમાં લીન થઇ ગયા હતા, એટલામાં ક્યાંક નાનું બાળક રડતું હોય એમ મને લાગ્યું. પણ સતેજ અને ચંચળ ટીપુ તો મોટી મોટી ફાળો ભરતો જે દિશાએથી અવાજ આવતો હતો તે તરફ ઉપડ્યો. હું પણ એની પાછળ પાછળ ગયો. ચારે તરફ ઉગી નીકળેલા મોટા મોટા છોડવાની વચ્ચે નાનકડો ટીપુ દેખાતો નહિ, એટલે ઘડીક થંભી જઇ તેનો પગસંચાર સાંભળતો હું તેની પાછળ ગયો. એવામાં અચાનક એ લાંબી ચીસ નાખી કુદી ઉઠ્યો. મને બહુ કુતૂહલ થયું કે એટલી વારમાં આ શું થયું? જોઉ તો કાંટાનો એક નાનકડો ગોળો જમીન પર પડ્યો હતો અને ટીપુ ગાંસો નાખતો હતો. પણ મેં તો બાળક રડતું સાંભળ્યું હતું ને આ શું? બાળક ક્યાં ગયું? હું જરા કમકમ્યો. પણ એટલામાં ટીપુએ ધીમેધીમે પગ માંડી, લાંબું મોઢું કરી, ફરી એ કાંટાના ગોળા તરફ જવા માંડ્યું. હું સમજ્યો કે બાળકનું રડવું અને કુતરાનું ભસવું તે બધું આ કાંટાના ગોળામાં સમાએલું છે. ત્યાં તો ટીપુએ પોતાનું નાક એ ગોળા પાસે લઈ જઈ સુંઘવા માંડ્યું. કુતરાનું નાક એટલું બધું તીવ્ર હોય છે કે ઘણે દૂરથી એ વસ્તુઓની ગંધ પારખી શકે છે. કીડી અને મંકોડા જેટલી તીવ્ર એની ગંધની શક્તિ હોય છે. પણ ટીપુને આ ગંધમાં કાંઇ સમજ પડી લાગી નહિ હોય એટલે એણે ફરી ધીમેધીમે એ ગોળા પાસે નાક આણ્યું. તરત જ એ ગોળાના કાંટા તેના નાક ઉપર પેસી ગયા અને ફરીથી લાંબી ચીસ નાખી એકદમ કુદીને તે દૂર નાઠો. હું તો આશ્ચર્યથી એ ગોળા તરફ જ જોઇ રહ્યો.


ત્યાં તો ટીપુની ચીસ સાંભળીને અમારી ટોળીનાં બધાં છોકરાં આવી પહોંચ્યાં. મેં મુંગામુંગા તેમને આંગળી વતી પેલો કાંટાનો ગોળો બતાવ્યો. એ નાનકડા ગોળાથી થએલી મારી ભયભીત દશા ને આકુળ આંખો જોઇને એ સૌ હસવા લાગ્યા, અને એક જણ બોલી ઉઠ્યો: 'એમાં ડરે છે શું? એ તો શેળો છે!' બધાં છોકરાં આવી પહોંચ્યાં એટલે ટીપુને જરા ધરપત વળી અને પોતાની પુંછડી બે પગ વચ્ચે ઘાલીને પટપટ કરતો અમારા પગ વચ્ચે પેસવા લાગ્યો.

શેળાનું નામ સાંભળતાં મને ખુબ આનંદ થયો. અમે તેને સાચવીને ઉપાડી લઇ મારી થેલીમાં નાખી લીધો અને ઘેર સૌને બતાવવા લઈ ચાલ્યા. પણ ટીપુને એ ન ગમ્યું. પોતાને કાંટા મારનાર દુશ્મનને આટલું બધું મહત્ત્વ ને માન અપાતું જોઇ એને માઠું લાગ્યું ને ગુસ્સે થયો હોય એમ સૌની આગળ દોડતો દોડતો ઘેર જઇ પોતાના ખાડામાં કોથળા પર બેસી ગયો.

ઘેર લાવીને મેં શેળાને કોડમાં જમીન ઉપર મુક્યો. છોકરાંઓને તો આવું નવતર મળે એટલે જાણે દીવાળી! હોંશ ને આનંદનો પાર નહિ. સૌ ટોળે મળીને ગમ્મત કરવા લાગ્યા. એક અટકચાળો વળી પાણીનો લોટો ભરી લાવ્યો ને શેળાને બહાર ચોકમાં લાવી તેના પર પાણી રેડ્યું. પાણી પડવાથી ગભરાઇને એણે પોતાનું આખું શરીર બહાર કાઢ્યું ને પછી એકદમ નાઠો. હવે અમે એને બરોબર જોયો. નર્યો જાણે ઉંદર! ઉંદર જેવું મોઢું ને નાક; પણ પાછળ પુંછડી તદ્દન બાંડી. રંગે પણ ઉંદર જેવો ભુરો. લાંબો પણ એક ફુટ કરતાં વધારે નહિ. પણ તેના શરીર ઉપર કાંટા, ઇચ્છા પ્રમાણે ગોળ દડો બની જવાની કળા અને નાનું બાળક

બની જાય છે કે પોતાની પાસે બીજા પાડોશીને પણ રહેવા દેવા ઇચ્છતું નથી. જો પાડોશી બળવાન હોય તો પોતે ત્યાંથી ખસી જાય છે અને નબળું હોય તો તેને નસાડી મુકે છે. આમ છતાં ટીપુ સાથે એ આટલો હળ્યો એ જોઈ અમને બહુ નવાઇ થઇ.

અંધારી રાત એવી ઘમઘોર જામેલી કે હાથે હાથ સુઝે નહિ. તારલાઓનો પ્રકાશ તદ્દન આછો હતો. શેળો પોતાની પથારીમાં બેઠો હતો. થોડી જ વારમાં તે ખોરાક મેળવવાની સફરે નીકળવાની તૈયારીમાં હતો. તેવામાં દૂરથી ઝીણુ તારલા જેવી બે આંખો તગતગતી એણે જોઈ. મેશના ઢગલા જેવી કોઈ કાળી વસ્તુને બે રત્ન જડયાં હોય એમ દૂરથી દેખાતું. શેળો એના તરફ સહેજ ભય અને આતુરતાથી એ શું છે એ જાણવા પોતાની ચપળ આંખો ફેરવવા લાગ્યો. ત્યાં તો પગસંચારની ખબર ન પડે એમ ધીમેધીમે પોતાનાં પદ્મવાળાં પગલાં પાડતાં બિલ્લીબાઇ આવી પહોંચ્યાં. તરત શેળો તેને ઓળખી ગયો. પણ પોતાની પીળી રેડ જેવી આંખોથી બિલ્લીબાઇ શેળાને ઓળખી શકયાં નહિ. એણે તો ઉંદર જ ધારેલો. એની ચતુર આંખો પણ ભુલાવામાં પડી ગઈ, અને એણે લાગ સાધી શેળા પર કુદકો માર્યો. પણ સાવધાન શેળો તરત જ દડો થઇ ગયો અને રૂની ગાદી જેવા બિલાડીના નરમ સુંવાળા પગમાં તેના કાંટા પેસી ગયા. બિલ્લીબાઇ તો કાંટા વાગવાથી ગભરાઇ જઈ ફુંફાડા




અને છીકોટા નાખી કુદ્યાં. પણ શેળો એને શેનો ગણકારે? બિલાડીએ પોતાના ગળામાંથી ઘોઘરો બોલાવીને શેળાને ડરાવવાનો પ્રયત્ન પણ કરી જોયો. પરંતુ લુચ્ચો માણસ જરાક બોલી પોતાના ઘરમાં પેસી જાય ને પાછળ મોટી લડાઇ સળગી ઉઠે એમ શેળા ભાઇ તો ગુપચુપ દડો બનીને બેસી જ રહ્યા. અંતે બિલ્લીબાઇ હારીથાકીને પોતાને રસ્તે પડયાં. પણ તે દહાડાના કદિ એ શેળા તરફ ખાટીમીઠી નજર ફેંકતાં નથી.

ખેતરની ચોતરફ વાડ હોય એટલે સાપનાં દર પુષ્કળ હોય. ઉંદરો પાકમાં રંજાડ કરે અને પાળીઓ ઉપર મોટાં મોટાં દર પાડે. પણ ખોરાકની શોધમાં નીકળેલા સાપ એ દરમાં પેસી જઈ ઉંદરનો શિકાર કરે અને પછી એ ખાલી પડેલાં દરનો ઉપયોગ પોતે કરે. સાપમાં જાતે દર ખોદવાની શક્તિ જ નથી. અને તેથી જ ' ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ ' એ કહેવત પડી છે. સીમમાં તો સાપ રખડતા જ હોય; એટલે સાપથી અમારૂં રક્ષણ કરવાને અમે નોળિયો પાળ્યો હતો. જેમ બિલાડી ઉંદરનો કાળ, તેમ નોળિયો સાપનો કાળ. છતાં ઉંદરની પેઠે સાપ નોળિયાથી ડરીને નાસી જતો નથી. તે તેની સામે થાય છે અને બહાદુરી સાથે મૃત્યુને ભેટે છે.

સવારનો પહોર હતો. અમે બધા ભેગા થઈ ઉનાળાના ગુલાબી પ્રભાતમાં ટીપુ અને શેળા સાથે આનંદ કરતા હતા. તેવામાં અમારી ટોળીમાંથી એક જણે બુમ પાડીઃ 'એ...સાપ!' અમારૂં ધ્યાન તે તરફ જતાં જ અમે તો બુમાબુમ કરી મુકી. એક જણ જઇને નોળિયાને લઇ આવ્યો. નોળિયાને જોતાં જ સાપ ફુંફાડા મારી સામો થયો અને લડવા લાગ્યો. ત્યાં તો બિલ્લીબાઇ પણ પધાર્યાં. નબળા ઘુવડને કાગડા ઘેરી લે એમ સાપને શેળાએ, નોળિયાએ અને બિલ્લીબાઇએ ઘેરી લીધો. એ બધાં એકબીજાનાં દુશ્મનો હતાં, એટલે કોઈની છાતી હુમલો કરવા માટે ચાલતી ન હતી. નોળિયો ઝડપ મારવાની તૈયારી કરતો ત્યાં બિલાડીને આતુર આંખે જુએ ને નાસે. બિલાડી નહોર કાઢી જમીન ખોતરે એવામાં સાપ ઉંચો થઇ ફુંફાડો મારે ને બિલાડી પાછી પડે. પણ નોળિયા અને બિલાડી કરતાં યે સાહસમાં શેળો વધુ ગણાય છે. એ છે તો નાનું સરખું પ્રાણી, પણ પોતાના જીવની દરકાર કર્યા વગર એ ગમે તેવા દુશ્મનની પણ સામે થઇ પ્રાણઘાતક સાહસ કરે છે. નામર્દની પેઠે નાસી જઇ જીંદગી બચાવવી તે કરતાં બળવાન શત્રુને અક્કલ, ચતુરાઇ, યુક્તિપ્રયુક્તિ અને હીમતથી હંફાવી નસાડવો કે મારવો તે એને વધુ ઉત્તમ લાગે છે. સાપ, બિલાડી ને નોળિયા સામે લડવામાં રોકાએલો હતો.

શેળાએ લાગ સાધીને તરત દોટ મુકીને સાપના પુંછડી પોતાના મોંમાં પકડી લીધી અને ગોળ દડો બની ગયો. ત્યાંતો નોળિયો તૈયાર થઇ ગયો. પણ બિલ્લીબાઇને તો સાપ કે નોળિયો એમાંથી ગમે તે એક શિકાર જોઇતો હતો, એટલે તેણે સાપને પડતો મુકી નોળિયા ઉપર તવાઇ આદરી. પણ અમારો ટીપુ એના મિત્રની સહાયે તૈયાર જ હતો. એણે ચટ દઇને બિલાડી તરફ કુદકો માર્યો. પણ ત્યાં તો નોળિયો નાસીને પોતાના દરમાં ઘુસી ગયો અને બિલ્લીબાઇ કુદીને છાપરે ચડી ગયાં ને ત્યાં બેઠાંબેઠાં પગ ચાટવા લાગ્યા.



આ તરફ શેળાના મોઢામાં પુંછડી પકડાઇ જવાથી સાપ ક્રોધે ભરાયો અને ભયંકર ફુફવાટ સાથે એના ઉપર પોતાની ફેણ પછાડી. પણ એને એ નાનકડા ગોળા પરના જીવલેણ કાંટાનો ખ્યાલ ન આવ્યો, અને ફેણ પછાડતાં જ ઉભા તીર જેવા કાંટા તેની સુંવાળી કોમળ ફેણમાં પેસી ગયા ને લોહીનાં ટશિયાં ફુટી આવ્યાં; એની વેદનાથી પીડાતા સર્પે બેવડા ક્રોધથી ભાન ગુમાવી ફરી જોરથી ફેણ પછાડી અને મૃતપ્રાયઃ થઇ પડચો. અમે તો જોઈ જ રહ્યા. સૌનાં મોંમાંથી સિત્કાર નીકળી ગયો. સાપને નિશ્ચેત થઇ ગએલો જોઈ શેળો તેની પુંછડી મુકી નાઠો. સાપના મોઢામાંથી લીલો ઝેરનો ગરળ નીકળી ગયો અને તે ઢગલો થઇ પડચો. અમે બધા ઘરમાંથી લુગડું, નાળિયેર અને ઘી લાવ્યા અને નાગદેવને અગ્નિસંસ્કાર કર્યો. નાગ અને વાંદરાઓને એવી જ રીતે બાળવાનો ગામડાંઓના હિંદુઓમાં રિવાજ અને માન્યતા છે.

થોડા વખત પછી અમારા ખેતરમાં રાત્રે કોઈ જનાવર પેસી જઇ ખુબ રંજાડ કરવા લાગ્યું. કુમળા મોલ તથા કંદમુળનો તો એ દાટ જ વાળી દેતું. અમે માળે બેસીને મોટા જનાવરની તો ખબર રાખતા, પણ આ ચોરનો કંઇ પત્તો લાગતો નહિ. એક દિવસ રાત્રે તો અમે બધા છુટાછુટા વ્હેંચાઇ જઇ બરાબર ચોકસાઇથી તપાસ કરવાને ચોમેર લપાઇ બેઠા. એટલામાં શેળો પોતાનો ખોરાક શોધવાને નીકળ્યો. અમે તેને જોયો. પણ જરા વાર નાહે થઇ હોય એટલામાં તો એ એકદમ હાંફળોફાંફળો દોડીને કોડમાં પોતાની પથારીમાં છુપાઇ ગયો. એ જોઇને અમને બહુ નવાઇ લાગી. શેળો કોઇથી ડરે નહિ, તે આજે આમ અચાનક કેમ સંતાઈ ગયો હશે! એવા તે કયા જનાવરથી બીનો હશે? ખુબ કાળજીથી અમે ધીમે પગલે એ દિશા તરફ ચાલ્યા.

શેળાની જ જાતનું, શરીર ઉપર તેના જ જેવા કાંટાવાળું, પણ શેળાથી મોટું એક પ્રાણી ત્યાં નજરે પડયું. શેળા અને એની વચ્ચે દેખાવમાં થોડો ફેર હતો. મોઢા ઉપર મોટા ખરબચડા વાળ, મોટી લાંબી મુછો, અરધો ફુટ લાંબી પુંછડી અને શરીર ઉપર શેળા કરતાં ઘણા જ લાંબા અને જુદી જાતના મોટા શૂળાઓ વાળું તે પ્રાણી હતું. અમે તો એને જોઇ જ રહ્યા. એટલામાં અમારો ઘરડો સાથી પણ આવી પહોચ્યો. એને પ્રાણીઓ સંબંધી ઘણું જ્ઞાન હતું. તેને આવતો જોઇ અમે હાથથી ત્યાં આવવા ઇશારત કરી. ચંદ્ર વાદળાંથી ઢંકાએલો હતો તે ચોકખો થઇ ગયો અને ચોમેર ઝોકાર ચાંદની પથરાઇ ગઇ. હવે એ પ્રાણીને સ્પષ્ટ જોઇ શકાતું હતું. અમારા સાથીએ તેને જોતાં જ અમને દૂર હડસેલી ધીમેથી કહ્યું, 'અરે નાસો! એ તો શાહુડી છે.'



શાહુડી એ પણ શેળાની જાતનું જ પ્રાણી છે. શેળાની પેઠે એ પણ રાત્રે જ બહાર નીકળે છે અને કંદમુળ ખાતું હોવાથી એને પાણી પીવાની બહુ જ

ઓછી જરૂર રહે છે. દુશ્મનની સામે એ શેળાની પેઠે દડો નહિ થઈ જતાં પોતાનાં સીસોળિયાં (એના શરીર પરના કાંટા) ઉંચાં કરીને સામે દોડે છે અથવા પાછે પગે દોડે છે, અને તીર જેવાં એ સીસોળિયાં સામા દુશ્મનના શરીરમાં પેસી જાય છે. શાહુડી તરત બીજા હુમલા માટે પાછી હઠે છે અને સીસોળિયાં શાહુડીની પીઠ પરથી ઉખડી દુશ્મનના શરીરમાં જ પરોવાઇ રહે છે, કેમકે સીસોળિયાં અને શાહુડીની ચામડીને બહુ જ ઓછો મેળાપ હોય છે. એ સીસોળિયાં પેસી ગયા પછી તરત જો ખેંચી કાઢવામાં ન આવે તો માંસમાં તે બહુ જ ઉંડાં ઉતરતાં જાય છે અને ઘાયલ પ્રાણીનું મૃત્યુ થાય છે.

હવે અમે સમજ્યા કે શેળો શા માટે બીને નાઠો. એ દડો બની જાય તો પણ સીસોળિયું લાંબું હોવાથી તેના શરીરમાં તો પેસી જ જાય ને તીરની પેઠે આરપાર નીકળી તેનો જાન લે. આ રીતે શાહુડી શેળા કરતાં વધારે ભયંકર અને જોરાવર છે.

અમે તો હજુ કુતૂહલથી ઉભા જ હતા, એવામાં અમારો સાથી એક લાંબી કડિયાળી લાકડી લઈ આવ્યો અને લપાતો લપાતો પોતાના પગના ફણા ઉપર ચાલતો ચાલતો પાસે ગયો. શાહુડીનું ધ્યાન એના તરફ નહોતું. લાગ જોઇ તેણે શાહુડીના મોઢા ઉપર લાકડી ફટકારી. થઇ રહ્યું! મોટા વાઘ સરખાને પણ પોતાનાં સીસોળિયાંથી જેર કરનારી શાહુડીના શરીરનો નબળામાં નબળો ભાગ તેનું મોં અને માથું છે. તેનો એ બહુ બચાવ કરે છે. અમારા સાથીએ બરાબર મોઢા ઉપર લાકડી મારી. ઘા એટલો ભારે નહોતો, છતાં એ નીચે ઢળી પડી અને મરણ પામી. પછી અમે એની પાસે જઇ નીરાંતે નીરખીને જોઈ અને અમારા સાથીએ એને વિષે ઘણી હકીકતો કહી.

શાહુડી એક સાથે ચાર બચ્ચાંને જન્મ આપે છે, પણ તે બધાં જન્મથી જ દેખતાં હોય છે. એટલો શેળા અને શાહુડી વચ્ચે ફેર છે. અમે તો અમારા સાથીની વાતો જેમજેમ સાંભળતા જતા તેમતેમ અમારાં કુતૂહલ, સાહસ અને એવા અખતરા કરવાની હામ વધારે ને વધારે વધતાં જતાં હતાં.

ધીમેધીમે ઉનાળો આવી પહોંચ્યો. અમે હવે તદ્દન નવરા હતા. પાકની મોસમ ઉતરી ગઇ હતી. હવે તો ફક્ત કેરીઓના રક્ષણ સિવાય બીજો ધંધો ન હતો એટલે અમે આંબા નીચે પડ્યા રહેતા. અમે સૌ મિત્રો ખાટલા પર બેસી વાર્તાઓ કહેતા હત અને શેળો તથા ટીપુ આમતેમ ફરતા હતા. શેળાનો મુખ્ય ખોરાક નાનાં જીવજંતુ, પણ કોઇકોઇ વખત એને અટકચાળાં કરવાનું મન થઇ જાય ખરૂં. અમે બેઠા હતા ત્યાં એક ખીસકોલી ફરતી હતી. તેના પર શેળાએ તરાપ મારી. પરંતુ ખીસકોલી તો બહુ ચંચળ એ તો પુંછડી માથે અડાડીને દોટ મુકી સડસડાટ ઝાડ પર ચડી ગઈ ને શેળા ભાઇ પાછળ તાકતા બેસી રહ્યા; કેમકે ઝાડે ચડવાની તેનામાં શક્તિ નથી.

એવામાં એની નજર દૂર એક આંબાના ઝાડના થડ ઉપર ગઇ. મોટા સસલા જેવા જનાવરને આખાં ને આખાં ગળી જાય અને પછી ઝાડના થડ સાથે વીંટળાઈ ભરડો લઇ તેના અંગ–ઉપાંગના ભુકા કરી નાખે એવો એક અજગર ઝાડ ઉપરથી પક્ષીઓનાં ઇંડાં ચોરી ખાઇ જઇ નીચે ઉતરતો હતો. સાપ અને અજગરને દીઠા ન મુકે એ શેળાની દાઢ સળવળી ને એ તો તરત ત્યાં દોડી પહોંચ્યો. પરંતુ અજગર અને સાપને મારવામાં બહુ ફેર હોય છે. સાપને મારવા માટે તેની પુંછડી મોઢામાં લઇને તે પડ્યો રહે છે; પણ અજગરને એમ કરતો નથી. અજગરને તે ગરદન ઉપર દાંત બેસાડી દડો થઇ જાય છે, અને ગુસ્સે થએલો અજગર તે ઉપર પોતાનું મોઢું પછાડે છે. એમ બેત્રણ વખત કરે એટલે અજગર શક્તિહીન થઇ જાય છે. જોકે એટલો વખત સુધી શેળાને પણ એ જોરદાર પ્રાણીના પછાડા સહન કરવા પડે છે. અંતે અજગર મરી જાય છે. એના કાંટાને લીધે એને ગળી જવાની અજગરની હીમત ચાલતી નથી. અમારી નજર આગળ આ રીતે જોતજોતાંમાં એણે અજગર જેવાનો જીવ લીધો. તે જોઇ અમને એનાથી ચેતતા રહેવાની ઇચ્છા થઈ. પણ એ અમારી ભુલ હતી. માણસ પાસે એનું કશું જોર ચાલતું નથી.

અમારા ખેતરની આસપાસ અમે કોઇ જાતની દુર્ગંધ થવા દેતા નહિ. પણ એક દિવસ અમે બધા રખડતા હતા, તેવામાં પવનની ફટકી સાથે એવી દુર્ગંધ આવવા લાગી કે અમારાં માથાં ફરી ગયાં અને

(અનુસંધાન આગળ પાન ૪૪૮મે)

જગતમાંથી યુદ્ધની જ્વાળાઓ નાબુદ કરી પ્રેમ અને શાંતિ સ્થાપવા એકઠા મળેલા દુનિયાભરના ઉગતી પ્રજાના પ્રતિનિધિઓની

જગત યુવક શાંતિ પરિષદ

છેલ્લા વિશ્વયુદ્ધથી અસ્પૃશ્ય રહેલા અને શાંતિપ્રિય હોલાંડની સરહદમાં ઑગસ્ટની શરૂઆતમાં દાખલ થયો ત્યારે એ જગત–પરિષદોમાં હાજરી આપી પ્રેરણાના ભંડાર ભરી પાછા ફરવાની મારી મહત્ત્વાકાંક્ષા હતી. ગયા ઉનાળામાં સ્વિટ્ઝર્લાંડમાં એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં હાજર રહેલો હોવાથી આ વખતે આંતરરાષ્ટ્રીયતાનો ખ્યાલ તો મારી જિજ્ઞાસાને સતેજ નહોતો કરતો; પરંતુ જે બે પરિષદોમાં હું હાજર રહેવા ઇચ્છતો હતો તેમાંની પહેલી તારક પરિષદ એના અતીવ બહોળા વિસ્તારને કારણે જ નહિ, પરંતુ જગતગુરુના સાંનિધ્યનો દાવો કરતી હોઈ મને પોતાના તરફ ખેંચતી હતી; જ્યારે બીજી જગત–યુવક–શાંતિ પરિષદ જગતના યૌવનના પ્રતિનિધિત્વની વિશિષ્ટતા ધરાવનાર પહેલી જ પરિષદ હોવાથી મને ખાસ આકર્ષતી હતી. તારક પરિષદ સંબંધે તો હું વિશેષ લખવા નથી ઇચ્છતો, કારણકે એમાં મતાંતરને પુષ્કળ અવકાશ છે. પરંતુ યુવક પરિષદનો ખ્યાલ તો મારે ‘ કુમાર ’ દ્વારા ગુજરાતના યુવકોને આપવો જ જોઇએ.

તા. ૨૭ ઑગસ્ટને દિવસે ત્સ્વોલે સ્ટેશનથી ઓમન તરફ દોડતી એકેક ડબ્બાની મોટરગાડીમાં તારકસંઘના સભ્યો સિવાય બીજું કોણ હોય ? ઓમન પોતે તો નાનકડું ગામડું છે. પણ એનાથી બે માઇલ દૂર વિશાળ જંગલ પડ્યું છે. એ જાગીર તારકસંઘને ભેટ મળી છે. ત્યાં એક તંબુનગર વસેલું. એમાં રસ્તો ન ભુલે તે માટે દરેક સભ્યને એનો નકશો મળતો. સાઠેક માણસની વચ્ચે સહિયારા મળેલા તંબુમાં મારો સામાન મુકી મેં નીરાંતે આખું તંબુનગર જોઈ નાખ્યું. વ્યવસ્થા છક કરે તેવી હતી. નહાવા અને જાજરૂનો પ્રબંધ કોઇ સુંદર હૉટેલની સાથે હરીફાઇ કરે તેવો હતો. પોસ્ટ ઑફિસ, પ્રેસ, દવાખાનું, બૅંક, પોલિસ (અમારી) ચોકી, રેસ્ટોરાં, ચોપડીઓ ફોટા અને અન્ય આવશ્યક વસ્તુની દુકાનો ઇત્યાદિ શહેરની સગવડો પણ અહીં હતી. અક્ષરશઃ જંગલમાં મંગળ થએલું. અને એ જંગલ પણ કેવું શાંત અને ગંભીર હતું ! વાતાવરણ તો ખરેખર કોઇ આશ્રમ સમું જામ્યું હતું. પરંતુ સંખ્યા તો ધીમેધીમે વધ્યે જ જતી હતી. એ અસામયિક અને કડકડતી ઠંડીમાં એકેક ધાબળી નીચે ટૂંટિયાં વાળી નિદ્રાદેવીના આશ્રય માટે કરગરી રહેલાઓને રાત્રે મોડા આવનારનું આગમન કેવું આવકારદાયક લાગતું હશે એ તો કલ્પી શકાશે. એકંદર સંખ્યા બે હજાર આઠસો જેટલી થઈ હતી.

સૂર્યમાળાના સર્વ ગ્રહો એક પણ અપવાદ સિવાય જેમ સૂર્યદેવ ફરતા ફર્યા કરે, એમ અહીં આ સૂર્યમાળાના સૂર્યદેવ કૃષ્ણમૂર્તિ હતા અને એમની આસપાસ બધું ફરી રહ્યું હતું. ડૉ. બેસંટ, શ્રી લેડબીટર તથા શ્રી જીનરાજદાસ જેવાઓની ગેરહાજરીમાં કૃષ્ણમૂર્તિનું સંપૂર્ણ શુદ્ધ વ્યક્તિત્વ આ પરિષદમાં ઝળકશે એ વિચારે ઘણા રાચતા હતા. અહીં એકત્રિત થએલાઓમાંના કેટલાક કૃષ્ણમૂર્તિ એટલે પ્રભુ, એમનો શબ્દ એટલે સત્ય એમ જ માનતા હતા; કેટલાક કેવળ જિજ્ઞાસાવૃત્તિથી જ આવ્યા જણાતા હતા; જ્યારે બીજા કેટલાકની મનોવૃત્તિ એવી જણાતી હતી કે આવા રમ્ય સ્થળમાં ઉનાળાની રજાઓનું એક અઠવાડિયું ગાળવું એ પણ લ્હાવો જ છે.

આ અઠવાડિયામાં કૃષ્ણમૂર્તિએ એક ખાસ સંદેશ પરિષદને આપ્યો ને તે બહુ જ સચોટ અને અસરકારક શબ્દોમાં, કે દરેકે સત્ય જાતે જ શોધવું પડશે. અન્ય કોઇની મદદની—મારી પણ—આશા રાખવી એ ભુલ છે. તમારાં દેવદેવીઓને, તમારા ધર્મોને, તમારા કર્મકાંડોને—બધાંને ફેંકી દો; એ તમારા વિકાસને રૂંધે છે; ભૂતકાળને ભુલી જાઓ અને ભાવિને વર્તમાન બનાવો; ઈત્યાદિ. એમના વ્યક્તિત્વની ઉંડી છાપ પડતી હોવા છતાં એમના ઉપદેશને જીવનમાં ઉતારવા એમના તરફ મીટ માંડનાર મુંઝાતો. એમના શબ્દોની સહૃદયતાની શંકા કોઇ નહોતું કરી શકતું, છતાં દરરોજ સાંજે અગ્નિ પ્રકટાવવાનો વિધિ કરતા એમને જોઈ વિચારક ગુંચવણમાં પડતો. એમની મહત્તાને આ-


શંકાથી પર ગણવા પ્રેરાતો, છતાં જિજ્ઞાસુ એમનાં કથનોની દિનપ્રતિદિન ચાલી આવતી પુનરૂક્તિઓથી નિરાશ થતો. એમનું કાર્ય એમને જગતગુરૂપદે સ્થાપવા જેટલું પ્રતિભાશાળી છે કે કેમ એ વ્યક્તિગત પ્રશ્ન છે; એટલે આ વિષયને અહીં બંધ કરતાં પહેલાં એક રમુજી વાત લખી લઉં. આપણે સાધારણ રીતે યૂરોપને વધારેપડતાં માન અને મહત્તા, જ્ઞાન અને સંસ્કારિતા આપી દઇએ છીએ એમ આ વખતની બંને પરિષદોએ મને બતાવ્યું. તારક પરિષદમાં હાજર રહેનાર કેટલીક બહેનોએ તો કૃષ્ણમૂર્તિ પ્રત્યેની પોતાની શ્રદ્ધાને પરાકાષ્ઠાએ પહોંચાડેલી. તંબુનગરની નજીક એક નાનકડી ટેકરી પર (મોટી ટેકરી તો હોલાંડ આખામાં ક્યાં યે નથી જડતી) કૃષ્ણમૂર્તિએ સ્વહસ્તે તારકના રૂપમાં પત્થરો ગોઠવ્યા છે. આ તારકમાંથી કોઈ અદ્દભુત પ્રભાવશાળી કિરણો નીકળતાં હોવાં જોઇએ એમ માની, એના પ્રભાવવડે વિકાસ સાધવાની ઈચ્છાથી પોતાની ઘડિયાળ, વીંટી ઇત્યાદિ એ તારક પર મુકી એ દ્વારા એ કિરણોને ઝીલવાનો પ્રયત્ન કરતી બહેનોને મેં જાતે જોઈ છે !

તારક પરિષદ પુરી થયા પછી અઠવાડિયું બહાર ફરી આવી ૧૭મીએ હું પાછો એ જ તંબુનગરમાં જગત-યુવક-શાંતિ-પરિષદમાં હાજરી આપવા આવ્યો. અઠવાડિયા પહેલાં જે અઢી હજારની વસ્તીવાળું શહેર હતું તે આજે છસોએક માણસની વસ્તીવાળું ગામડું બની ગયું હતું. સગવડો તો બધી એની એ જ હતી, પરંતુ વાતાવરણમાં ખાસ ફેરફાર જણાતો. પહેલાં બધું કૃષ્ણમૂર્તિની આસપાસ ફરતું હતું, ત્યારે અત્યારે 'હું યે કાંઇક છું અને મારે પણ કાંઇક કહેવાનું છે' એવું આત્મભાન દરેક ચહેરા પર ઝળકતું હતું. સાંજે પહેલી જ સભા ભરાઇ તે પહેલાં જર્મન પ્રતિનિધિમંડળ બેત્રણ વખત મળી કાંઇક ગંભીર ચર્ચા કરી રહ્યું હતું. આથી જેમને પરિસ્થિતિનો ખ્યાલ ન હતો તેઓ પણ પરિષદને માથે ઝઝુમી રહેલા ભયની આશંકા કરી શક્યા.

સભામંડપમાં દાખલ થતાં જ બે સુંદર સૂત્રો દૃષ્ટિને આકર્ષતાં હતાં: (૧) War is hell but we needn't get there અને (૨) Youth must lead. એ સૂત્રો પરત્વે લખતાં અત્યારે કહી શકું કે એ ભલે પરિષદની શક્તિનું નહિ તોપ વ્યવસ્થાપકોની વૃત્તિનું તો જરૂર પ્રદર્શન કરતાં હત

રશિયાના યુવકોને મળી ખુલ્લા દિલે એમની સા ગુફતેગો કરવાનો વિચાર ઘણાને મન ભારે મહત્વ હતો. ત્યાં તો સ્વાગતના પ્રમુખના શિષ્ટાચાર પછી રશિયન પ્રતિનિધિઓને જર્મન તેમ જ ડચ રાજ તરફથી હદપ્રવેશની મના થયાની વાત બહાર આવી સભામાં ભારે ખળભળાટ મચ્યો અને અન્ય દેશો માંથી આવેલા કૅામ્યુનિસ્ટો તો રાતાપીળા થવા માંડ્યા આમ 'પહેલે કોળિયે જ માખી' આવી અને વિષ ગંભીર સ્વરૂપ લીધું.

બીજે દહાડે જર્મનોએ ડચ તેમ જ જર્મન રાજ્યે સામે વિરોધનો ઠરાવ લાવી પોતાની સહૃદતાની સાબિત આપી; પરંતુ હોલાંડમાં પ્રથમ યુવક પરિષદનાં ગણેશ મંડાતા હોય ત્યાં જ ડચ રાજ્યના આ પગલા સામે વિરોધ કરવામાં સંચાલકોને ડહાપણ ન લાગ્યું. ચર્ચા ઠીક જામી અને કઠોર વાગ્યુદ્ધ ચાલ્યું. ત્યાં અમેરિકન પ્રતિનિધિ મંડળ તરફથી પ્રો. મૅથ્યુસ જે રશિયા થઇને આવતા હતા તેમણે, સોવીએટ રશિયાએ ટૉલ્સ્ટૉય પંથના અમુક યુવકોને આ પરિષદમાં આવવા માટે પાસની મંજુરી નહિ આપ્યાની વાત સભા પાસે મુકી. પરિણામે, જે ઠરાવ કરવો તેમાં રશિયાનો પણ સમાવેશ કરવાનો સુધારો આવ્યો. કૅામ્યુનિસ્ટો તરતજ એના ઉપર તુટી પડ્યા અને હકીકતની સત્યતાના પુરાવા માગ્યા. પરિસ્થિતિ એવી નાજુક થઇ ગઇ કે ડહાપણથી કામ લેવામાં ન આવે તો વળતે દહાડે સૌએ ઘર તરફનો રસ્તો લેવાનો જ રહે. ડચ પ્રતિનિધિ મંડળે સમયસૂચકતા વાપરી એક સુધારો રજુ કર્યો અને તેમાં જર્મન તથા ડચ રાજ્યોના આ પગલા સામે તેમ જ અન્ય જે રાજ્યો શાંતિ માટે મથતા યુવકોના સ્વાતંત્ર્યને દાબી દેતાં હોય તેમની સૌની સામે વિરોધ જાહેર કર્યો. આ સુધારો પસાર થયા પછી શાંતિથી કામ આગળ ચાલશે એમ માનનાર દરેકને, બે જર્મન યુવક મંડળોના પાંચ પ્રતિનિધિઓનાં રાજીનામાંથી ભારે આશ્ચર્ય લાગ્યું. એમણે ખુલાસો કર્યો કે 'ગયે વર્ષે ફ્રૅાઇસબુર્ગમાં આ પરિષદ ભરવાના મુદ્દા ચર્ચા ત્યારે એમ ઠરાવવામાં આવ્યું હતું કે રશિયનોને દૂર રાખીને પરિષદ ન જ ભરવી; અને એ



હોલાંડમાં ઓમેન પાસેના જંગલમાં મળેલી જગત-યુવક-પરિષદના દુનિયાભરના દેશદેશના પ્રતિનિધિઓ. આગલી જ હારમાં જમણી બાજુએ છેલ્લે બેઠેલા બંને જણ અનુક્રમે ભાઇ લવજી થોરિયા તથા જીતેન્દ્ર મહેતા ગુજરાતના પ્રતિનિધિઓ છે.

મહત્ત્વના મુદ્દાનો આ પરિષદ ભંગ કરતી હોવાથી દિલગીરી સાથે અમારે જુદાં પડવું પડે છે.' બાકીના બધા જર્મનો તો રહ્યા અને એમના નેતાએ ખુલાસો કર્યો કે પરિષદની કાર્યવાહી રશિયનોને મના નથી કરતી, એટલું જ નહિ પરંતુ એમની ગેરહાજરી માટે દિલગીર છે. એમને દૂર રાખનાર તો યુવકોની સત્તાથી પર એવાં રાજકીય મંડળો છે. આમ હોઈ રશિયનોની ગેરહાજરીને કારણે પરિષદમાં ભંગાણ પાડવું ઉચિત ન ગણાય. છતાં એ તો થયું જ. શૂળીનું વિઘ્ન કાંટે ગયું, પરંતુ કાંટો વાગવા જેટલાં અપશુકન તો થયાં જ. એ ગરમાગરમ ચર્ચા દરમિયાન બ્રિટિશ-યુવક-સંઘના ચાલક મંત્રી મિ. હૅરોલ્ડ ગ્રિંગે સભાપતિ તરીકે જે કુનેહથી કામ લીધું એની ઉણપ રહી હોત તો ભાગ્યેજ પરિષદ ભરી શકાઇ હોત. અંતે રાત્રે અગિયાર વાગ્યે પાંચ જર્મનોના નિશ્ચયથી દુઃખાતા દિલે સૌ બિછાનામાં પડ્યા. આજે રાતના બારથી ચાર સુધી ચોકી કરવાનું મેં તથા ભાઇ જીતેન્દ્ર મહેતાએ માથે લીધું હતું, એટલે અમે જોઇ શક્યા કે આ બનાવે જર્મનોને એટલા હતાશ બનાવી દીધા હતા કે કેટલાકે તો જંગલની શાંતિ પાસેથી આશ્વાસન મેળવવા આમ-તેમ આંટા મારવામાં જ રાત વીતાવી હતી. એકંદરે આખી પરિષદ દરમિયાન મારા પર એવી છાપ પડી કે જર્મનોને શાંતિનો પ્રશ્ન ખાસ હૈયે વળગ્યો હતો અને પરિષદની દિનપ્રતિદિન સ્પષ્ટતર થતી નિષ્ફળતાએ એમને નિરાશ કર્યા હતા.

રવિવાર તો રજાનો દહાડો ! આજે **open air theatre** ભજવાયું. તારક પરિષદ દરમિયાન પણ અત્યારની માફક એક જુનું ગ્રીક નાટક ભજવાએલું. પરંતુ એ વખતે વપરાએલા **masks**, બોલનારનો અવાજ જાણે કોઇ ગુઢ અદૃશ્ય સ્થાનેથી આવતો હોય એવો ભાસ કરાવી પ્રેક્ષકની દૃષ્ટિએ કળાની ખામી બતાવતા હતા. આ જાતનાં નાટકો આપણે

ત્યાં ખુલ્લામાં બહુ સુંદર રીતે ભજવી શકાય. સાંજે સંગીત અને અગ્નિપ્રકટન હતાં.

શુક્રવારે આવેલા અમે સોમવારે પરિષદના કાર્યનો પ્રારંભ કર્યો. કાર્યપ્રણાલિનો પણ અહીં ટુંકામાં ખ્યાલ આપી દઉં. પ્રશ્નની વિકટતા અને એના વિસ્તારનો વિચાર કરી સરળતાથી કામ કરવા માટે છ સમિતિઓ નીમવાનું ઠરાવવામાં આવ્યું હતું. હાજર રહેલ દરેક સભ્ય પોતાને જે સમિતિમાં રસ હોય તેમાં જોડાવાને સ્વતંત્ર હતો. અમે એકઠા થઇ હિંદીઓની નીચે મુજબ વહેંચણી કરી નાખી હતી:

(૧) અર્થશાસ્ત્રસમિતિ	(૧) સન્યાલ [બંગાળ]
(૨) રાજનીતિ ,,	(૨) ગુહા [બંગાળ] (૩) થોરિયા [ગુજરાત]
(૩) ધર્મ અને નીતિ ,,	(૪) રાવ [આંધ્રથી ખાસ પરિષદ માટે આવેલા] (૫) સિંહા [મદ્રાસ]
(૪) કેળવણી ,,	(૬) શ્રીમતી બહેન હઠીસીંગ [ગુજરાત] (૭) સેનગુપ્તા [બંગાળ] (૮) રૉય [બંગાળ]
(૫) જાતિ(Races) ,,	(૯) સિદ્દીકી [નિઝામ હૈદરાબાદ]
(૬) નાના સમૂહ (Minorities) ,,	(૧૦) મહેતા [ગુજરાત]


દરેક સમિતિએ ગુરુવાર સુધીમાં પોતાનું કામ ખતમ કરવાનું હતું. જગત-શાંતિ-સ્થાપનમાં ત્વરિત ગતિએ આગળ ધપવા માટે શા ફેરફારો કરવા ઘટે એનો દરેક સમિતિએ પોતાના દૃષ્ટિબિંદુથી વિચાર કરવાનો હતો, અને છેલ્લા બે દિવસ દરમિયાન ચર્ચાને અંતે આવેલું પરિણામ સમિતિઓના મંત્રીઓએ પરિષદની જાહેર સભા સમક્ષ મુકી એની મંજુરી લેવાની હતી. એ પ્રત્યે ઉપરોક્ત જાહેર સભા જે અંતિમ વલણ બતાવે તે જગત સમક્ષ પરિષદના દૃષ્ટિબિંદુ તરીકે ધરવામાં આવે. આ, પરિષદની કાર્યપદ્ધતિની આછી રૂપરેખા. એની વધારે વિગતોમાં ઉતરવું અસ્થાને છે.

આમ જોતાં પરિષદ રૂપી દેહનો આત્મા સમિતિઓમાં જ હોય એ સ્પષ્ટ છે. એમાં જે કાર્ય થાય તેના પર જ પરિષદના દૃષ્ટિબિંદુનો, એની સફળતા કે નિષ્ફળતાનો આધાર હતો. એટલે જેઓ પોતાના મત પરિષદ પાસે સ્વીકારાવવા ઉપરનીચે થઇ રહ્યા હતા તેમણે નિબંધોની વહેંચણી દ્વારા પોતાનો પક્ષ સબળ કરવાના પ્રયત્નો આદર્યા. કૉમ્યુનિસ્ટોની નિબંધમાળાનું કદ સૌથી ચડિયાતું હતું, અને આપણે ત્યાં જેમ કેટલાક વૈદરાજો 'વ્યાધિ અનેક પણ ઔષધ એક'નો દાવો કરે છે તેમ એમની દૃષ્ટિ સારી આલમની સર્વ આપદાને વિદારવાનો એક જ ઉપાય જોતી, અને તે બોલ્શેવિઝમ. રશિયાના પ્રતિનિધિઓની ગેરહાજરીને લીધે અન્ય પ્રતિનિધિઓનું સામાન્ય વલણ, હાજર રહેલા કૉમ્યુનિસ્ટોને બની શકે તેટલો વધારે સમય એમના મતપ્રદર્શન માટે આપી ન્યાયી બનવાનું જણાતું હતું. પરિણામે સમિતિઓનો પુષ્કળ સમય એમણે જ વાપરી ખાધો. જરા યે અતિશયોક્તિ વિના કહી શકું કે કામ કરવાના સમયનો લગભગ એક તૃતિયાંશ એમને મળેલો. છતાં પરિષદની શરૂઆતમાં જેમને કૉમ્યુનિસ્ટો તરફ સદ્ભાવ અથવા ઉદાસીનવૃત્તિ હતી તેમાંના ઘણાને પરિષદને અંતે એમના તરફ ઘૃણા ઉત્પન્ન થઇ. લગભગ દરેકે જ્યારે પોતાની ભુલો સુધારવાની નહિ તો છેવટ સ્વીકારવા જેટલી ન્યાયવૃત્તિ બતાવી ત્યારે કૉમ્યુનિસ્ટો તો બોલ્શેવિક રશિયા જાણે અવનિ પરનું સ્વર્ગ ન હોય એમ જ મનાવવાને મથી રહ્યા હતા. બીજાઓ જ્યારે દરેક પ્રશ્નને ચર્ચી એમાંથી સત્ય શોધવા પ્રયત્ન કરતા ત્યારે કૉમ્યુનિસ્ટોને તો પોતાનો પરિષદ સાથેનો સંબંધ પોતાનું મંતવ્ય સ્વીકારાવવા પુરતો જ લાગતો. શાંતિ સ્થાપવા એકઠા થએલા કૉમ્યુનિસ્ટો એમ કહે કે ગાંધીજી એમના અહિંસાવાદ દ્વારા સામ્રાજ્યવાદની સેવા કરી રહ્યા છે, અને એક વખત ભયંકર લડાઇ કરી સામ્રાજ્યવાદીઓ અને મુડીવાદીઓને દાબી દીધા વિના વિશ્વમાં શાંતિ સ્થાપવાની વાતો આત્મવંચના જ છે ત્યારે તો બીજાઓ એમની સહૃદયતા તરફ શંકા કરવા કેમ ન પ્રેરાય? આ લખીને મારો હેતુ બોલ્શેવિઝમ તરફ ભક્તિભાવથી આકર્ષાતા યુવકોનું ધ્યાન ઢાલની બીજી બાજુ તરફ ખેંચવાનો છે. બોલ્શેવિઝમ દુનિયાનું ગુંચભર્યું કોકડું નથી ઉકેલી શક્યું, અને દિનપ્રતિદિન સ્પષ્ટતર થતું જાય છે કે તે નથી ઉકેલી શકવાનું. એ ઉકેલવા માટે તો કાંતણના ઉસ્તાદના

અહિંસાવાદની જ જરૂર પડશે.

સમયનો એક તૃતિયાંશ કૅામ્યુનિસ્ટોએ ઉડાવ્યા પછી બીજો તૃતિયાંશ પાર્લામેન્ટની પ્રણાલિકાના પુજકોએ 'પૅાઈન્ટ ઑાફ ઑાર્ડરો' ઉઠાવીને એમની એ વ્યવસ્થા દેવીની આરાધનામાં વેડફ્યો. વૃદ્ધો કે વડીલોની કાર્યપદ્ધતિથી કંટાળી જાતે જ કાંઇક કરી બતાવવાના અભિલાષધારી યુવકો, અમેરિકાની સેનેટ કે ઈંગ્લંડની પાર્લામેન્ટના કાયદાઓને આધારે અહીંતહીં બારીકીઓ શોધી, હજારોના ભોગે મેળવેલા આ કીમતી સમયને પોતાની કાયદાગીરી બતાવવામાં ખરચી નાખે એ પણ Paradox નહિ તો બીજું શું? આ ફળહીન ચર્ચાઓ ચાલતી ત્યારે અનેક વખત મને લાગેલું કે હિંદના યુવકો કાયદાની જાળમાં આટલી હદ સુધી નથી ફસાયા એટલા તેઓ ભાગ્યશાળી છે.

હવે બાકીના એક તૃતિયાંશમાં શું થયું એ જોઇએ. આંતરરાષ્ટ્રીય પરિષદોમાં ભાષાની મુશ્કેલી અસહ્ય છે. એસ્પેરાન્ટો અતિશય સરળ અને થોડાં અઠવાડિયાંમાં જ શીખી શકાય તેવી ભાષા હોઇ એનો આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે સ્વીકાર કરવામાં આવે તો એક મહાન પ્રગતિ થઇ ગણાય, અને સંચાલકોએ એ તરફ ધ્યાન ખેંચી એ ભાષા પર કાબુ મેળવી લેવા વિનંતિ પણ કરેલી. છતાં એસ્પેરાન્ટો સમજનારની સંખ્યા એટલી જુજ હતી કે અંગ્રેજી, જર્મન અને ફ્રેંચ તરજુમાની જુનીપુરાણી પદ્ધતિનો આશ્રય લીધા વિના ન જ ચલાવી શકાયું. ફ્રેંચ પ્રતિનિધિઓ એટલી ઓછી સંખ્યામાં હાજર હતા કે ફ્રેંચ તરજુમા વિના ઘણી વાર ચલાવી લેવાયું એટલું સદ્‌ભાગ્ય. તરજુમામાં પણ કેટલીક વખત ભારે મજાક થતી. અમેરિકનના ભાષણનો અંગ્રેજી તરજુમો માગનારા પણ કોઇ નીકળી આવતા! એક ચીનાએ ફ્રેંચ વાંચ્યું એમાંથી લગભગ કશું જ ન સમજ્યાની ફ્રેંચ લોકોએ ફરિયાદ કરી! આ વાતને જવા દઇ તરજુમાની વાત ધ્યાનમાં લઇ સમયના વિભાગીકરણને આગળ લંબાવીએ તો એમ કહી શકાય કે મુદ્દાસરની ચર્ચાને માટે તો સમિતિ પાસે કામના સમયનો કેવળ છઠ્ઠો ભાગ જ રહ્યો! અને બોલવાની હોંશ તો કોને ન હોય? સમિતિના પ્રમુખ પાસે વક્તાઓની લાંબી નામાવલિ એકઠી થતી. વળી જ્યાં સૌ સરખા હોય ત્યાં ના



જગત યુવક પરિષદમાં ગુજરાતના પ્રતિનિધિઓ: જમણી બાજુએથી જીતેન્દ્ર મહેતા, લવજી થોરિયા, શ્રીમતી હઠીસિંગ ડાબી બાજુએ પહેલા ઉભેલાં બંગાળના શ્રી સન્યાલ છે.

પણ કોને કહેવાય? પરિણામે, નિયમ તરીકે દરેક વક્તાને પાંચ મિનિટ, અને સમિતિની ખાસ મંજુરીથી વધારે સમય મળતો. એક વ્યક્તિની દલીલો પાછળથી બોલનારે તોડી પાડી હોય તોપણ એને પોતાના કથનનું સમર્થન કરવાનો સમય ક્યાંથી જ મળવાનો હોય? આ સ્થિતિમાં સમયને અભાવે સમિતિઓ પોતાની ફરજ—કહો કે વેઠ—બજાવવા પુરતું જ કરી શકે એ સ્પષ્ટ છે. આમ, સમિતિઓનું કામ પતાવી હવે આપણે જાહેર સભામાં પહોંચીએ.

અહીં તો શરૂઆતમાં જ એક મહાન પ્રશ્ન ઉપસ્થિત થયો કે સમિતિના કાર્યના ચાળણ રૂપે આપણી પાસે જે ઠરાવો મુકવામાં આવે છે તેના ઉપર મત લેવા કે નહિ. ગરમાગરમ ચર્ચાને અંતે મત ન લેવાનો ઠરાવ બહુમતિથી પસાર થયો; કારણકે મત લેવાનો નિર્ણય થાય તો ઠરાવની તરફ અને વિરૂદ્ધમાં બોલનારાઓને છુટ આપવી જોઇએ, અને સુધારાઓની જે પરંપરા ચાલી આવે તે સહન કરવા જેટલું ધૈર્ય બતાવવું જોઇએ. સવારનો લગભગ બધો સમય આ એક નિર્ણય કરવા માટે અમે વાપરી નાખ્યો; છતાં સાંજની સભામાં કોઇએ અસરકારક રીતે પોતાનો પક્ષ રજુ કરતાં કહ્યું કે મત લીધા વિના તમે સૌ ઘેર જઇ તમને અહીં મોકલનારાઓને શો જવાબ આપી શકશો? કે આવ્યા એવા જ પાછા જવું છે?

સભા ફરી ડામાડોળ થઇ બીજી બાજુ ખેંચાઇ ગઇ અને ઠરાવ પર મત લેવાનો ઠરાવ કર્યો.

પછી તો સમિતિઓના ઠરાવો પર સુધારાનો પ્રવાહ છુટે તેમાં આશ્ચર્ય શું? કૉમ્યુનિસ્ટ કૉમરેડોને તો આ બહુ ભાવી ગયું અને પોતાના નિબંધમાં રજુ કરેલા ઠરાવો પર મત લેવાની માગણી કરી. બીજે દહાડે સવારે વળી મત ન લેવાની દરખાસ્ત મુકનારે પરિસ્થિતિની ગંભીરતા સમજાવી કે આ રીતે કામ લેવા ઇચ્છશો તો બીજું એક અઠવાડિયું વધારે રોકાશો તો યે પતાવી નહિ શકાય. એટલે વળી મત ન લેવાનો ઠરાવ બહુમતિ લઇ ગયો. જગતના યુવકોના પ્રતિનિધિઓએ આમ બે દહાડામાં, ઠરાવો પર મત લેવો કે નહિ એ ઠરાવ પર મત લેતાં ત્રણ વખત પોતાનો મત ફેરવ્યો! યૌવન ચળ છે એ આ રીતે પણ કોઇ સિદ્ધ કરે તો શું ખોટું? અંતે સમિતિઓના અહેવાલ, પરિષદે સમિતિના કાર્ય તરીકે સ્વીકાર્યા અને પરિષદની પૂર્ણાહૂતિ થઇ.

ઉપરના સત્ય તરફ નજર રાખી ન્યાય કરવા બેસીએ તો પરિષદ સફળ થઈ એમ કહેતાં પહેલાં પુષ્કળ વિચાર કરવો પડે. આશ્ચર્યની વાત તો એ હતી (અને જ્યારે મત લેવાનો પવન હતો ત્યારે એની ખાત્રી થઇ) કે એક પણ ઠરાવ સર્વાનુમતે પસાર કરવો એ અશક્ય હતું. શાંતિ પરિષદ અહિંસાવાદના સમર્થનનો કે સામ્રાજ્યવાદના વિરોધનો ઠરાવ પણ સર્વાનુમતે ન કરી શકે ત્યારે તો આટલા મોટા કાર્યને માટે યુવકવર્ગ પકવ છે કે કેમ એની જ શંકા થાય છે; અને આવા પરિષદના પ્રાણ સમા પ્રશ્નો પરત્વે પણ પોતાના મત સાચવી રાખી ઉદાસીનતા બતાવનાર યુવકોની મનોદશા તો ગહન જ જણાય છે. મારા અંગત અભિપ્રાય મુજબ તો, પહેલાં થએલી પ્રતિનિધિત્વ વિનાની આંતરરાષ્ટ્રીય યુવક પરિષદો કરતાં આ પરિષદ કોઇ ખાસ વિશિષ્ટતા બતાવી શકી નથી; એટલું જ નહિ પરંતુ આ સંસ્થાને સ્થાયી રૂપ આપવાના પ્રયત્નો પણ દુ:ખદ રીતે નિષ્ફળ નીવડયા છે. હા, એની તરફેણમાં સામાન્ય રીતે એટલું કહી શકાય કે એણે આ બે વાતો વધારે સ્પષ્ટ કરી કે (૧) સામ્રાજયવાદી પ્રજાઓનો યુવકવર્ગ પણ સામ્રાજ્યવાદના દોષ જોઇ એનાથી અલગ થઇ જવા ઇચ્છે છે; અને (૨) દુનિયાના યુવકો લડાઇને દફનાવી શાંતિ સ્થાપવાના અભિલાષ ધરાવે છે. પરંતુ ભલે કટુ છતાં સત્ય એવું ત્રીજું અનુમાન પણ એમાંથી કાઢવું પડે છે કે એ અભિલાષોને મૂર્તિમંત કરવા માટે આવશ્યક ધગશ યુવકવર્ગમાં આજે નથી.

શ્રી રાજેન્દ્રબાબુ પણ બે દહાડા આ પરિષદમાં હાજરી આપવા આવેલા. એમની દ્વારા મહાત્માજીએ એક તાર મોકલ્યો હતો કે 'દુનિયા શાંતિ અને સત્યને અપનાવશે કે યુદ્ધ અને અસત્યને, તેનો આધાર યુવકો પર છે.' મારી દૃષ્ટિએ એમનો આ તાર સંદેશ નથી પરંતુ પ્રશ્ન છે અને એ પ્રશ્નનો બેધડક ઉત્તર આપતાં જગત-યુવક-શાંતિ-પરિષદે આંચકો ખાધો છે. પરંતુ જેમ એક વખત પરીક્ષામાં નાસીપાસ થનાર વિદ્યાર્થી નિરાશ નહિ થતાં પુનઃ પ્રયત્ન કરી સફળતા મેળવે છે, તેમ ભાવિમાં કોઇ સાનુકુળ સમયે થનાર બીજી યુવક પરિષદ એના પરીક્ષકને સંતોષકારક ઉત્તર જરૂર આપશે એમ માનવા જેટલો આશાવાદ આપણામાં હોવો ઘટે.

(કાર્લ્સરૂહ: જર્મની) **લવજી થેરિયા**

અથાણું

બાપ—આ નવા વરસને દહાડે તને શી ભેટ આપું?

દીકરો—બાપા મને એક ટેલિફોન અપાવજો.

બાપ—ટેલિફોન? એને વળી શું કરવાનો?

દીકરો—હું તે નિશાળમાં મુકીશ, કે જેથી માસ્તરના સવાલના જવાબ બધા ઘેર બેઠાબેઠા આપી શકું.

ૐ

પોલીસ—એઇ ત્યાં ચોકમાં ઉભા રહીને ગાવાનું નથી.

ગાનાર—આભાર, આપનો આભાર; મોટો ઉપકાર થયો!

પોલીસ—(ચીડાઇને) એટલે? તમે શું કહેવા માગો છો?

ગાનાર— સાહેબ, મને ગાતાં આવડે છે એવું કબુલ કરનાર આપ પહેલા જ માણસ છો.

ૐ

ડૉક્ટર—શેઠ સાહેબ, હું ખાત્રીથી કહું છું કે તમને કાંઇ જ રોગ નથી. માત્ર આરામની જરૂર છે.

શેઠ—જરા મારી જીભ તો તપાસો.

ડૉક્ટર—હં, બરાબર, એને પણ આરામની જ જરૂર છે.

ૐ

મૅજિસ્ટ્રેટ—(કેદીને) તું જાણે છે કે દારૂ પીવાની ટેવથી તારે કેવી ખરાબ સોબતમાં આવવું પડયું છે?

કેદી—જી હા; જુઓને, આપની સામે હું હાજર થયો છું.

રજા



મહીનાઓના મહીનાઓ રાહ જોયા પછી મનમાનતી મહીનાની રજા નિશાળમાં પડી. એ વખતનાં આનંદ ને ઉત્સાહ કંઇ દાબ્યાં દબાય?

બુટ, ટોપી, દફતર, પુસ્તકો અતિ તિરસ્કારપૂર્વક ફેંકી, 'ઓ બા! ઓ ફોઈ!' કરતો હું હર્ષભર્યો એ વધામણી દેવા બા અને ફોઇ રસોડામાં હતાં ત્યાં દોડયો.

'હેં . . . . શું છે? શું થયું?' કહી હાથમાં વેલણ સાથે જ ફોઇ ગભરાતાં ગભરાતાં બહાર નીકળ્યાં.

'ફોઇ, ફોઇ! રજા પડી.' મેં ઉભરો ઠલવ્યો.

'તેમાં આટલો બધો ઘોંઘાટ!' ફોઇ ગુસ્સે થયાં ને હાથમાંના વેલણ સાથે જ બરડા પર વધામણી મળી. 'હું તો બીને જ મરી ગઇ. જાણું કે મુઓ પડી ગયો, કે બલા જાણે થયું શું?'

શુભ મનાતી વૅકેશનની આમ અશુભ શરૂઆત થઇ; પરંતુ રજાના ઉત્સાહમાં ફોઈનાં વેલણો કયાં પડતાં હતાં એ જણાયું નહિ. ફોઇને હાથે આવાં તો અનેક વેલણો અનેકવાર ઝીલવાં પડતાં, તેથી આ નવું પણ ન લાગ્યું.

'શું છે તે રજા પડી?' બાએ પુછયું.

'હોય શું? આ તો મોટી રજા. હવે તો એક મહીનો અને પાંચ દિવસ પછી નિશાળે જવાનું.' મેં હરખાતે હૈયે સમજાવ્યું.

'આય હાય! ભોગ ને મારા!' ફોઇએ નિશ્વાસ નાખ્યો: 'મુઆ માસ્તરો પણ મૂર્ખા કે આવી નકામી રજાઓ આપે છે.' અને માસ્તરોની પણ ખબર લીધી.

'જો, એ!' ફોઇએ પાછો મને લીધો. 'હવે તું જાણે કે ઘરમાં આખો દિવસ ધીંગામસ્તી મચાવે તે નહિ ચાલે, સમજ્યો ને? તમને મુઆઓને તોફાન કરવા ને ઘરમાં બધાને પજવવા માટે રજા નથી મળતી.'

'હા–હા, બહુ સારૂં!' વિના વાંકે મને બહુ સાંભળવું પડતું હતું એટલે મેં ટુંકે પતાવ્યું.

'જો મુઆ, સામે બોલે છે?' ફોઈ તો જાણે ઝગડો કરવાનો નિશ્ચય કરી ચુકયાં હોય તેમ બોલ્યાં: 'તારા બાપે જ તને ચડાવી મુકયો છે; પણ અહીં અમારી પાસે એ નહિં પોસાય.'


હું તો ત્યાં વધુ ન રોકાતાં ચાલ્યો ગયો. ફોઇની જીભને ખોરાક મળ્યો પછી એ અટકે? મને એમની પર ચીડ તો એવી ચડી કે ન પુછો વાત. ઉત્સાહભર્યો હું તો માત્ર રજા મળી એ કહેવા ગયો, તેમાં કેટલું બધું ખમવું પડયું?

થોડી વાર થઇ ત્યાં તો મારા મિત્રો જગુ, બાબુ, કીકો વગેરે આવી પહોંચ્યા અને રમતમાં હું તો ફોઇને ભુલી પણ ગયો. રજાના દિવસોમાં શી શી મજા માણવી એની મસલત કરવા અમારી મંડળી મળી. રોજ સાંજે ક્રિકેટ રમવા ઉપરાંત અઠવાડિયામાં એકબે વાર સેવગાંઠિયાની પાર્ટી ઉડાવવાનું અને ખુમચાવાળા 'લાલા'ને ખટાવવાનું સર્વાનુમતે ઠર્યું. અને તેને અંગે સર્વને કંઇકંઇ કામ પણ સોંપવામાં આવ્યું.

દાખલા તરીકે જગુને ક્રિકેટનો સામાન સાચવવાનું સોંપાયું, કારણકે એનું મકાન અમારા રમવાના મેદાનની પાસે જ હતું. આમળાં, આંબલી, જામફળ વગેરે ખાવા માટે ઘર આગળથી મીઠું લઇ જવાનું મારે ભાગે આવ્યું; અને બાબુને ત્યાંનો નીચેનો ઓરડો અમારી પાર્ટી માટે ઠર્યો, કારણકે હાલ બાબુનાં બા તથા બાપા જાત્રાએ ગયાં હોવાથી ત્યાં અનુકુળતા હતી. બાકી તો રોજ નવો દિવસ, નવી વાતો અને નવીનવી યોજનાઓ યોજાતી.

સવારે જો વરસાદ ન હોય તો અમે ફરવા જતા. આગગાડીનો પાસ અમે સાથે જ રાખતા. વળી જયાં જતા ત્યાં બધા સાથે જ, એટલે વધારે મઝા પડતી. ઘણીવાર આગગાડીમાં દાદરના સ્ટેશન સુધી જતા અને પછી ત્યાંના જી. આઇ. પી.ના પગથિયા વિનાના પુલ ઉપર દોડવાની તથા સરકવાની મોજ ઉડાવી વખતસર ઘેર આવી જતા, એટલે કોઇને ખબર પણ પડતી નહિ. રોજ સાંજે મરીમીઠાનાં પડીકાં હું લઇ જતો, પણ ફોઇ કે બા પડોશીઓ સાથે વાતોના તડાકામાં હોવાથી જાણી શકતાં નહિ એ પણ સુખ હતું. પણ ખરો ત્રાસ તો બપોરે થતો.

ફોઇને રોજ બપોરે ઉંઘવાની ટેવ; કેમ જાણે કે'વાંક કામ કરીને થાકી ગયાં હોય! ઉંઘે તે પણ એક કે બે કલાક નહિ;—બસ ઉંઘ્યા . . . . જ કરે. અને ઉંઘે તો ભલે ઉંઘે; એટલો વખત જાણે એમના ત્રાસમાંથી છુટીએ. પણ નહિ; ફોઇ તો ઉંઘતાં પણ ત્રાસ આપે એવાં વિચિત્ર હતાં.



ફોઇ ઉંઘતાં હોય એ દરમિયાન અમારે મોટે સાદે બોલવું નહિ, ચાલતાં પગનો અવાજ કરવો નહિ, હસવું નહિ વગેરે વગેરે. અને કાન તો એમના એવા કંસારી જેવા, કે અમે ધીમેધીમે વાતો કરીએ તોપણ એમને ખલલ પહોંચે ને અમને ધમકાવી નાખે. આ ત્રાસ નહિ ? વધારે જુલમ તો એ કે સાથે મને પણ ઉંઘવાનું કહેતા. એ બૈરાંઓની જેમ આપણને તે ઉંઘ કેમ આવે ? ન ઉંઘું તો કહેશે કે લેસન કર !

બપોરે તો હું જગુ, રામલાલ વગેરેને મારે ઘેર પાનાં રમવા બોલાવતો. એકલાં એકલાં તો ઘરમાં કંટાળો પણ આવે ને ? પણ એ કંઈ ફોઇ સમજે ? બસ, ઉંઘ કે લેસન કર——એ જ એમની ઢંગધડા વગરની વાત ! હું તો એમના આ જુલમથી ત્રાસી જતો.

રજા પછીનો ત્રીજો દિવસ હતો. રાત્રે અમે બધા ભર ઉંઘમાં હતા. ત્યાં તો 'આય હાય ! મુઓ મોટો જનાવર ! ઓ ભગવાન રે . . . . !' કરતાં ફોઇ સફાળાં ઉઠયાં. અને એમની રીત પ્રમાણે ગભરાટથી ઘર ગજાવી મુકયું. શું છે ? શું છે ? કરતાં થોડી વારમાં તો સૌ જાગી ઉઠયાં.

'હું ઉંઘી ગઇ હતી, ત્યાં મારા પગને અડી કંઇક ઠંડુંઠંડું ને લીસુંલીસું ત્રણચાર વાર ચાલી ગયું. કાંતો મોટી ગુસ હતી, કે ઢેડગીલોડી હતી, અથવા તો રાતે નામ ન દઇએ એ મોટો જનાવર હતો !' સાપ શબ્દ ફોઇ રાતે ન બોલતાં. 'જુઓને, મારો પગ પણ મને જરા સુજેલો લાગે છે.' ફોઇએ ખુલાસો કર્યો.

એ ઠંડું અને લીસું જનાવર ક્યાંથી આવ્યું, કઈ દિશા તરફ પ્રયાણ કરી ગયું વગેરે માહીતી મેળવવા બત્તી તેજ કરી ફોઇના હુકમ પ્રમાણે તપાસ શરૂથઇ.

મને તો બહુ જ ઉંઘ આવતી હતી, કારણ આગલી સાંજે અમે જરા વધારે દોડધામ કરી હોવાથી હું થાક્યો હતો. આવે વખતે આમ શોરબકોર કરી બધાંને જગાડવા માટે હું ફોઇ પર ગુસ્સે થયો, પરંતુ હું પણ પેલા મોટા જનાવરની શોધમાં બધા સાથે ફરી વળ્યો; નહિતો વળી એ જ ફોઇ કહે કે 'મુઓ એદ્રિકરો, પાડાની જેમ ઉંઘે છે ને મારી દરકાર પણ નથી રાખતો.' જેમ કરીએ તેમ પંચાત !

ગભરાએલા, ઉશ્કેરાએલા અમે બધા શોધાશોધ કરતા હતા ત્યાં તો 'વોય ! વોય ! આ રહ્યાં આ ચારપાંચ જામફળ !' બાએ કોલંબસની જેમ મોટી શોધ કરી. આ જ હશે ઠંડાંઠંડાં અને લીસાંલીસાં ! બીજું તો કાંઈ નજરે પડતું નથી.'

જામફળ જોઈ હું ચમક્યો. મેં જ એ સંતાડીને અભરાઇ પર મુકયાં હતાં, અને સાંજની ધમાલમાં ફરી ત્યાંથી લેવાં હું ભુલી ગયો હતો. એ ત્યાંથી પડી ગયાં હશે અને ફોઇના પગને લાગી આગળ ગબડયાં હશે.

ફોઇ મારૂં પરાક્રમ પામી ગયાં. જામફળનો ઘરાક આખા ઘરમાં મારા સિવાય બીજો હોય પણ કોણ ? બધા વત્તા ફોઇ મારા પર તુટી પડયાં. તેમાં ફોઇ તો અગ્રેસર બન્યાં એ અત્રે કહ્યા વિના ચાલશે.

ફોઇએ જ બુમાબુમ કરી બધાંને જગાડયાં હતાં, પરંતુ બધાંની ઉંઘ કેમ જાણે મેં બગાડી ન હોય એમ હવે સૌ વર્તવા લાગ્યાં. ઉલટાની મને તો એ બધાં કરતાં વધારે ઉંઘ આવતી હતી, પણ સમજે કોણ ? અને સાંભળે પણ કોણ ?

આખરે જ્યારે સૌથી છેલ્લાં ફોઇ બોલીબોલીને થાકયાં ત્યારે જ હું છુટયો. અને એ પણ ફોઇને ઉંઘ આવતી હતી એટલે. પણ એમને કંઇ સંતોષ થાય ? 'સવારે તારી વાત !' કહી, મન મનાવી, મને ડરાવી, ફોઈ કમને નિદ્રાને વશ થયાં.

બીજે દિવસે તો બધું ભુલી પણ જવાયું. પરંતુ જામફળ જેવી નજીવી વસ્તુને મોટો જનાવર માની લઇ ફોઇએ ધાંધાટ મચાવી મુકેલો એથી અમારી છોકરાંની મંડળીને તો બહુ હસવું આવ્યું અને ફોઇને બનાવવાની ગમ્મત મળી.



૨

બસ આવો જ ફોઇનો સ્વભાવ! નાની નજીવી વાત હોય તેને પણ મોટી માની બેસે અને ગભરાઇને રજનું ગજ કરી મુકે. પછી એવા-એવા તો ગોટાળા કરે કે ન પુછો વાત! પોતે ગભરાય અને સામાને પણ ગભરાવે. દુ:ખની વાત તો એ કે ગોટાળો કરે ફોઇ, અને ધાડ આવે મારી પર! આ કોને કહેવું? ધાડ આવે તો આવે, પણ ભોગવવું પણ પડે. આ હું ખરેખર જરા પણ અતિશયોક્તિ કર્યા વિના શબ્દે-શબ્દ સાચું દુ:ખ રડું છું.

એક દહાડો સાંજે અમે ક્રિકેટ રમવા ગયા, પણ તે દિવસે જગુના બાપા કંઇ એની પર ગુસ્સે થયા હશે તે અમારી છએ છ વિકેટો, બૅટ બધું ચુલામાં હોમી દીધું. એ વળી એવા વિચિત્ર ડોસા હતા. હવે તમે જોશો તો જગુ બીચારો એવો સારો છોકરો છે, ત્યારે એના બાપા આવા! જેમ મારે નસીબે ફોઈ પાકયાં! કોઇની વળી માશી તો કોઇનો મામો નીકળશે. ઘેરઘેર માટીના ચુલા કહેવાય છે તે કાંઈ ખોટું? તેમાં દરેક બાબતમાં ગુનોહ દેખાય અમારો છોકરાઓનો જ. અમારી તે કાંઈ કોઇ દાદ ફરિયાદ સાંભળે?

તે દિવસ અમારી ક્રિકેટ તો બંધ થઈ. ત્યારે કરવું શું? સાંજ આખી કંઇ નવરા બેસી રહેવાય? અમે બધા જગુ પર ગુસ્સે થયા, પણ એના બાપા એવા થયા એમાં એ બીચારો શું કરે?

થોડી વાર તો અમે ગુંચવાયા. પણ પછી પાણીનાં ભરેલાં ખેતરો જોઇ તેમાં હોડકાં ચલાવવાનું રમેશને સુજયું. અમને બધાને એ ખ્યાલ ગમ્યો, એટલે લડવાનું મુકી દઇ હોડી કેમ ચલાવવી એ વિચારમાં અમે પડયા.

મારે ત્યાં વધારાના સામાનની ઓરડીમાં ફોઇનું એક જુનું કબાટ સડયા કરતું હતું એ મને સાંભર્યું. એ કબાટનાં ત્રણ ખાનાં હતાં, અને તે એટલાં તો મોટાં હતાં કે એમાં સામસામા બે છોકરાઓ સહેલાઇથી બેસી શકે. તો પછી અમારાં હોડકાં માટે એ ન ચાલે? કામ પતી ગયે પાછાં મુકી દેવાય. લાકડાનાં એટલે ડુબવાની કે ભાંગવાની તો બીક જ નહિ; અને એ ખાનાં વધારે બગડી શકે એવો સંભવ જ ન હતો, કેમકે પુરતાં બગડેલાં જ હતાં!

તરત જ વિચાર અમલમાં મુકાયો. હલેસાં માટે વાડીની વાડનાં બબ્બે પાટિયાં ખેંચી લીધાં અને પછી બંગલાઓની પાછળના એક ખેતરમાં અમે અમારાં હોડકાં તરતાં મુકયાં.

અહા! શો એ દિવસનો આનંદ! એવો આનંદ અમે કદિ અનુભવ્યો ન હતો. દરરોજ સાંજે એવો આનંદ લુટવા અમે નિશ્ચય કરી નાખ્યો. વખતોવખત અમારી હોડીમાં પાણી ભરાઇ જતાં, ને એ ખાલી કરવા અમારે ઢીંચણ સુધીના પાણીમાં ઉભા રહેવું પડતું.

તે દિવસ અમે બહુ જ આનંદ ઉડાવ્યો એટલે જરા લહેરમાં આવી ગયા. પહેલાં તો એકબીજા ઉપર તોફાનમાં પાણી ઉડાવવા લાગ્યા, પણ પછી પાણીને બદલે કાદવ પણ ઉડાવવો શરૂ કર્યો. આવી રીતે નિર્દોષ આનંદ માણતા, કોઇને પણ હરકત કર્યા વિના અમે અમારી સાંજ વીતાડતા હતા. પણ અમારી રમત વધારે ટકી નહિ.

એકાએક વાદળ ચડી આવ્યાં અને થોડી જ

વારમાં વરસાદનું સખત ઝાપટું પડ્યું. ખેતરમાંથી અમારાં હોડકાં બહાર કાઢવા ખુબ જોરથી અમે હલેસાં માર્યાં, પરંતુ હલેસાં ઉપર આવી રીતે બહુ જોર અજમાવ્યું એટલે તે નીચેના જાડા અને ચીકણા કાદવમાં એવા તો સાબુત ચોટ્યાં કે કેમે કર્યાં નીકળે જ નહિ. હવે ? આવી રીતે ભર પાણીમાં અમે હલેસાં વિનાના થઇ પડ્યા. અમારી હોડીનાં પાટિયાં પણ કહું તેવાં, એટલે તેમાં પણ પાણી ભરાઈ ગયાં, અને ઉપરથી તો મારમાર કરતો વરસાદ પડે !

છેવટે તો અમે એટલા અકળાયા, કે ન ખેંચ્યાં હલેસાં કે ન કરી દરકાર અમારાં હોડકાંની, અને વહેલા વહેલા કિનારે પહોંચવા માટે અમે પાણીમાં કુદી પડ્યા. પણ ત્યાં કાદવ નડ્યો. એક પગ જોર કરીને ખેંચીએ ત્યાં બીજો વધારે ઉંડો પેસી જાય. અંતે મહામહેનતે મોડામોડા અમે ખેતર બહાર નીકળ્યા.

પહેલું મારૂં મકાન આવ્યું, એટલે અમે સૌ તેમાં પેઠા. કાદવવાળા પાણીમાંથી આવેલા હોવાથી અમારો દેખાવ જોવા જેવો હતો. લાલ અને કાળા કાદવવાળાં કપડાં, ભીનાં શરીર અને માટીથી ખરડાએલું અમારૂં વદન, આ બધાથી અમે એ વખતે તાબુતના વાઘ કે હોળીના ઘેરૈયા જેવા લાગતા હતા.

આમ આવે હાલે અને ભીના શરીરે વરસતા વરસાદમાં બધાને ઘેર તે કેમ મોકલાય ? એટલે સૌને હું મારે ઘેર લઇ ગયો.

અમને કોઇ ન જુએ એમ પાછલે બારણેથી અમે ઘરમાં દાખલ થયા. દાખલ તો થયા, પણ પછી ? ફોઇ જો આ હાલે જુએ તો જીવતો જવા દે ? અને મિત્રોના દેખતાં કાંઇ પણ સાંભળવું પડે એ તો માથાનો ઘા. એટલે મેં યુક્તિ શોધી.

સૌ પહેલાં મેં કપડાં બદલી લીધાં અને પછી બા તથા ફોઇ વાતોના તડાકા મારતાં બેઠાં હતાં ત્યાં પહોંચ્યો અને કહ્યું ' ફોઈ, અમે અત્યારે આવતા હતા ત્યારે મને રસ્તામાં સુંદર મળ્યો. તેણે કહ્યું કે શોભાભાભીને ફરી હિસ્ટીરિયાની સખત ફીટ આવી ગઇ છે. એ ખાસ તમને બોલાવવાં માટે જ અહીં આવતો હતો; પણ મને મળ્યો એટલે અહીં સુધી ન આવતાં પાછો શોભાભાભી આગળ વહેલો ગયો. '

' હેં ? . . . . આય . . . . હાય બીચારી ! ' મારૂં તીર આબાદ વાગ્યું હતું. શોભાભાભી માટે ફોઇને શા માટે આટલો બધો પક્ષપાત હશે એ હું જાણતો નથી, પણ મારી ખાતરી હતી કે શોભાભાભીનું નામ દેતાં ફોઈ કે બા ઘેર વધુ રોકાય એમ ન હતું.

આ તો શોભાભાભીની વાત હતી, પણ સાધારણ રીતે કોઇને પણ હિસ્ટીરિયા આવે, કે કોઇને માતા આવે, અથવા પિતૃઓ નડીને કોઇને ધુણાવે, ત્યાં મારાં ફોઈ આગેવાન બનતાં. લોકોના ઝગડા પતાવવામાં, રિવાજ ઉપર ચર્ચા ચલાવવામાં, જુવાનિયાઓને ઉતારી પાડવામાં, અને છોકરાઓનું તો છડેચોક ઘસી નાખવામાં ફોઇ હમેશાં મોખરે જ હોય.

મારી યુક્તિ બરોબર પાર પડી, અને વરસાદ છતાં ફોઇ તથા બા શોભાભાભીને જોવા નીકળી પડ્યાં. મેં છુટકારાનો દમ ખેંચ્યો. જુઠું તો જરા બોલવું પડ્યું, પણ શું કરૂં ત્યારે ? આટલા બધા મિત્રોના દેખતાં ઠપકો ખાવો પડે એ તો મને માથાનો ઘા જાય. અને તમે માનો છો કે મને વઢતાં ફોઈ જરા પણ વિચાર કરે કે બધાની વચ્ચે મને ખોટું લાગશે ? એ તો સંભવ જ નહિ. વળી જુઠું બોલતાં આપણે કોઇને હાની પહોંચાડતા ન હોઇએ અને માત્ર સંકટમાંથી બચવા પુરતું જ જો જરાક જુઠું બોલી લઇએ, તો હું એ જુઠું બોલવામાં ખોટું સમજતો નથી. દુનિયામાં રહ્યા તો થોડુંથોડું તો જુઠું બોલવું જ પડે. તમે માનો છો કે ફોઇ જુઠું નહિ બોલતાં હોય ? અરે આથી તો દસગણું !

ફોઇની પીડા પતી એટલે હું સ્વસ્થ થયો. પછી મારા બધા મિત્રોનાં કપડાં બદલાવી નાખી તેમની શરદી ઉડાવવા ગરમાગરમ ચા પણ પાઇ. એટલામાં વરસાદ અટક્યો અને સૌ મારો આભાર માની ઘેર ગયા; કેમકે જો આવી રીતે મેં એમની સગવડ સાચવી ન હોત તો દરેકેદરેકને ઘેર મારનો સોદો હતો.

લાલ અને કાળા કાદવવાળાં અમારાં ભીનાં કપડાં મેં રસોડામાં, કોઇ ન જુવે તેમ, એક ખુણે ખોસી દીધાં અને ફોઇ કે બા આવે એ પહેલાં તો ડાહ્યો થઇને લેસન કરવા મંડી ગયો.

' મુઆ નીચ ! ' કરતાં થોડી વારે ફોઇ આવ્યાં અને કાંઇ પણ કહ્યા પુછ્યા વિના મારો કાન, જાણે માથામાંથી તોડી જ લેવાના હેતુથી તાણતા હોય

એમ ખેંચ્યો. 'મારી શોભાને તો કંઇ હીસ્ટરીએ નહોતો ને કંઇ ન હતું. મજાની હરતીફરતી હતી, ને મને અહીંથી નકામી વરસાદમાં દોડાવી મુકી, મુઆ હજામ!' શ્વાસ લેવાની ઇચ્છા થાય, કે વાક્ય પુરૂં થાય, ત્યારે 'મુવા.... (કંઈક)' કહી ફોઇ વાક્યની પૂર્ણાહુતિ કરતાં. દરમિયાન મારા કાનને તો વધુ ને વધુ જુદીજુદી દિશાઓમાં આમળ્યે જ જતાં. ત્યાં તો બા પણ ધુવાંપુવાં થતાં આવ્યાં: 'કેમ, એઇ! અમારી મોટાંની મશ્કરી કરતાં તને શરમ ન આવી?'

આવુંઆવું તો લાંબો વખત ચાલ્યું. બાની જીભ સારી ચાલતી, પણ ફોઇના તો હાથ પણ જીભ સાથે ચાલવાની હરીફાઇમાં ઉતર્યાં હોવાથી મારી સ્થિતિ બહુ જ દયાજનક હતી; પરંતુ મેં એ બધું સહન કરી લીધું. મારો કંઇ બચાવ જ ન હતો. ઉપરાંત, હિસાબ કરી જોતાં આ શિક્ષા સહન કરવામાં મને લાભ હતો, કારણ જો કાદવવાળાં કપડાં સાથે કદાચ હું પકડાયો હોત તો આના કરતાં ચોક્કસ કંઇક વધારે પ્રસાદી પામત. આખરે જ્યારે ફોઇ કમને થાક્યાં ત્યારે જ હું છુટયો. તે રાત્રે તો હું વહેલો જ સુઇ ગયો, કારણકે એક તો હું થાકયો પણ હતો, અને વળી મનમાં બીક હતી કે સાંજની વાત સાંભરી આવતાં ફરી ક્યાંક ઉપાધિ જાગે.

બીજે દહાડે સવારે તો હું રોજની પેઠે ફરવા ગયો અને ફોઇને બનાવીને કેવી રીતે ઘરની બહાર કાઢ્યાં હતાં વગેરે વાત મિત્રો આગળ ફરીથી વર્ણવી ખુબ રમુજ કરી. બધાને બચાવવા મેં આટલું બધું સહન કરી લીધું એ માટે મિત્રોએ મને ધન્યવાદ આપ્યો.

જમીને બાપા ઑફિસે ગયા, એટલે પાછાં ઘરમાં રહ્યાં હું, બા અને ફોઇ. હું તો હજી આમતેમ આંટા મારતો હતો, ત્યાં તો ફોઇનો ઘાંટો સંભળાયો: 'આય! હાય! આ લોહીવાળાં કપડાં ક્યાંથી? વળી લોહી તો જામીને કાળું પણ પડી ગયું છે. અરે ભગવાન! અમારૂં તે શું થવા બેઠું છે?' ફોઇનો ઘાંટો અને શોરબકોર કરવાની રીત તો તમે જાણો છો જ.

હું તો તરત સમજી ગયો કે રસોડામાં સંતાડેલાં અમારાં કાદવવાળાં કપડાં હું ત્યાંથી લેવાં ભુલી ગયો હતો તેની આ પંચાત હતી. અત્યારે બધું સાફ કરતાં ફોઇની નજરે તે પડ્યાં હશે.

હવે? જો હું પકડાયો તો ફોઇ મને જીવતો જવા દે ખરાં? એ તો સંભવ જ નહિ. ત્યારે? શું મારે કમોતે મરવું? એ પણ કેમ મન થાય? અને હું આમ સહેલાઇથી મરવાનું મન કરૂં એવો ક્યાં કાચો હતો? મેં યુક્તિ શોધી.

અમારા ભંડારમાં એક મેડો હતો. તરત જ પાછળથી મેં અમારા માળીના છોકરા રઘુને બોલાવ્યો અને સીડી મુકાવી એની મદદથી હું મેડા ઉપર ચડી ગયો. સીડી પાછી ઠેકાણે મુકી રઘુ જતો રહ્યો અને હું મેડા પર સ્વસ્થ થયો. રઘુ આવી રીતે અમને વખતોવખત ઠીક મદદ કરતો. બીચારો સારો અને ભલો હતો. વળી કોઈ દિવસ ન તો એ અમારી ચાડીચુગલી કરે, કે ન તો અમારૂં ભોપાળું બહાર પાડે, એટલે એના પર મને બહુ વિશ્વાસ હતો.

મેડા પર સંતાયા પછી મારો જીવ ઠેકાણે આવ્યો. મેડો પણ મને ઠીક ફાવ્યો, કારણ ત્યાંથી હું બા, ફોઈ, રસોડું વગેરે જોઇ શકતો હતો, એટલે હવે શો તાલ જામે છે એ હું નીરાંતે જોવા લાગ્યો.

કપડાં કાદવવાળાં છે કે લોહીવાળાં એ તો જોયા વિના ફોઇ એમની રીત પ્રમાણે ઘાંટા પાડ્યે જ જતાં હતાં. વળી કપડાં લોહીવાળાં મનાયાં એટલે એ અડે પણ શાનાં?

'આય હાય! આ તો મારા વિનુનું ધોતીઉં.' મારૂં ધોતીઉં ઓળખાવાથી ફોઇનો ઘાંટો વધ્યો.

એક તો ફોઇનો ઘાંટો ને વળી તે વધ્યો, એટલે પછી તો પુછવું જ શું? એમને તો એમ જ લાગ્યું કે કોઈ મારૂં ખુન કરી, કપડાં રસોડામાં નાખી ગયો હતો.

પછી બા અને ફોઇએ મારી શોધ ચલાવી અને 'વિનોદ'! 'વિનોદ'! કરી આખું ઘર ફરી વળ્યાં. હું ઉપર ધ્રુજ્યા કરતો હતો. કદાચ મને જોઇ જશે તો?

એમની શોધ તો ખુબ ચાલી, પણ મારો પત્તો કેમ લાગે? પછી તો રામલાલ, જગુ વગેરે મિત્રોને ઘેર પુછાવ્યું, પણ હું મળું શાનો?

'હજી તો હમણાં જ મારી પાસે જમ્યો!' કહી બાએ રડી દીધું, અને એને જોઇને ફોઇએ શોરબકોર કર્યો. ત્યાં તો રડારોળ શરૂ થઇ; કેમ જાણે હું મરી ગયો ન હોઉં!

નીચેથી, બાજુમાંથી સૌ પડોશીઓ દોડી આવ્યાં

ને પછી સૌએ સાથે મળી મારી શોધ ચલાવી. જેમ-જેમ શોધનારાઓની સંખ્યા વધવા લાગી તેમતેમ મારો ગભરાટ પણ વધતો ગયો, કારણકે આટલા બધા-માંથી જો એકાદની નજર પણ મારી પર પડે તો ?

'હાયહાય, પ્રભુ! બીચારો કેવો સારો છોકરો હતો! કયા મુઆ રાક્ષસે એના લોહીમાં હાથ બોળ્યા! અરે રે!' વગેરે વગેરે ફોઇએ ચલાવ્યું, અને જ્યારે બા મને શોધવા શોભાભાભીને ત્યાં ગઈ ત્યારે એકલાં પડતાં ફોઈ હુઠવો મુકીને રોયાં પણ ખરાં.

શોભાભાભીને ત્યાં પણ હું ન મળ્યો એટલે તો બા વધારે મુંઝાવા લાગી અને બાપાને ઑફિસમાંથી બોલાવી લાવવા માણસ મોકલ્યો. જેમજેમ વખત વધતો ગયો તેમતેમ સૌ વધારે ગભરાયા અને હું પણ ગભરાતો ગયો.

હવે મારે શું કરવું એની સમજ મને ન પડી. નીચે ઉતરવાનું મન તો થયું, પણ ઉતરૂં શી રીતે ? મેડો ઉંચો પણ વધારે હતો. અને હવે સીડી કોણ મુકી આપે ? ખરૂં પુછો તો હું પણ ઉપર કંટાળ્યો હતો, કારણકે એ સાંકડા મેડા પર વધારે બેસાય એવું ન હતું. તેમાં વળી ઉંદરડા ને વાંદાનો ત્રાસ અને કોલસાની મેશ, ધુળ, બાવાં વગેરેથી મને મુંઝારો પણ થતો હતો.

વળી બાપા ઑફિસેથી આવી પહોંચે એ પહેલાં તો મારે ઉતરવું જ જોઇએ એમ મને લાગ્યું; નહિતો બાપાની સોટી હતી અને મારો બરડો હતો એ પણ ચોક્કસ! બાપાનો સ્વભાવ એવો હતો કે એ જ્યારે મારવાનો વિચાર કરે ત્યારે એમને નેતર સિવાય તો ફાવે જ નહિ, અને તેમાં વળી થોડા ફટકા લગાવ્યાથી એમને કદિ સંતોષ થાય જ નહિ, અને સંતોષ થાય નહિ તે સિવાય મને મુકે પણ નહિ !

આ બધા વિચાર આવતાં વખત ખોવામાં સાર હોય એમ મને ન લાગ્યું. ગઇ કાલની ઉપાધિ હજી ઉભી હતી ત્યાં આજે આ નવી કયાં જાગી ? આજે તો જાણે મારો મરવાનો જ દિવસ ન હોય એવું થયું. ખરૂં કહું ? આજે ઉઠીને મેં ફોઇનું જ મોં જોયું હતું !

અંતે ગમે તે ભોગે પણ મેં નીચે ઉતરવાનો નિશ્ચય કર્યો, એટલે રસોડામાં ફોઇ મોં વાળીને રોતાં હતાં એમને મેં બોલાવ્યાં. બીજો તો કોઇ મને ઉપાય જ ન સુઝ્યો.

મારો અવાજ સાંભળી ફોઇ ચોંકયાં—વધારે ગભરાયાં. 'હેં! વિનુનો અવાજ! જાણે મને સાદ કરી બોલાવતો હોય એવું લાગે છે. એ કયાંથી ? ઓ પ્રભુ! અત્યારે તો હું એકલી જ છું ઘરમાં.... શ્રી કૃષ્ણ શરણું મમ! શ્રી કૃષ્ણ શરણું મમ! ભગવાન તારો ભરોસો છે. મને બચાવજે!' ફોઇ ઉશ્કેરાયાં.

'ફોઈ! ફોઈ!' મેં ફરી બુમ પાડી. ફોઇનો આવો ગભરાટ જોઈ હું પણ ગભરાયો. અરે હું તો શું, કોઇ પણ ગભરાઇ જાય! ત્યાં પછી હું તો બાળક.

ફરી મારો અવાજ સાંભળી ફોઇ બીતાં ધ્રુજતાં ભંડાર તરફ આવ્યાં, એટલે મેં ધુળકોલસાથી ખરડા-એલું મારૂં મોં દેખાડયું અને ફરી હાંક પાડી 'ફોઇ!' હું બહુ જ ગભરાઇ ગયો હોવાથી મારો અવાજ પણ બોખરો નીકળ્યો.

'ઓ ભગવાન! આ કોણ? વિનોદનું ભૂત!' કહી બુમાબુમ કરતાં ફોઇ ત્યાંથી નાઠાં.

'અરે! કોઇ આવો રે! હું મરી ગઇ!' ફોઇએ એમની રીત પ્રમાણે ફરી ઘર ગજાવ્યું. એટલામાં બા, બાપુ અને પડોશીઓ દોડી પહોંચ્યાં અને પછી તો ગામ ભેગું થયું.

મહામહેનતે જ્યારે ફોઇને વાચા આવી ત્યારે બધાં કંઇક સમજ્યાં અને આખું લશ્કર ભંડાર તરફ વળ્યું.

એક તો ત્રણચાર કલાક તે ફરમાસુ ભંડાર ઉપર ઉંદર કંસારી વચ્ચે હું પુરાયો હતો, તેમાં માર ખાવાની બીકનો ફફડાટ હતો, એટલે બધાને એ તરફ આવતાં જોઇ મારાથી રડી દેવાયું.

સીડી મુકાઇ અને ખરેખર ભુત જેવો હું નીચે ઉતર્યો. રડવું તો આવતું જ હતું, તેમાં વધારે માર ન પડે એટલા માટે, હું જાણીજોઇને જરા મોટેથી અને વધારે રોયો. કેમે કરતાં કોઇની લાગણી ખેંચાય ને દયા ઉશ્કેરાય ? રડતા બીચારા છોકરાને વધારે મારે એવો નિર્દય તે કોણ હોય ?

'ફિકર નહિ બેટા, શું છે ? તને શું થયું ?' સૌ પહેલી મારી બા પીગળી.

બાપા પણ કાળજીપૂર્વક બધું પુછવા લાગ્યા. ધારેલી અસર થઇ એ જોઇ મને કંઇક નીરાંત વળી, પણ હજી બોલવામાં સાર નથી એમ માની હું વધારે ને

વધારે ડુસકાં ભરવા લાગ્યો. બા તથા બાપુ મને શાન્ત પાડવા માટે માથે હાથ ફેરવવા લાગ્યાં; પણ ફોઇ તો હજી પણ મને ભૂત માની દૂરનાં દૂર ઉભાં રહી ફાટેલે ડોળે મને જોઇ જ રહ્યાં હતાં.

'કંઇ ફિકર નહિ; પછી વાત કરજે. ઠંડો થા, બેસ.' કહી બાએ મને બેસાડ્યો અને પાણી પાયું.

પછી તો મારૂં મોં ધોવાયું, કપડાં બદલાયાં અને બધાં શાંત થયાં ત્યારે ફરી મને પુછવામાં આવ્યું. મારી તપાસ શરૂ થતાં જ મેં પાછું રડી દીધું.

'તું બહુ જ ગભરાઇ ગયો લાગે છે.' બાપુએ કહ્યું: 'એવો તે કોણે તને ડરાવ્યો છે? કંઇ હરકત નહિ હો ભાઇ, નીરાંત રાખ.' બાપુ લાગણીપૂર્વક બોલ્યા.

'મને બચાવજો બાપુ' મેં વધારે ડુસકાં ભરતાં કહ્યું. મારમાંથી બચવાનો એ એક જ ઉપાય હતો. બાએ ને બાપુએ મને બહુબહુ હીમત આપી અને મને કાંઇ જ નહિ થાય એની ખાતરી પણ આપી ત્યારે મેં બધું કહ્યું. તમે શું ધારો છો? અને તરત જ દુઃખના ડુંગર મારી પર તુટી પડ્યા. બધા એવા તો ગુસ્સે થયા કે ન પુછો વાત! તેમાં ફોઇનું તો પુછવું જ શું? 'મુઆ રાક્ષસ-મુઆ વાંદરા-' કહી કહી મને સપાટા લગાવ્યા. બાપુએ પણ કાંઇ કચાશ ન રાખી.

કબુલાત આપીને ફરી જવા માટે અને વચનભંગ કરવા માટે અમને નાનાં બાળકોને શિક્ષા કરવામાં આવે છે, પણ મોટાં માણસો આમ આટલી જ વારમાં વચનભંગ—અરે વિશ્વાસઘાત પણ કરે એ જોઇ મને બહુ જ આઘાત થયો.

આખરે મારી બા બીચારી વચ્ચે પડી ત્યારે જ હું છુટયો. સૌથી છેલ્લાં ફોઇ પરવાર્યાં, પણ એમની જીભે તો મારા મિત્રોની સાતે પેઢીને ખંખેરી.

થાકેલો, કંટાળેલો, હું તો સુવાનો ઢોંગ કરી મારા ઓરડામાં જતો રહ્યો. અને ખરેખર મને ઉંઘ પણ આવી ગઇ. બીજે દહાડે સવારે તો હું ઘરમાંથી વહેલો જ ચા પીને નીકળી ગયો અને મિત્રોને બધી વાત કહી. મેં સહન તો બહુ કર્યું, પણ અમારી મંગળ વૅકેશનની શરૂઆતમાં જ 'આય! હાય! ભોગ મળ્યા' કહી અમંગળ મંગળાચરણ માંડવા માટે ફોઇને ઠીક પજવ્યાં, એટલે મને અને મારા મિત્રોને સારો સંતોષ થયો.

'ગોવિંદ'

જાપાનથી પત્ર

અમારી સ્ટીમર રસ્તામાં સીંગાપોર અને શાંઘાઇ એમ બે ઠેકાણે જ રોકાઈ હતી. સીંગાપોર શહેરની બાંધણી, રસ્તા અને ચોકખાઇ મેં ક્યાંય જોયાં નથી. મુંબાઇના ક્વીન્સ રોડની સરખામણીમાં જેવું ભુલેશ્વર લાગે, એવું મુંબાઇ સીંગાપોરની સરખામણીમાં લાગે. અને શહેરની સુંદરતામાં એની નૈસર્ગિક સુંદરતા ખુબ જ વધારો કરે છે. જ્યાં જુઓ ત્યાં લીલોતરી જ લીલોતરી. વન-ઉપવન એ શબ્દો મેં કવિતા અને વાર્તામાં જ વાંચ્યા હતા, એ અહીં મારી કલ્પના પ્રમાણે નજરે જોયાં. કમનસીબે અમારે થોડા કલાક જ સીંગાપોર રહેવાનું હતું, પણ એટલું રોકાયા પછી સીંગાપોર છોડવું ગમતું નહોતું.

અહીં આપણા ગુજરાત કાઠિયાવાડના લોકો—ખાસ કરીને કચ્છી ભાઇઓ ઘણા છે. અંદર અંદર કુસંપ ખરો, પણ બહારથી આવતા દેશભાઇઓની આગતાસ્વાગતા બહુ પ્રેમથી કરે છે. બાકી રહેણીકરણી બધી દેશમાં રાખતા એવી જ. તમને આથી અભિમાન આવશે,—પણ દેશમાં(મુંબાઇમાં) દાણાબંદર ઉપર કચ્છીઓ જે ગંદી રીતે રહે છે એવી જ રીતે લગભગ અહીં રહે છે. એક વાત ખુબ ગમી કે એમણે પોતાનો પહેરવેશ—ધોતિયું છોડયું નથી. અને ધોતિયા ઉપર તો હું મુગ્ધ છું. ધોતિયાની શોધ કરનાર કોઇ અજબ દીર્ઘદૃષ્ટિવાળો—કોઇ ભારે અર્થશાસ્ત્રી હશે. એમાં દેશની કેટલી શક્તિ અને સંપત્તિનો બચાવ છે! એકનું ધોતિયું ગમે તે માણસ વાપરી શકે. એમાં 'ફિટ—મિસફિટ', લાંબું ટુંકું, પહોળું સાંકડું નહિ; ઉંચો નીચો દરજ્જો નહિ; માણસ જાડો પાતળો થાય તેની ફિકર નહિ; એમાં સીઝન સીઝનના જુદાજુદા રંગો કે ભાત નહિ; પુરુષને તેમ જ સ્ત્રીને એકસરખું કામ આવે; પહેરવા—અંગ ઢાંકવા સિવાય પણ એના અસંખ્ય ઉપયોગ; ફાટે ત્યાર પછી પણ એના કટકે કટકાનો ઉપયોગ. એક જ મિનિટ પાટલુન સાથે સરખાવી જુઓ: મારૂં તમને નહિ થાય; તમારૂં ત્રીજાને નહિ થાય. કંઇ અકસ્માત થયો; પાટલુનમાંથી એક ચારો તો ફાડી જુઓ. સવારે એક જાતનું, સાંજે બીજી જાતનું, રમતમાં ત્રીજી જાતનું—એનો ક્યાં ય આરોવારો જ નથી.

જાપાનનો સામાન્ય પહેરવેશ કીમોનો પણ અંગ્રેજી



શાંગહાઇનો દરિયા કિનારો

ડ્રેસિંગ ગાઉન જેવો એક ઢીલો પોષાક છે. એક વાત મને હમેશાં લાગ્યા કરી છે, અને તે સમસ્ત એશિયાને માટે એક સર્વદેશીય પોષાકની. તુર્કસ્તાનથી માંડીને જાપાન સુધી એશિયાભરમાં આપણે ઢીલાં કપડાં જ જોઇએ છીએ. જાપાનમાં કીમોનો; ચીનમાં પણ એવું જ; અફઘાનિસ્તાનના પહોળા ચોરણા તો જાણે આપણાં ધોતિયાં જરા સીવ્યાં હોય એવા;—આ મુજબ ઠેઠ તુર્કસ્તાન સુધી. પણ તુર્કસ્તાન છોડો અને યૂરોપના કિનારા ઉપર પગ મુકો કે તંગ કપડાં અને 'ફિટ–મિસફિટ' શરૂ થાય.

સીંગાપોર છોડી અમે આગળ વધ્યા. ઉકળાટ ખુબ હતો. અરધી રાત સુધી બહાર ડેક ઉપર જ સુઇ રહેતા. તા. ૨૭ જુલાઇએ શાંઘાઇ પહોંચ્યા. શાંઘાઇની વસ્તી વીસેક લાખની ગણાય. શાંઘાઇમાંના દેશદેશના કન્સેશન બાબત તો તમે જાણો છો એટલે નથી લખતો. શાંઘાઇ પણ શહેર તરીકે ઘણું સુંદર ગણાય. ત્યાંના રસ્તા ઘણા સરસ; મુંબાઇના રસ્તા—સારામાં સારા રસ્તાની સરખામણી પણ કરવી ખોટી.

ચીનાઓ પણ પશ્ચિમનું ઠીક અનુકરણ કરવા લાગ્યા છે. અહીં પણ સ્ત્રીઓમાં 'બૉબ્ડ' (કાપેલા) વાળ અને ફ્રૅાક સારી સંખ્યામાં પ્રસરવા માંડ્યાં છે. અમે પહોંચ્યા ત્યારે જાપાનીઝ માલનો બહિષ્કાર ચાલતો હતો. આપણા દેશ કરતાં આ લોકોમાં સંપ વધારે જોયો; એટલે એમનો એ બહિષ્કાર તો હાલ જાપાનને ખુબ અકળાવી રહ્યો છે.

૭મી જુલાઇએ—મુસાફરીને ૨૪મે દિવસે અમે જાપાન પહોંચ્યા. ઘણા હિંદી તથા જાપાનીઝ મિત્રો સ્ટીમર ઉપર આવ્યા હતા. અમારૂં ઉતરવાનું આપણા એક ભાઇ મિ. દવેને ત્યાં હતું. કસ્ટમમાં સામાન ગયો. હમણાં બે મહીના થયાં પરદેશી ચોખા જાપાનમાં આયાત કરવાની બંધી થઇ છે, કારણકે જાપાન અને કોરિયામાં ચોખાનો પાક ખુબ થઇ પડ્યો છે. આનું નામ સ્વતંત્રતા! આ દેશના ખેડુત પછી કાં સમૃદ્ધિવાન ન હોય? અમારી સાથે અમે અરધીએક ગુણી ચોખા લીધા હતા; કારણકે જાપાનના જાડા ચોખા આપણને નથી ફાવતા. આ ચોખા કસ્ટમવાળાઓએ જપ્ત કર્યા. અમારી કાંઇ દલીલ કામ ન આવી. ઘી પર પણ અહીં ભારે જકાત છે. એક ડબ્બા ઘી પર ૧૧॥ યેન એટલે લગભગ ૧૪ રૂપિયા ચોંટ્યા.

પણ અહીંના કસ્ટમનાં માણસો ખુબ જ વિવેકી. પોતાની ફરજમાં જેટલા ચોક્કસ એટલા જ વિવેકી. આની સાથે મુંબાઇની કસ્ટમ સરખાવીએ તો એમ લાગે કે અહીંના લોકો પોતાના પટાવાળા સાથે પણ વધારે વિવેકથી વાત કરે છે. જોકે વિવેક અહીં આડે ખેતર ઉગી નીકળ્યો છે. અહીં ઢેઢને પણ ઢેઢ સાન, એટલે મિ. ઢેઢ કહેવું જોઇએ. રસોઇઆને કુક સાન અને તમને પણ રાવળ સાન. કસ્ટમવાળાએ ખુબ દિલગીરી બતાવી, માફી માગી, કરગરીને ચોખા જપ્ત કર્યા.

અમે ત્રણ દિવસ થયાં ઘર ભાડે રાખ્યું છે, જોકે હજી રહેવા ગયાં નથી. ઘર કોબેમાં લીધું છે. આપણા હીંદીઓ લગભગ બધા જ કોબેમાં રહે છે; જોકે બિઝનેસ માટે રોજ સૌને ઓસાકા આવવું પડે. મારે તો ધંધો ઓસાકા જ છે. બીજા કોબે અને ઓસાકા એમ બંને જગ્યાએ ઑફિસો રાખે છે. કોબે અને ઓસાકા વચ્ચે બે બહુ રમણીય પરાં છે. મારૂં તો ત્યાં રહેવાનું મન હતું, પણ સૌનો આગ્રહ અને કુટુંબ તદ્દન એકલું ન પડી જાય એ ખાતર કોબેમાં રહેવાનું નક્કી કર્યું.

હજી તો જાપાનમાં કાંઇ જ જોયું નથી એટલે એ વિષે તો શું લખું? પણ એક વાત અહીં લગભગ રોજ વાંચું છું અને સાંભળું છું, તે આપઘાત! અહીં લોકો બહુ જ લાગણીપ્રધાન છે. મરવું—આત્મઘાત કરવો એ આ લોકોને બહુ સહજ છે. પરમ દિવસે હું જે ટ્રેનમાં બેઠો હતો તે ટ્રેનની નીચે પડી એક માણસે આપઘાત કર્યો. કાલે પણ એવી જ રીતે એક માણસે આપઘાત કર્યો. પૅસેન્જરોને એથી જરાક જિજ્ઞાસા થાય, પણ પછી હસતાહસતા પોતાની જ-

ત્યાએ સૌ બેસી જાય અને પાટા નીચેથી મુરદું કાઢી પાંચસાત મિનિટમાં ટ્રેન ચાલતી થાય. આ લોકોને તો આ રોજનું થયું;—આપણે ત્યાં મવાલી લત્તામાં મારામારી એના જેવું—એટલે જરા ય વિશેષ અસર ન થાય. છાપાંમાં પણ એ વાતો બહુ બહાર નથી આવતી, કારણકે એથી એ ચેપ વધારે ફેલાય. દુનિયાના કોઇપણ દેશ કરતાં આપઘાતનું પ્રમાણ અહીં અનેકગણું છે.

અહીં લોકો પહેરવેશમાં, રીતભાતમાં અને ખાસ કરીને ઉદ્યોગોમાં ભારે ઝડપથી પશ્ચિમનું અનુકરણ કરી રહ્યા છે. વેપારીઓ અને ઉગતી પ્રજા પશ્ચિમનો પહેરવેશ જ પહેરે છે. શાળામાં છોકરીઓને જૅકેટ અને પેટિકોટ પહેરવાં ફરજિયાત છે. છતાં એ કપડાં પહેરનારને પોતાના દેશના રાષ્ટ્રીય પોષાક ઉપર જરાય તિરસ્કાર કે હલકાપણાની લાગણી થતી જ નથી; આપણે ત્યાં કોટપાટલુન પહેરનારો જે ગુમાની નજરે 'પોતિયાદાસ'ને જુએ છે એનો તો અહીં કોઇને ખ્યાલ જ ન આવી શકે. જોકે આપણા કોઇ હિંદીએ અહીં ધોતિયું પહેર્યું હોય તો ઇન્ડિયા (?) કલબમાં એની મશ્કરી ખુબ જ થાય! હું ઑફિસમાં કોટપાટલુન પહેરૂં છું, પણ તે સિવાય સમાજમાં સુરવાળ, અચકન—ઢીંચણ સુધીનું અને મારી ખાદીની સફેદ ટોપી કે કોઇવાર કાશ્મીરી ટોપી એમ રાખ્યું છે. એકાદ દિવસ સૌને જરા નવું લાગ્યું, પણ હવે તો મને લાગે છે કે થોડાકને આ પોષાકનો ચેપ પણ લગાડી શકીશ.

અહીંના લોકો સહિષ્ણું ભારે છે. એકબીજા રસ્તામાં ચાલતાં અથડાયા હોય, પડ્યા આખડ્યા હોય, વાગ્યું કર્યું હોય, સાઇકલ કે મોટરનો અકસ્માત થયો હોય, છતાં ગાળાગાળી કે મારામારી કર્યા વગર—ઈજા થઇ હોય એ માણસ ઉલટો સામાની માફી માગી હસીને—પોતાને રસ્તે પડે. જાપાનમાં સાઇકલ પાસેથી તો લોકો અજબ કામ લે છે. મજુરીનાં ઘણાંખરાં કામ એ લોકો સાઇકલ ઉપર જ કરે છે. સાઇકલ ઉપર આવા ઉસ્તાદ બેસનારા મેં કોઇ જોયા નથી. મુંબાઇના બોરીબંદરના ચોકમાં એક માણસને એક હાથમાં મોટી ટ્રેમાં ૬ ચાના પ્યાલા લઇને અને બીજા હાથમાં સાઇકલનું હૅન્ડલ પકડી તેને ચલાવતો કલ્પો. અને આ તો તદ્દન સાધારણ વાત. કોઇ બે હાથે હૅન્ડલ પકડીને તો ચડે કે ઉતરે જ નહિ, કારણ કે એક હાથમાં તો કંઇ ને કંઇ વજન હોય જ. દરેક સાઇક્લિસ્ટ આપણે ત્યાંના સરકસના બધા યે 'સ્ટન્ટ' સહેજે કરી શકે, અને તે પણ અહીંના મુંબાઇ કરતાં વધારે 'ટ્રાફિક'માં. આમાં હું જરા યે અતિશયોક્તિ નથી કરતો એ વાત ઉપર ખાસ ભાર મુકું છું: જોકે સાઇકલોના અકસ્માત પણ અહીં નાકેનાકે હોય છે, અને એક હાથમાં ખાવાનું (બપોરનું ખાવાનું ઉઘાડી તાસકમાં ભાત અને કઢી ઑફિસનાં માણસો માટે લઇ જતા હોય છે તે) હોય તે ઢોળાઇ ફોડાઇ પણ જાય; છતાં સામસામી માફી માગી જરા યે બડબડાટ વગર હસતાહસતા ચાલ્યા જાય.

આવા લાગણીપ્રધાન અને છતાં આટલા સહિષ્ણુ લોકો મોતથી કેમ ડરે? અને એથી જ આજે દુનિયાની ત્રણ મોટી સત્તાઓમાંની એ એક ગણાય છે. લાગવું, ઘાયલ થવું કે મરવું એનાથી તો આખી પ્રજા બેપરવા છે.

એક વાત લખવી રહી ગઇ: જોકે એતો સ્વાભાવિક જેવી લાગશે. સ્ટીમર ઉપર અમે પ્રાર્થનાનો વખત સાંજના ૭ા નો રાખ્યો હતો. સત્યાગ્રહાશ્રમમાં પ્રાર્થના જે પ્રમાણે થાય છે એ પ્રમાણે જ: ભજનાવલિમાંથી સાયંકાલની પ્રાર્થનાના સંસ્કૃત શ્લોક, એક બે ભજન અને જ્યારે મંડળી હોય ત્યારે થોડુંક પ્રવચન. ધીમેધીમે મંડળી વધી અને સ્ટીમર ઉપરના ઘણાખરા હિંદીઓ પ્રાર્થનામાં નિયમિત ૭ા વાગ્યે આવતા. જાપાનીઝ ઉતારૂઓ પણ થોડાક રસ લેતા થયા. અહીં જાપાનમાં પણ નિયમિત એ પ્રાર્થનાક્રમ ચાલુ છે, અને અમારા ઘરમાં રહેવા જઇશું ત્યારપછી તો મંડળીની આશા પણ રાખીએ છીએ.

આ સાથે વૂડકટ (લાકડામાં કલાકારોએ હાથે કોરેલાં) ચિત્રોનું કૅટલગ મોકલું છું. આ કૅટલગનાં મુળ ચિત્રો તો કયાં યે વેચાતાં મળવા સંભવ નથી અને એની કિંમત પણ હજારો રૂપિયાથી અંકાય છે. અહીં માણસની મિલકત અને વારસામાં ચિત્રોની ખાસ ગણના થાય છે. આખી પ્રજા ચિત્રકળા—કલામાત્ર પછવાડે ગાંડી. કળા એના લોહીમાં—જીવનમાં જ છે. નાનામાં નાની ચીજથી તે મોટામાં મોટી ચીજમાં કળા જોશો જ—સિવાય કે જ્યાં પશ્ચિમનું અનુકરણ હોય.

ગિરધરલાલ કોટક

શેળો——અનુસંધાન પાન ૪૩૨થી

અમે બધા નાક આડાં લુગડાં રાખી ચોમેર એ ગંધ ક્યાંથી આવે છે તેની ખોળમાં નીકળી પડ્યા. તરત શેળાભાઇ અમારી સોબતમાંથી જુદા પડી ગયા. એણે તો એ ગંધ ઉપરથી શું હશે તે પારખી લીધું હતું. અમે હાથમાં લાકડીઓ લઇ દોડાદોડ કરતા હતા, એવામાં દૂર એક લોંકડીને કુદાકુદ કરતી જોઇ. એને પુંછડે શેળો ચોંટેલો હતો અને લોંકડીનું મોં કાંટાના ઉઝરડાથી લોહીલુહાણ થઈ ગયું હતું. અમને આવતા જોઇ એ બીની અને જીવ પર આવી જઇ એ પ્રાણીએ નાસી જવાની ઝોંટ કરી. તે પ્રયત્નમાં તેની પુંછડી છેડેથી તુટી ગઈ અને એ જીવ લઇને નાઠી.



લોંકડીની પુંછડી લાંબી હોય છે અને તેને છેડે વાળનો મોટો ગોફણો હોય છે. શેળો પોતાના મોઢામાં એ લઇને દડો વળી ગયો હતો. પણ એ દુર્ગંધ શાની આવતી હતી તેની અમને ખબર ન હતી. અમે પેલા સાથી પાસે જઇને એ હકીકત પુછી. એણે કહ્યું કે લોંકડીની પુંછડીમાંથી એવો એક પદાર્થ ઝરે છે કે જેની દુર્ગંધ ચોમેર ફેલાય છે. એની એ દુર્ગંધ સહન ન થવાથી મોટાંમોટાં સિંહ અને વાઘ જેવાં જનાવર પણ પોતાનો ખોરાક ખાધા વગર તજીને ચાલ્યાં જાય છે. પણ શેળો એવા પ્રાણીને પણ હેરાન કરી નાખે છે, અને છેવટે એ લોંકડી માથું પછાડીને મરે છે. આજે તો વળી એ નસીબદાર કે પુંછડી તુટી જવાથી બચી જવા પામી. પણ આ લડાઇમાં શેળાને બહુ શ્રમ પડ્યો હતો, એટલું જ નહિ પણ અજગર જેવાને મારતાં જેને લોહી ન નીકળે તે આ ઝપાઝપીમાં સહેજ ઘવાયો પણ હતો.

શેળો હવે બહુ બહાર ન જતો. એને પોતાના શરીર ઉપર ખુબ જ દુઃખ થતું હતું. એવામાં વળી એક દિવસ રાત્રે તે ફરવા નીકળ્યો. પણ જેના માથે ખુબ દુશ્મનો ગાજતા હોય તેમણે ચેતીને ચાલવું જોઇએ એમ આપણે સહુ માનીએ છીએ. પણ શેળાને પોતાનાં બળ, બુદ્ધિ અને બંધાઇનું અભિમાન હતું એટલે એ કદિ કોઇની ગણના કરતો નહિ. એ તો પોતાની મરજી મુજબ જ ફર્યા કરતો.


તે રાત્રે એક શિયાળ તેની પાછળ પડ્યો. શ્રમથી થાકી ગએલો શેળો પત્થરોના ઢગલા પાસે વિશ્રાંતિ લેતો બેઠો હતો, એવામાં શિયાળે પછવાડેથી પત્થરના ઢગલા ઉપર ચડી પત્થર ગબડાવ્યો, અને દડો બની શાંત પડેલા શેળાને કચડી નાખવા પ્રયત્ન કર્યો. આ અચાનક હલ્લાથી ચપળ શેળો પણ ગભરાઇ ગયો, અને પોતે અસ્વસ્થ હોવાથી નાસી જવાનો પ્રયત્ન કરવા છતાં નાસી શક્યો નહિ. નાસવાના પ્રયત્નમાં પત્થર આવી પડવાથી તેની નીચે કચરાઇ જઇ, અમારી દોસ્તીને તિલાંજલિ આપી તેણે સદાની વિદાય લીધી.

પ્રભાતમાં અમારૂં કચેરીમંડળ ભરાયું, પણ શેળો ન હતો. અમે ધારેલું કે એ રાતના ઉજાગરાને લીધે કદાચ ઉંઘતો હશે. પણ અમારી એ માન્યતા ભુલભરેલી હતી. થોડા વખતમાં તો અમારો ટીપુ એના પ્રિય મિત્રને ઘસડી લાવ્યો. ટીપુની આંખમાં દુઃખનાં આંસુ હતાં.

મરેલું પ્રાણી ફેંકી દેવા સિવાય બીજા શા ઉપયોગમાં આવે? પણ અમારી એ બાળકબુદ્ધિ ઉપર અમારો સાથી હસ્યો. એણે કહ્યું, 'શેળાઓ જીવતા કરતાં મરેલા વધારે ઉપયોગી છે. હાથી જેમ જીવતાં લાખનો અને મુએ સવા લાખનો કહેવાય છે તેમ મુએલો શેળો ફેંકી દેવો એ મુર્ખાઈ છે. અગાઉ જ્યારે દવાખાનાં ન હતાં ત્યારે નાનાં છોકરાંઓ ભરાઈ જાય (વરાધ થઇ હોય) ત્યારે મરેલા શેળાના થોડા કાંટા દેવતા ઉપર મુકી તેની ધુમાડી બચ્ચાંને આપતા. આથી તે રોગમુક્ત થઇ જાય છે. હજી યે આપણાં ગામડાંઓમાં આ ઉપાય ચાલુ છે અને દરેક ઘરમાં મરેલા શેળાનું ચામડું લોકો સાચવી રાખે છે. વિલાયતી દવાઓને લીધે એનો ઉપયોગ હમણાં હમણાં ઓછો થયો છે.

આવા અળખામણા દેખાતા, પરંતુ જીવતાં અને મુઆ પછી પણ અતિ ઉપયોગી પ્રાણીની લોકો બહુ ઓછી પરવા કરે છે એ જાણી મને તો નવાઇ લાગી. અમે તો તે પછી થોડા જ દિવસમાં બીજો શેળો શોધી લાવ્યા છીએ અને એ પણ અમારો અને ટીપુનો દોસ્ત બની ગયો છે. (સૂચિત) **મનુભાઇ જોધાણી**

ચોપડીઓ જ ચોપડીઓ



દીવાળીનું પર્વ હતું તેથી, કે કોણ જાણે કેમ, પણ ગયા મહીનામાં જેટલી ચોપડીઓ બહાર પડી છે તેટલી અગાઉ જવલ્લે જ બહાર પડી જાણી છે. તહેવારોમાં લોકો નવરા પડે ને નીરાંતે વાંચી શકે, મંગળ દિવસોમાં નવા વિચારો ને કલ્યાણકર ભાવનાઓ પામે, તથા નવા વર્ષ નિમિત્તે મિત્રો ને સંબંધીઓને ભેટ આપે, આ બધા મુદ્દા એમાં સમાએલા હશે.

બહાર પડેલાં એ પુસ્તકો વિવિધ પ્રકારનાં છે; પણ વાર્તાઓ વાંચવાનો શોખ સર્વમાન્ય છે, એટલે તે પહેલી જોઇએ. તદ્દન નવી ઢબની, ઉચ્ચ કોટિની, સ્વતંત્ર ટુંકી વાર્તાઓ લખનાર તરીકે શ્રી ધૂમકેતુનું નામ ગુજરાતી સાહિત્યમાં આજ મોખરે છે. 'તણખા.' નામના એમની ટુંકી વાર્તાઓના પહેલા સંગ્રહે એમની યોગ્ય કીર્તિ પ્રસારી છે. એમની વાર્તાઓનો બીજો સંગ્રહ **તણખા**—મંડળ બીજું (સોલ એજંટ ગુજરાત સાહિત્ય મંદિર અમદાવાદ કી. ૧-૮-૦) હમણાં બહાર પડયો છે. તેમાં એમની ૨૩ ચુંટેલી વાર્તાઓને સુંદર રૂપરંગથી બહાર પાડી છે. પહેલા સંગ્રહ વખતે એમની વાર્તાઓનો વિસ્તૃત પરિચય અમે આપ્યો છે, એટલે અહીં તો, એ વાંચવાની, અને શક્તિ હોય તેને વસાવવાની ભલામણ સિવાય વધુ કહેવાનું નથી.

શ્રી ધૂમકેતુ અને દ્વિરેફ એ ગુજરાતી સાહિત્યમાં છેલ્લા અગ્રણી નવલિકાકારો છે. ત્યાં સુધીમાં ગુજરાતી સાહિત્યમાં ટુંકી વાર્તા કેવી રીતે વિકસતી આવી, તેણે કેવાંકેવાં રૂપ ધર્યાં તેનો અભ્યાસ કરાવતા એક ઉપયોગી અગ્રલેખ સાથે, શ્રી રામચંદ્ર દામોદર શુકલે **નવલિકાસંગ્રહ** યોજીને બહાર પાડયો છે. (પ્રકાશક એમ. સી. કોઠારી વડોદરા કી. ૨-૮-૦) તેમાં ચાલુ સદીના ૧૮ મુખ્ય નવલિકાકારોની કૃતિઓની પ્રતિનિધિ રૂપ એકેક વાર્તા ચુંટીને આપી છે, ને સાથે તે તે લેખકનો, તેની કૃતિ ને શૈલિનો પરિચય કરાવ્યો છે. સાહિત્યના અભ્યાસી માટે આ પુસ્તક ઘણું મદદગાર અને માર્ગદર્શક થાય તેવું છે.

ટુંકી વાર્તાઓની જ વાત કરીએ છીએ ત્યારે નાટકને પણ સાથે જોઇ લઇએ. અને શ્રી બલવંતરાય કલ્યાણરાય ઠાકોરની 'લગ્નમાં બ્રહ્મચર્ય' નામની મધ્યયુગની એક નાની નાટિકા જે ગયા માસમાં બહાર પડી છે તે એક નાની લોકકથાને આધારે જ ગુંથેલી છે. (૦-૬-૦ની કીમતે લેખક પાસેથી—મદન ઝાંપે વડોદરાથી મળશે.) સૌરાષ્ટ્રની રસધારના ચોથા ભાગમાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ મુળ એ વાત 'દસ્તાવેજ' નામથી સજીવ કરેલી છે. વાર્તાઓના વાંચવાના રસિકોને એ નાટિકા આમોદ આપશે પણ એ સાક્ષરશ્રીનો—એમની વિદ્વત્તાનો ખરો પરિચય તો એમનાં કાવ્યો કરાવે છે. 'ભણકાર' નામનો એમનો વર્ષો પર પ્રગટ થએલો કાવ્યસંગ્રહ હજી પણ શિષ્ટ સાહિત્યની કોટિમાં ઉભો છે. તે પછીનાં એમનાં કાવ્યો હમણાં **ભણકાર**—ધારા બીજીના નામથી (પ્રકાશક પોતે જ-ઉપર પ્રમાણે; કી. ૦-૧૨-૦) બહાર પડયાં છે. જોકે એમના પહેલા સંગ્રહ જેટલી સંગીનતા આમાં નથી; પણ કેટલોક કાવ્યો સુંદર છે ને કાવ્યના અભ્યાસીને માટે એ નાનું પુસ્તક ઉપયોગી છે.

કાવ્યોનું વાંચન ચોક્કસ પ્રકારનો રસ ધરાવતા અમુક વર્ગને જ રૂચે છે, પણ ગીતો તો લોકમાન્ય છે; અને તેમાં યે રાસ. આપણા સાહિત્યના લોકપ્રિય રાસોનો કોઈ સંગ્રહ જાણવામાં નહોતો, તેની ખોટ સૌ. શાન્તિ બરફીવાળાએ **રાસકુંજ**માં જુદાજુદા ૬૪ લેખકોના ૧૭૩ રાસનો સંગ્રહ કરીને પુરી છે; એટલું જ નહિ પણ સાથે, શાસ્ત્રીય સમજણ આપતી **રાસકુંજની સરિગમ** પણ બહાર પડી છે. રાસકુંજની પ્રસ્તાવના કવિશ્રી નાનાલાલ પાસે અને સરિગમની પ્રસ્તાવના સાક્ષરશ્રી નરસિંહરાવ પાસે લખાવીને સંગ્રાહકે એ બંને પુસ્તકને ઉચિત મહત્ત્વ અર્પ્યું છે. રાસકુંજ સવા રૂપિયે અને સરિગમ બે રૂપિયે સૌ બુકસેલરો પાસેથી મળી શકશે.

પણ આ મોંઘો સંગ્રહ ન વસાવી શકે તેવાંઓને માટે પણ એક **ગીતસંગ્રહ** (બીજી આવૃત્તિ) ચરોતર એજ્યુકેશન સોસાએટીએ બે આનાની કીમતે (પાટીદાર બહેનો માટે એક આને) બહાર પાડયો છે, તે એક આનો પોસ્ટેજનો વધારે મોકલીને મંગાવી લેવા જેવો છે. શ્રી સીતારામ નથુભાઇએ એમાં જુના નવા કવિઓનાં સાઠ ગીતો ચુંટીને સંગ્રહ્યાં છે.

ગીતની જોડે સંગીત રહેલું છે તેમ આ પુસ્તકોની સાથોસાથ સંગીતશિક્ષણનું પણ એક નાનું પુસ્તક આ દીવાળીએ જ બહાર પડયું છે. અમદાવાદ ગૂજરાત મહાવિદ્યાલયના સંગીતના અધ્યાપક શ્રી શંકરરાવ પાઠક વાયોલિનના નિષ્ણાત ગણાય છે. તેમણે એ વિદ્યામાં પ્રવેશ કરાવતી **વાયોલિન શિક્ષક**ની નાનકડી ચોપડી સરળ હિંદી ભાષામાં રચી બહાર પાડી છે. વાયોલિન શીખવાનો ઉત્સાહ ધરાવનારને શાસ્ત્રીય સમજણ આપતી નોટેશન સાથેની આ બાર આનાની ચોપડી માર્ગદર્શક થઈ પડશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય લોકકેળવણીને અર્થે જે શૈલિનાં પુસ્તકો પ્રકટ કરે છે તેનાં નિર્દેષ જેવાં બે પુસ્તકો એણે હમણાં બહાર પાડયાં છે. **છોટમની વાણી** (બીજો ગ્રંથ કી રૂા. ૧ાા) સામાન્ય જનતા અને ગ્રામજનોને ભાવતો તથા **ભારતના વીર પુરુષો** (ભાગ ૧ બીજી આવૃત્તિ કી. રૂ. ૧) નાનાંમોટાં સ્ત્રી પુરુષ સૌને પ્રેરક અને જ્ઞાનદાયી.

દીવાળી આવે અને બાળ-રંજક સાહિત્ય બહાર ન પડે એ તો બને જ કેમ? ગયા વર્ષની પેઠે આ વખતે પણ ૧૯૮૫નો **બાલમિત્ર વાર્ષિક અંક** કાઢીને એના તંત્રી શ્રી ચંદ્રશંકર ભટ્ટે વાંચનશોખી બાળકોની દીવાળી બહુ આનંદમય કરી દીધી છે. રંગોળીના રંગો, મીઠાઇનો સ્વાદ અને તહેવારોનો આનંદ એ ત્રણેનાં પ્રતિનિધિ જેવાં ચિત્રો, વાર્તાઓ ને ગીતોથી

આ વાર્ષિક અંક ભરેલો છે. ગયા મહીનામાં બહાર પડેલાં બધાં બાલ-પ્રકાશનોમાં એનું સ્થાન પહેલું છે. બાલમિત્રની ઑફિસ આણંદમાંથી ગ્રાહકને બાર આને અને બીજાને એક રૂપિયે ૧૬૦ પાનાંનો એ સચિત્ર અંક મળે છે. **બાલમિત્રની વાતો** ભાગ ૨ જો અને **નળદમયંતી** એ બંને પણ શ્રી ચંદ્રશંકરનાં જ લખેલાં પુસ્તકો છે. અને લેખક કહે છે તે પ્રમાણે કલ્પના અને વિનોદ જેમને ગમે છે એવાં બાળકોને 'બાલમિત્રની વાતો'નું પુસ્તક તો બહુ ગમશે. બીજામાં નળ-દમયંતીની કથા બાળવાર્તા રૂપે ગુંથીને ત્રણ સુંદર ચિત્રો સાથે આપી છે. (કીમત પહેલાની ૦-૯-૦, બીજાની ૦-૩-૦ પ્રકાશક બંનેના–પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા.)

બાળકો માટે સાહિત્ય લખવાના પ્રયત્નો કરનારમાં સુરતના **શ્રી જેઠાલાલ** છ. ચૌધરી હમણાં હમણાં પરિચિત થયા છે. એમણે બાળસાહિત્યમાં નવી જ દિશા ખોલી છેઃ તે બાળ-નાટકોની. આપણે ત્યાં બાળનાટકો નથી; જે છે તે સંવાદો જેવાં છે એમ લેખક માને છે, અને એ ઉણપ પુરવા માટે એમણે **સીતાહરણ** (ત્રિઅંકી), **રાજસૂય યજ્ઞ** (અંક ૧: જરાસંધ વધ) તથા **ડાહ્યું કોણ** (એકઅંકી) એમ ત્રણ નાટકો (અનુક્રમે ૦-૫-૦, ૦-૪-૦ અને ૦-૩-૦ની કીમતે ગોપીપુરા સુરતથી) બહાર પાડયાં છે. અમને તો લાગે છે કે બાળકોને તે વાંચવાં ગમે તેવાં છે, અને આપણે ત્યાં બાળકોને ભજવવાનાં નાટકો નથી એવે વખતે ઉપયોગી થઇ પડે એવાં છે. એમની જ લખેલી બે બાલવાર્તાઓ **બજરંગી હનુમાન** (૦-૩-૦) અને **કંસવધ** (૦-૨-૦) પણ રસ આપશે.

બાળજીવનના તંત્રી શ્રી રમણલાલ નાનાલાલ શાહના બાળસાહિત્ય રચવાના પ્રયત્નો જાણીતા છે. રૂપાળાં રૂપરંગ વાળાં એમનાં બે સચિત્ર પુસ્તકો **હંસરાણી** (૦-૮-૦)અને **બાલ હાસ્ય**(૦-૯-૦)મુંબાઈ પ્રિન્સેસ સ્ટ્રીટની જનરલ બુક ડીપો તરફથી બહાર પડયાં છે. પહેલું એક બાલરોચક અંગ્રેજી વાર્તા ઉપરથી છે, બીજામાં હસામણી ટુંકી વાર્તાઓ છે.

શ્રી દક્ષિણામૂર્તિ વાળી પેલી **બાળસાહિત્યમાળા**ની નાનીનાની પુસ્તિકાઓની ધારા એકસરખી ચાલુ જ છે. શબ્દ-પોથી, વાક્યપોથી, ચિઠ્ઠીપોથી, નાના પાઠો, મોટા પાઠો, નાની વાતો, ઘરમાં, આંગણામાં, શેરીમાં, બાળશાળામાં, ગામમાં, અને ફરવા જઇએ, એ બાર પોથીઓ હમણાં નીકળી છે, તેની સાથે તેની લોકપ્રિયતા બતાવતી, એ માળાના પહેલા સેટની બીજી આવૃત્તિ પણ નીકળી છે. પાંચ મહીનામાં આ માળાની બીજી આવૃત્તિ નીકળવા વખત આવે એ જ એનો બહોળો પ્રચાર સૂચવે છે. હજી ન વસાવી હોય તેને તક છે.

કુમારના પહેલા વર્ષમાં વાચકોને આકાશદર્શન કરાવનાર શ્રી હરિહર ભટ્ટ આજ ચાર વર્ષથી **પ્રત્યક્ષ પંચાંગ** વર્ષોવર્ષ પ્રસિદ્ધ કરે છે તે આખા હિંદુસ્તાનમાં સૌથી સૂક્ષ્મ ગણિત વાળું પંચાંગ ગણાય છે. બીજાં ચાલુ પંચાંગોનો આકાશ સાથે મેળ ખાતો નથી, તેથી તેઓ આકાશદર્શન, ફલજ્યોતિષ ને ધર્મકૃત્યો માટે નકામાં ઠરે છે; એને બદલે આ પ્રત્યક્ષ પંચાંગ આકાશ સાથે મિનિટે મિનિટ મળી રહે છે એવો પ્રકાશકનો દાવો છે. શ્રી કૃષ્ણરામ વ્હાલજી ભટ્ટ એના ધર્મશાસ્ત્ર તથા ફલજ્યોતિષ વિભાગના કર્તા છે. બધા બુકસેલરો તે વેચે છે. (કી. ૪ આના; પો. ૦॥। આનો.)

જીવવિચાર પ્રવેશિકા લેખક-પ્રકાશક ધીરજલાલ ટોકરશી શાહ, ચીમનલાલ નગીનદાસ બોર્ડિંગ અમદાવાદ. કી. ૦-૧-૩. **દંપતી જીવન દીપિકા:** લે. મોહનલાલ દી. ચોકશી, પ્રકાશક સ્તંભતીર્થ જૈનમંડળ મુંબાઇ; ૦-૨-૦. **વીરધર્મનો પુનરુદ્ધાર** લે. મુનિશ્રી ન્યાયવિજયજી; પ્રકાશક શ્રી વિજયધર્મ પ્રકાશક સભા ભાવનગર; અમૂલ્ય. **ગુજચરણે** (કાવ્ય) લેખક પ્રકાશક ભક્ત, નડિયાદ. **સમાજ દર્શન** અથવા જૈન વસ્તીની વર્તમાન સ્થિતિ અને તેના ઉદયનાં સાધનોઃ પ્રકાશક ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી રીચીરોડ અમદાવાદ. **શક્તિનું સંસ્કરણઃ** ભાવનગર સ્ત્રી કેળવણી મંડળ ને મહીલા વિદ્યાલયનો ૧૯૨૭-૨૮નો વૃત્તાંત. **શિવમહિમ્નસ્તોત્ર** ગુજરાતી ભાષાંતર સાથેઃ વિનામૂલ્યે જોશી વૃંદાવન માણેકલાલ (કાળુપુર નવા દરવાજા કંસારાવાડ અમદાવાદ) પાસેથી મળશે. યુવકમંડળ પત્રિકા નં. ૧થી૪ પ્રકાશક કરજણ તાલુકા કાર્યાલય.

અંત્યજ સેવામંડળ નવસારીનો સં.૧૯૮૩નો હેવાલ અને હિસાબ
સમાજ સેવામંડળ મોંબાસાનો ઇ.સ. ૧૯૨૭નો ,, ,,
આપારાવ ભોળાનાથ લાયબ્રેરી અમદાવાદનો ,, ,,
કડવાપાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડીનો ,, ,,
શ્રી ગોપાળકૃષ્ણ સનાતન સિદ્ધપુરનો ત્રિવાર્ષિક રીપોર્ટ



માધુકરી

ભારતમૈયા પડી ધવાયે અરે ધસો ઝટ સાહ્યે,
લાખ જખમ પણ પલક રૂઝાશે એક શૂરની છાંયે!—ભારતી ભૈયા રે.

એક હાથ રક્ષક વીરાનો સો ઘાતક શરમાવે,
ધર્મ સ્વદેશ થકી લડતાં પણ મરવું મૃત્યુ દીપાવે!— „

ઓ આ શંખ પ્રબળ ફુંકાયા ડંખ દિલોદિલ લાગે,
હરહર વીર અદલ કાજે આ અમુલખ અવસર જાગે!— „ કવિ ખબરદાર

ઇતિહાસમૂર્તિ ગૌરીશંકર હીરાચંદ ઓઝા

જે પ્રજાએ પોતાની હકીકતો અને ગાથાઓ સાચવી ને સંરક્ષી છે તે પ્રજા પ્રગતિશીલ હોય છે. માત્ર આપણો દેશ જ એવો છે જેણે ઇતિહાસની જોઇએ તેટલી સંભાળ રાખી નથી. આજે આપણે એ બેદરકારી ને ગફલતીનાં ફળ ભોગવીએ છીએ. હમણાં આંખ ઉઘડી છે ને તેથી આપણા તેજસ્વી, ગૌરવાન્વિત અનેકરંગી ઇતિહાસને ફરી શોધવા લાગ્યા છીએ.

જોકે આવી શોધ કરનાર હજી તો આંગળીને વેઢે ગણી શકાય એટલા જ છે. પણ એમાં યે ગુજરાતભરમાં એવા શોધકો કેટલાક પાકયા? સ્વ. ભગવાનલાલ ઇંદ્રજી સરખા કેટલા? સદ્‌ભાગ્યે આશાકિરણ ફુટતાં જાય છે અને કેટલાક નવજવાનોમાં ઇતિહાસપ્રેમ જાગ્યો છે.

અત્યારના આપણા જીવંત ઇતિહાસપંડિતોમાંના એક મહામહોપાધ્યાય રાયબહાદુર પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝા છે. ગુજરાતનું કે રાજપુતાનાનું જ નહિ પરંતુ સમસ્ત ભારતવર્ષનું એ એક અજબ રત્ન છે. હિંદુસ્તાનભરના ગણ્યાગાંઠ્યા ઇતિહાસવેત્તા અને પુરાતત્ત્વજ્ઞોમાં એમનું સ્થાન અદ્વિતીય છે. એમનું ઇતિહાસનું જ્ઞાન કેવળ પુસ્તકિયા નથી, પણ આજ ચાળીસ ચાળીસ વર્ષના સતત અભ્યાસ, જાતિઅનુભવ અને મહેનતને પરિણામે ઇતિહાસના તેઓ સમુદ્રરૂપ છે. શું રોમ કે ગ્રીસ, શું સોલંકી કે ચાવડા, શું મગધ કે તક્ષશીલા, શું સિંધ કે ગુજરાત-એ સર્વ દેશના ઇતિહાસનાં દ્વાર એમણે ઉઘાડી નાખ્યાં છે. ગુજરાતમાં તેમનું નામ એટલું બધું પ્રચલિત નથી, પણ રાજપુતાના, મધ્યપ્રાંત ઉત્તરહિંદને કાશ્મીરમાં તેઓ અત્યારે એટલા પ્રખ્યાત છે કે હરેક ઇતિહાસપ્રિય મનુષ્યના મોંએ એમનું નામ રમી રહે છે, એટલું જ નહિ પણ રાજપુતાનાના દરેક જુદાજુદા સ્થળના રાજાઓ આગળ પણ તેમનું માન છે. તેમની આ વિદ્વત્તાની કદર કરીને ગયા હિંદી સાહિત્ય સંમેલનનું પ્રમુખસ્થાન તેમને આપવામાં આવ્યું હતું. હિંદના આવા આ સમર્થ ઇતિહાસજ્ઞનો ઇતિહાસ પણ આપણે જાણવો જોઇએ.

કોઈની કલ્પનામાં પણ ન આવી શકે એવા દૂરદૂરના સીરોહી રાજ્ય (આબુ)ના રોહીડા (રોહિતપુર) નામના ગામડામાં ઔદીચ્ય સહસ્રાન્તર્ગત ગોરવાળ જ્ઞાતિમાં હીરાચંદ પીતાંબરને ઘેર ઈ. સ. ૧૮૬૩ના સપ્ટેંબરની ૧૫મી તારીખે આપણા ગૌરીશંકરજીએ આ અવનિ ઉપર ઘુમવાનાં મંડાણ માંડયાં. સામાન્ય કુટુંબમાં એક અતિ સામાન્ય ઠેકાણે અવતરવાથી એમના ભણતરનો આરંભ પણ સામાન્ય રીતે જ થયો. સામાન્ય હિંદી, ગણિત વગેરે શીખ્યા; સાથેસાથે આઠમે વર્ષે યજ્ઞોપવિત સંસ્કાર થયા પછી એમણે વેદાધ્યયન શરૂ કર્યું અને યજુર્વેદીય સંહિતા મુખપાઠ કરી. પરંતુ એ સંસ્કારી જીવ સામાન્ય સગવડોથી સંતુષ્ટ થાય એમ ન હતું. અંતે મુંબાઈ ગયા. પણ મુંબાઈ ગયા તે કાંઈ આજની આગગાડીની સગવડે નહિ; તે વેળાએ આગગાડી અમદાવાદથી જતી. ચૌદ વરસનું આ માયકાંગલું શરીર મનોબલને લીધે મુંબાઇ પહોંચ્યું. પોતાના મોટાભાઈના પ્રોત્સાહનથી એ આગળ વધવા લાગ્યા. એલ્ફિન્સ્ટન શાળા મારફત ૧૮૮૫માં વિનીત (મૅટ્રિક) થયા.

વિનીત સુધીના વિદ્યાર્થીજીવનમાં જ એમના અત્યારના કાર્યની ભૂમિકા રચાઈ. નિશાળના અભ્યાસ ઉપરાંત એ બીજું ઘણું વાંચતા. આમાં ઇતિહાસનો વિષય એમને વધારે પસંદ પડતો. ગ્રીસ કે રોમ કે કોઈ બીજા દેશ વિષે કાંઈ પણ વાંચે ત્યારે એમના હૃદયમાં થતું કે 'મારી ભારતમાતાનો ઇતિહાસ ક્યારે વાંચીશ?' અત્યારની પ્રબળ ઇતિહાસશોધનું આ ઉદ્‌ગારમાં બીજ છે. અને અભ્યાસવૃત્તિની એમની તીવ્રતા પણ કેટલી! મ્યુનિસિપાલિટીની બત્તીએ એ અભ્યાસ કરતા!

વિનીત થઈ મહાવિદ્યાલયમાં પ્રવેશ્યા. પણ પરીક્ષા વખતે

બીમાર પડ્યા અને તેથી તેમને શેહીડા ચાલ્યા જવું પડ્યું. પણ ઇતિહાસ અને શોધખોળને પ્રેમ વધારે ને વધારે પ્રજ્વલિત થતો જતો હતો, તેથી તેઓ ફરી મુંબાઇ ગયા. ત્યાં મહાવિદ્યાલયનો અભ્યાસ તો ચાલુ કરી શક્યા નહિ, પણ પ્રાચીન ઈતિહાસ, પ્રાચીન લિપિઓ, પુરાતત્ત્વ વિષયક ગ્રંથોનું તથા લેખોનું અવલોકન વગેરે કામમાં ખુબ મચી પડ્યા. દરમ્યાન પોતાના નિર્વાહ માટે એચાર વિદ્યાર્થીને ભણાવતા. તે વેળા સ્વ. ભગવાનલાલ ઇંદ્રજી ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ લખતા હતા. એમની પાસે ગૌરીશંકરજી છ મહિના સુધી રહ્યા. અહીં અભ્યાસ ખુબ આગળ વધ્યો. એટલામાં કર્નલ ટૅાડનું લખેલું 'રાજસ્થાન' વાંચ્યું. રાજપુતોની વીરતા, આત્મત્યાગ અને સ્વદેશપ્રેમે એમને એટલા મુગ્ધ કર્યા કે રાજપુતાનાના એકેએક રાજ્યનાં જુનાં હસ્તપત્રો તાલપત્રો વગેરેનો અભ્યાસ કરી રાજપુતાનાનો એક વિસ્તૃત ઇતિહાસ લખવાનો એમને અભિલાષ પ્રગટ્યો. તરત એને અંગેની સામગ્રી પ્રાપ્ત કરવા પાછળ મંડ્યા. આ કાર્ય માટે પોતે ઈ. સ. ૧૮૮૮માં ઉદયપુર ગયા અને એમનો ઇતિહાસપ્રેમ જોઈ રાજ્યે ત્યાંના ઇતિહાસ કાર્યાલયના મંત્રી તરીકે એમની નીમણુક કરી. હવે તો સંજોગ સાનુકૂળ થવા લાગ્યા. એમના અભ્યાસ અને ઉત્સાહને કારણે, થોડા સમય પછી ઉદયપુરમાં વિક્ટોરિયા હૅાલ તથા સંગ્રહાલય (મ્યૂઝિયમ) સ્થપાયાં ત્યારે તેઓ એના અધ્યક્ષ બન્યા, અને સંશોધનનું કામ વેગપૂર્વક ચાલવા લાગ્યું.

શોધખોળ કરવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થવાને કારણે લગભગ સન ૧૮૯૫માં 'પ્રાચીન લિપિમાળા' નામે એક વિદ્વત્તાપૂર્ણ મૌલિકગ્રંથ એમણે પ્રગટ કર્યો. આવા ગ્રંથને અભાવે પ્રાચીન લિપિઓનો અભ્યાસ થઈ શકતો ન હતો. પંડિતજીએ આ ગ્રંથ મારફત અભ્યાસીઓને ભારે ઉમદા સગવડ કરી દીધી. આ પુસ્તકની પ્રસિદ્ધિ થતાં જ દેશની વિદ્યાપીઠોએ એ વિષયને અભ્યાસક્રમમાં દાખલ કર્યો. દેશવિદેશમાં પણ એ ગ્રંથે અત્યંત કીર્તિ મેળવી અને એની લોકપ્રિયતા તથા ઉપયોગિતાને લીધે, રૂા. ૩ની મુળ કીમતને બદલે, અછત જણાતાં તેની કેટલીક નકલો રૂા. ૫૦)ની કિંમતે વેચાઇ. થોડા જ સમયમાં એની પહેલી આવૃત્તિ ખપી ગઇ.

આવા પ્રકારનો અણચિંતવ્યો આવકાર મળવાથી પંડિતજીને ભારતીય ઐતિહાસિક ગ્રંથમાળા પ્રકાશિત કરવાનો મનોરથ થયો. 'સોલંકીઓનો પ્રાચીન ઇતિહાસ' એ માળાનું પ્રથમ પુષ્પ છે. આ માળા પ્રથમ પુષ્પથી અધુરી રહી. હવે તો એમની વિદ્વત્તા ભલભલા વિદ્વાનોને પણ આકર્ષવા લાગી. હિંદની ભાષાઓના અભ્યાસી ડૉ. ગ્રીઅર્સને ઉદયપુરની ભાષાઓ તારવવાનું કામ એમને જ સોંપ્યું હતું. લૉર્ડ કર્ઝનની આજ્ઞાનુસાર હિંદના ઇમ્પીરિયલ ગેઝેટીઅરની માળાનો ઉદયપુર વિભાગ પણ એમને જ સોંપાયો હતો. જે જે કામો એઓ હાથ ધરતા તે તે સર્વાં સર્વાંગી સફળતા પ્રાપ્ત કરતાં. આમ



શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા

૧૯૦૮ સુધી તેઓ ઉદયપુરમાં રહ્યા અને ત્યાં ઇતિહાસ તથા પુરાતત્ત્વ વિષયક એટલી બધી સમૃદ્ધિ ભેગી કરી કે જેનો જોટો બીજા કોઈ પુસ્તકાલયમાં આજ મળી શકતો નથી.

ઈ. સ. ૧૯૦૮માં પુરાતત્ત્વને અંગે અજમેરમાં અંગ્રેજ સરકાર તરફથી એક સંગ્રહાલય સ્થપાયું ને ગવર્નર જનરલના એજન્ટે ઉદયપુરના મહારાણા પાસેથી ગૌરીશંકરજીને માગી લીધા; ત્યારથી અત્યાર સુધી તેઓ અજમેરમાં જ છે.

પોતાની વિદ્વત્તાનો એમણે જનતાને કેટલો લાભ આપ્યો છે? (૧) પ્રાચીન લિપિમાળા: (જેની બીજી આવૃત્તિ ૧૯૧૮માં ઘણા સુધારાવધારા સહિત પ્રસિદ્ધ થઈ છે) પ્રાચીન લિપિઓ વિષેનો પ્રમાણભૂત ગ્રંથ અને પંડિતજીનો એક કીર્તિસ્તંભ. (૨) ટૅાડ રાજસ્થાનનો હિંદી અનુવાદ: એ માત્ર અનુવાદ જ નથી પરંતુ વિશેષ શોધખોળ કરીને તેમાં જ્યાંજ્યાં જરૂર પડી છે ત્યાંત્યાં પ્રમાણસર વિસ્તૃત નોંધો લખી છે. એ રીતે આ અનુવાદ અનેકગણો ઉપયોગી ને પ્રમાણભૂત થયો છે. (૩) ટૅાડનું જીવનચરિત્ર પણ આ સાથે જોડ્યું છે. પણ આથી સંતોષ ન પામતાં હવે (૪) રાજપુતાનાનો વિસ્તૃત ઇતિહાસ લખવાનું કાર્ય એમણે આરંભ્યું છે. બે ગ્રંથો પ્રગટ થઈ ગયા, ત્રીજો છપાય છે અને હજી બીજા કેટલાક (લગભગ પાંચ) ગ્રંથો લખાશે. એ ઇતિહાસગ્રંથે એમની આગલી કીર્તિને અધિકતર અજવાળી છે. એ ગ્રંથ એટલો અમૂલ્ય છે કે એની મહત્તા એના વાંચનથી જ સમજાય. બાળક પણ સમજી શકે એવી સહેલી પણ ગૌરવભરી ભાષા, ઠેરઠેર જણાતા શોધખોળના ચમકારા અને તેમાં ભરચક ભરેલી વિદ્વત્તા જોઇને, એ ગ્રંથ વાંચતા, એ મહાન ઇતિહાસવેત્તા તરફ પૂજ્યભાવ થાય છે. આ વિસ્તૃત ઇતિહાસના આલેખન સાથે સાથે (૫) ઉદયપુર રાજ્યના ઇતિહાસનો પ્રથમ ખંડ બહાર પાડ્યો છે. એ ઉપરાંત (૬) સીરોહી રાજ્યનો ઇતિહાસ (૭) બાપા રાવળના

સોનાના સિક્કા (૮) ભારત પ્રાચીન ઇતિહાસની સામગ્રી (૯) રાજસ્થાન ઐતિહાસિક દંતકથા (૧૦) નાગરી એક અને અક્ષર ગ્રંથો એમણે દેશને આપ્યા છે. તે સિવાય (૧૧) અશોકની ધર્મલિપિઓ, (૧૨) સુલેમાન સોદાગર (૧૩) પ્રાચીન મુદ્રા નાગરી પ્રચારિણી પત્રિકા વગેરેના તેઓ સંપાદક છે. આ ટુંકી નોંધમાં તે એમની કેટકેટલી પ્રવૃત્તિ નોંધીએ? ઇતિહાસની, હિંદી સાહિત્યની ને એ દ્વારા રાજપુતાનાની, ગુજરાતની, ભારતવર્ષની અને દુનિયાની એમણે જે સેવાઓ કરી છે તેનો વિગતવાર ઇતિહાસ તો કોઈ દહાડો વાંચીશું.

પંડિતજીની કદર સરકારે ૧૯૧૪ તથા ૧૯૨૫માં અનુક્રમે રાયબહાદુર તથા 'મહામહોપાધ્યાય' એ ઉપાધિઓ બક્ષીને કરી છે. આ ઉપાધિઓ વેચાતી લીધેલી નથી, પણ પંડિતજીએ આપબળે એ પ્રાપ્ત કરી છે.

આપણામાંના કેટલાક એમને લખાણો દ્વારા જાણતા હતા, પણ પ્રત્યક્ષ દર્શનનો લાભ તો નડિયાદે અપાવ્યો. નડિયાદની નવમી સાહિત્ય પરિષદ્‌ના ઇતિહાસ વિભાગના તેઓ અધ્યક્ષ હતા. કેટલાકને પ્રશ્ન થયો હતો: આ મારવાડી ગૃહસ્થ ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં આ સ્થાને કેમ? ગુજરાતની ઉત્તર સીમા ઉતરતી જાય છે અને આજે તે સિદ્ધપુર લગભગ આવી પહોંચી છે. પરંતુ મુળ દૃષ્ટિએ વિચારતાં આબુ એ ગુજરાતનો જ ભાગ ગણાય. પંડિતજીનો ઝાઝો કાળ રાજપુતાનામાં ગયો છે એટલે એમને શિષ્ટ ગુજરાતીનો પરિચય નથી, પરંતુ એમના વ્યાખ્યાન તેમજ વાતચિત પરથી ચોક્કસ લાગતું હતું કે એઓ ગુજરાતીમાં પણ લખી બોલી શકે છે. વિભક્તિના પ્રત્યયોમાં ફરક પડે એથી એ ગુજરાતી મટી જતા નથી. શા માટે એઓ પોતાની જાતને મારવાડી કહેવડાવતા હશે?

નડિયાદની પરિષદ વખતે એમણે ઉદારતાપૂર્વક કહ્યું છે કે ઇતિહાસસંશોધન માટે શિલાલેખોની નકલો લેવાની રીત શીખવા માટે, સિક્કાઓ ઇત્યાદિના શિક્ષણ માટે જો કોઈ પણ ગુજરાતીઓ મારી પાસે આવશે તો હું તેમને ખુશીથી એ બધું શીખવીશ. પોતાના શિષ્યો સાથે વર્તતાં તેમણે કશી ગુરુકુંચી રાખી નથી, અને કેટલાકોએ તેનો ગેરલાભ પણ લીધો છે; છતાં શિષ્યો પ્રત્યેની તેમની ઉદારતા તો એકસરખી જ છે. એમના આ ઉદાર આમંત્રણનો લાભ લેવા કોઈ ગુજરાતી જુવાન તૈયાર થાય છે?

આપણું એ ગરવું ઘરેણું છે. હિંદને દુનિયાભરમાં વધુ માન અપાવનાર પંડિત ગૌરીશંકરજીની સાદી રહેણીકરણી અને એમનો શાંત સ્વભાવ, એમની ચીવટ, ચોકસાઇ ને પ્રામાણિકતા તથા આજ ૬૬ વર્ષની ઉમરે પણ અવિરત શ્રમ કરવાની એમની શક્તિ કાયમ રહો, તથા એમના અપૂર્ણ ગ્રંથભાગોની ઇતિશ્રી કરવાનો પ્રભુ એમને અવકાશ આપો. (મળેલું)

દિશાએ જવું

અમસ્તો તો દિશાએ જવાનો પ્રશ્ન નજીવો ગણાય. હાજત થાય તો જવું ને ન થાય તો ન જવું એમ ચાલ્યું જાય છે; અને એ તરફ આપણું ધ્યાન પણ ભાગ્યે જ જાય છે.

દરરોજ સવારના હાજત થાય અને શરીરનો કચરો બહાર કાઢી નખાય એ ટેવ આરોગ્ય માટે સૌથી સરસ છે. આજે તો કંઇક વધુ પડતા બેઠાડુ ભણતરને લીધે, કંઈક ઓછા શરીરશ્રમને લીધે અને કંઈક વિદ્યાર્થી અવસ્થામાં પણ વિલાસને લીધે કેટલા યે વિદ્યાર્થીઓને સવારમાં હાજત થતી નથી. જરા આગળ પડીને બોલીએ તો દસ્તકબજીઅત અને માથાનો દુખાવો એ બે તો આજે વિદ્યાર્થીઓના મિત્રરોગો બની ગયા છે. આ રોગમાંથી બચવા માટે તેનાં ઉત્પાદક કારણોને આપણે નાબુદ કરવાં જોઇએ. શરીરને પુરેપુરો શ્રમ મળે તે માટે મેદાની રમતો વગેરે પુષ્કળ રમાવાં જોઇએ. તે રમાય તો આ ફરિયાદ રહે જ નહિ.

કેટલીક વાર તો સવારે દિશાએ જવાની ટેવ જ પાડવી પડે છે; સવારમાં હાજત થતી જ નથી. આવી ટેવ પાડવા માટે આપણે સંયોગ પ્રમાણે અનેક ઉપાયો લઇ શકીએ. સવારના પહોરમાં ઉઠીને એક પ્યાલો ટાઢું પાણી પી લેવાથી આ ટેવ પડે ખરી. જેનાં આંતરડાં વધારે કઠણ હોય તે રાતના ઉના દુધમાં ઘી નાખીને પીએ. આજે તો છાત્રાલયોમાં અને ખાસ કરીને કૉલેજોની હૉસ્ટેલોમાં દરેક વિદ્યાર્થી અમુક અમુક વખતે ફ્રુટ સૉલ્ટ (fruit salt) કે એવા જ કોઈ પદાર્થનો ઉપયોગ કરતો થઈ જાય છે અને જતે દિવસે પોતાનાં આંતરડાંને વધારે નિર્બળ બનાવે છે. આજકાલ જરા વધારે સુધરેલા વિદ્યાર્થીઓમાં બસ્તી લેવાની રીત શાસ્ત્રીય રીત તરીકે ચાલવા લાગી છે. વાત તો એ છે કે આ બધા ગુંચવણિયા ઉપાયો જેટલા ન લેવાય તેટલા સારા. ઉગતો જુવાન દરરોજ સવારમાં એક વાર શરીર આખાનો મળ હડસેલી કાઢવાની પણ તાકાત ન ધરાવે અને આવા તેવા ઉપાયોની મદદ લે એથી વધારે શોચનીય શું હોય?

આ તો થઇ સવારની ટેવની વાત. પણ દિશાએ જવાનો સવાલ એ કાંઇ સાવ સાદો સવાલ નથી. એ સવાલને આપણે વ્યક્તિગત સ્વચ્છતાની દૃષ્ટિથી પણ અવલોકી શકીએ, સામાજિક આરોગ્યની દૃષ્ટિથી પણ અવલોકી શકીએ, અને સામાજિક રીતભાતની દૃષ્ટિથી પણ તેમાં કંઇક કહી શકીએ.

દિશાએ જવાના પ્રશ્નમાં આપણે સ્વચ્છતા બીલકુલ જાળવતા નથી. કેટલાક એકાદ ભુંડાભુખ ડબલામાં પાણી ભરીને તેનો ઉપયોગ કરે છે. કોઇકોઇ સ્થળે તો ગમે તેવું મેલું પાણી પણ દિશાએ જવામાં ચાલે એવી માન્યતા હોય છે, અને ઘણી વાર તો નાનીશી ટબુડી જેટલું પાણી આ કામને માટે પુરતું ગણવામાં આવે છે. આ બધું ન ચાલે. મેલું પાણી હરગીઝ ન વાપરીએ અને જે પાણી લઇ જઇએ તે પુરતા પ્રમાણમાં લઇ જઇએ એટલું તો આપણે કરવું જ જોઇએ. દિશાએ જઇને આવ્યા પછી હાથપગ બરાબર સાફ કર્યા વિના

બીજા કામે ન ચડાય એ પણ ઓછું જરૂરી નથી.

આજે કેટલા યે લોકો જ્યાં આવે ત્યાં દિશાએ જવા બેસી જાય છે અને આવા જ્યાંત્યાં બેસવાને ખુલ્લામાં બેસવાનું નામ આપી આપણે મલકાઇએ છીએ. આ વસ્તુ સમાજના આરોગ્યની દૃષ્ટિથી એકદમ નાબુદ થવી જોઇએ. જ્યાં થોડીઘણી પણ વસ્તી હોય ત્યાં તો આ ખુલ્લામાં જવાનો અખતરો કરવા જેવો જ નથી, અને કરીશું તો આપણે ખત્તા જ ખાવાના છીએ. જ્યાં ખુલ્લાં મેદાનો સુલભ હોય ત્યાં પણ એ સ્થાનો કેવી રીતે વપરાવાં જોઇએ તેનો યથાર્થ વિચાર તો કરવાનો રહે છે જ. પાયખાનાંમાં, ખેતરમાં કે ખુલ્લાં મેદાનોમાં, ગમે ત્યાં પણ મેલું હોય તેના પર ધુળ વાળવાની ઉપયોગિતા તો સમજાવી જોઇએ. મોટાં શહેરોમાં જ્યાં પાણીથી બાજરૂ તરત ધોવાઇ જાય તેવી રીત ચાલે છે ત્યાં આવું કશું કરવાપણું રહેતું નથી.

છેવટે સામાજિક રીતભાતનો સવાલ જોઇ લઇએ. લોકોનો અવરજવર હોય એવાં સ્થાનોમાં દિશાએ જવું અને પછી કાં તો એમ ને એમ બેસી રહેવું યા તો વારંવાર ઉભા થવું એ ઘણી વાર માણસને ચીતરી ચડાવે તેવું છે. બીજાઓની આ ચીતરીનું આપણે થોડુંએક ભાન રાખવું જોઇએ. હું આફ્રિકા જતો હતો ત્યારે સ્ટીમરનાં થર્ડ ક્લાસનાં સંડાસોમાં બધા બોલબોલ કરે તે જોઇ મને ભારે આશ્ચર્ય થએલું. આજે પણ પેશાબ કરતાંકરતાં અને દિશાએ જતાંજતાં બોલવાનો રિવાજ પ્રચાર પામતો જાય છે. આમાં ધર્માધર્મનો કે નીતિ અનીતિનો જરા યે પ્રશ્ન નથી; છતાં યે સમાજની સભ્યતાની દૃષ્ટિથી આ વસ્તુ સારી તો નથી જ, એટલું સમજાઇ જવું જોઇએ. —નાનાભાઇ (છાત્રાલય)

ઍલ્યુમીનિયમ

ઓગણીસમી સદીમાં વિજ્ઞાને જે કેટલીએક મહાન શોધો કરી તેમાં અગ્રસ્થાન ઍલ્યુમીનિયમ ધાતુને આપી શકાય. વાસણો તરીકે ઍલ્યુમીનિયમ ધાતુનો ઉપયોગ આપણાં ઘરોમાં વધતો જાય છે, કારણકે આ ધાતુ વજનમાં હલકી હોવા ઉપરાંત તેનામાં બીજી ધાતુના પુરતા ગુણો છે. આથી તેનાં વાસણોનો ઉઠાવ જલદી થાય છે.

ઈ. સ. ૧૮૨૭માં વોહ્લર નામના વિજ્ઞાનીએ 'ઍલ્યુમીના' અને 'સોડિઅમ' ધાતુના સંયોગથી સૌથી પહેલી ઍલ્યુમીનિયમ ધાતુ બનાવી પણ આવી રીતે તૈયાર કરેલી ધાતુ અતિશય મોંઘી પડતી. ઇ. સ. ૧૮૮૬માં હેરોલ્ટ અને હૉલ નામના બે રસાયણશાસ્ત્રીઓએ વિજળીના પ્રવાહની મદદથી ઍલ્યુમીનિયમ મેળવવાની શોધ કરી.

ઍલ્યુમીનિયમ પાઇપ ક્લે નામની માટીમાંથી બનાવવામાં આવે છે. આ માટીમાં ઍલ્યુમિનિયમનો ક્ષાર (સિલિકેટ ઑફ ઍલ્યુમિનિયમ) હોય છે. માટીનો ઝીણો ભુકો કરી તેમાં ગંધકનો તેજાબ (સલ્ફ્યુરિક ઍસિડ) રેડી, થોડા વખત સુધી ગરમ કરી તે મિશ્રણ હવામાં ખુલ્લું રાખી મુકવાથી ફટકડી બનાવી શકાય છે; તેમાંથી ઍલ્યુમીનિયમ ઑક્સાઇડ (એટલે કે 'ઍલ્યુમીના') બને છે. આ 'ઍલ્યુમીના'માંથી વિદ્યુત્પ્રવાહના બળ વડે ઍલ્યુમીનિયમ ધાતુ મેળવી શકાય છે.

હિંદુસ્તાનમાં આ ધાતુનો મુખ્ય ઉપયોગ વાસણોમાં જ થાય છે, પરંતુ યૂરોપ અમેરિકામાં તો વિજળીવાહક તાર, મોટરો, સાયકલો અને ઍરોપ્લેનો વગેરે ઍલ્યુમીનિયમમાંથી બનાવાય છે. લડાઇ વખતે લશ્કરી સામાન લઇ જવા લાવવા માટે ઍલ્યુમિનિયમનાં બનાવેલાં ગાડાંનો પુષ્કળ ઉપયોગ થાય છે. એના આવા બહોળા ઉપયોગને લીધે તે મોટા જથ્થામાં કેમ બનાવવું તેના પ્રયત્નો થયા જ કરે છે. તે માટે પહેલો પ્રયત્ન સને ૧૮૮૬માં થયો. તે વખતે આખી દુનિયા ઉપર ફક્ત ત્રણેક ટન જેટલું ઍલ્યુમીનિયમ બન્યું હતું. હાલમાં દર વર્ષે ૪૦,૦૦૦ ટન ઍલ્યુમીનિયમ બને છે અને દરેક રતલની કીમત ૮થી ૧૦ આના પડે છે.

ઍલ્યુમીનિયમ સફેદ, શુદ્ધ ધાતુ છે. તેનું વિશેષગુરુત્વ (સ્પેસિફિક ગ્રૅવિટી) ઘણું ઓછું છે. વપરાશમાં તે મજબુત અને ટકાઉ હોઇને તેનાં વાસણો અને ઉપરોક્ત બીજી વસ્તુઓ બનાવતાં સરલતા પડે છે. પશ્ચિમના દેશોમાં તો રાંધવાનાં વાસણો તરીકે આ ધાતુનો ઉપયોગ ખુબ જ થાય છે, અને આપણે ત્યાં પણ તેમ થવા માંડ્યું છે; પરંતુ છેલ્લી વૈદ્યકીય શોધો પ્રમાણે તે વાસણો રાંધવામાં વાપરવાં સલાહભર્યાં નથી. જોકે તેનો કાટ ત્રાંબા કે પિત્તળના કાટ જેટલો ઝેરી નથી ગણાયો અને ખટાશ તથા મીઠાવાળા પદાર્થો ઍલ્યુમીનિયમ ઉપર નજીવી અસર કરે છે. આ ધાતુને અતિશય ગરમ કરવાથી તે સહેજ કાટ થાય છે. સુરોખારનો તેજાબ (નાઇટ્રિક ઍસિડ) ઍલ્યુમીનિયમ ઉપર ભાગ્યે જ કંઇ અસર કરે છે, જ્યારે મીઠાનો તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) આ ધાતુને સાવ ગાળી નાખે છે.

ઍલ્યુમીનિયમમાં જેમ અમુક ગુણો છે તેમ કેટલાક અવગુણ પણ છે. નવાં ખરીદ કરતી વેળા આ ધાતુનાં વાસણો ઘણાં જ આકર્ષક જણાય છે, પરંતુ થોડા જ સમયના વપરાશ પછી તે પરનો સફેદ રૂપાળો રંગ ઝાંખો પડીને તે ઘણાં જ કદરૂપાં અને બેડોળ બની જાય છે. આનું કારણ વાસણો તૈયાર કરવામાં કેટલેક અંશે અશુદ્ધ ધાતુનાં પતરાંનો ઉપયોગ થાય છે તે પણ છે. આવાં વાસણો રાખ તથા ઝીણી રેતી વડે સાફ કરવાથી ઉજળાં બને છે, અથવા તો મેલાં વાસણોમાં સ્ટવ ઉપર ખુબ ગરમ પાણી કરી, તરત તેને સ્ટવ ઉપરથી નીચે ઉતારી, ગરમ પાણી કાઢી નાખીને જલદી ઠંડા પાણીથી ધોઈ નાખવું. આમ કરવાથી ધાતુમાં રહેલો મેલ જુદો ઉખડી આવે છે અને વાસણ અંદરથી સંપૂર્ણ સ્વચ્છ થઇ જાય છે. ઍલ્યુમીનિયમનો સૌથી મોટો અવગુણ એ છે કે તેના ઉપર ઝારણ થઈ શકતું નથી. એ ધાતુના વાસણમાં નાનું

સરખું પણ છિદ્ર પડ્યું કે તે નકામું પડે છે. તેના ઉપર ઝારણ કરવા માટે રસાયણશાસ્ત્રીઓ ઘણી મહેનત કરે છે પણ હજી ફતેહ મળી નથી. —રસિકલાલ દુલેરાય દવે

અપચો શાથી થાય છે?

ઘણાં માણસો અપચાની ફરિયાદ કરતાં દેખાય છે. શહેરોમાં તો સેંકડે એંશી ટકા. દરેક જણ જાણે છે કે પોતાને ખોરાક પચતો નથી, ઓછું ખવાય છે, છતાં કોઈ તેનું કારણ કળી શકતું નથી. આ નીચે કેટલાંક કારણો આપ્યાં છે. દરેક માણસ તે વિચારી જુએ અને પોતાનો અપચો કયા એક અથવા વધુ કારણથી થાય છે તે શોધી કાઢી તેનો ઉપાય કરે.

૧ પહેલું ને મુખ્ય કારણ તો એ કે ઘણાં માણસો દાંતનું કામ હોજરી પાસે કરાવે છે. હોજરીનું કામ દાંતે ચાવીને મોકલેલો ખોરાક પચાવવાનું છે; પણ આપણે તો ખોરાકને બરોબર ચાવ્યા વિના પરબારો હોજરીમાં ધકેલીએ છીએ. આથી હોજરીનું કામ વધે છે; ત્યાં અનાજનો ભરાવો થતાં તે સડવા માંડે છે અને અનેક જાતના રોગની શરૂઆત થાય છે. ખાઓ થોડું પણ ચાવો ખુબ.

કેટલીક વાર ખુબ ભુખ લાગવાને કારણે માણસો ઝડપથી ખાવા-બલ્કે ખોરાક ગળવા-માંડે છે; આથી જરૂર કરતાં વધારે ખોરાક હોજરીમાં ઠસાય છે. ખુબ ચાવવાથી ખોરાકનો રસ મોંને બરોબર મળે છે તેથી ભુખની ઉગ્રતા શમે છે અને જરૂર પુરતો ખોરાક મળતાં પેટ ભરાઇ જાય છે.

૨ કેટલીક વાર ખોરાકની પસંદગીમાં જ ભુલ હોય છે. કેવો ખોરાક ખાવો એ વિષે તો અગાઉ આ વર્ષમાં સરસ લેખો આવી ગયા: 'ત્યારે ખાવું શું?' અને 'વિટામિન.'

૩ થાક્યા પછી તરત ખાવાથી, ક્રોધમાં કે ચિંતામાં હોઇએ ત્યારે ખાવાથી અથવા ઘોંઘાટવાળી જગ્યાએ ઝટપટ ચપાટી લેવાથી પણ અપચો થાય છે.

૪ બીજું એક નાનું પણ ધ્યાન રાખવા જેવું કારણ એ છે કે ગરમાગરમ ખોરાક પહેલાં ખુબ ઠંડું પાણી પીવાથી પણ અપચો થાય છે.

૫ કેટલીક વાર રોગિષ્ટ દાંત અપચાનું કારણ હોય છે; અને ઘણીવાર, અનેકવાર, ઘણાની બાબતમાં બને છે તે—

૬ વિશેષ પડતું ખાવાથી. ચાર મિત્રો સાથે આનંદથી જમતા હોઇએ ત્યારે, ખુબ ભુખ લાગ્યા પછી ઝાપટવા મચી પડીએ ત્યારે, કોઈ રસોઇ સ્વાદિષ્ટ થઈ હોય ને હાથ મારીએ ત્યારે, અથવા કોઇ મનમાનતી ચીજ મળી જાય ને સંયમ ખોઇ અકરાંતીઆ બની જઇએ ત્યારે આપણે વધારે પડતું ખાઇ જ બેસીએ છીએ. અને આ કાંઇ ક્વચિત જ નથી બનતું. વરસના ત્રણસો સાઠ દહાડામાંથી ત્રણસો દહાડા, અને સોમાંથી સિત્તેર માણસો આમ જ કરતાં હોય છે. પછી અપચો ન થાય તો બીજું શું થાય?

અપચાના ઉપાય અનેક હશે, અનેકે અજમાવ્યા હશે: પાચનચૂર્ણો, દવાઓના ડોઝો, ગોળીઓ વગેરે. પણ ખરો ઉપાય એક જ છે: માફકસર ખાઓ; ખુબ ચાવીને ખાઓ.

બુટપાલિસની પ્રસાદી

એનું નામ બનારસી. ઉમર બાર ચૌદથી વધારે નહિ. સ્થિતિ સાધારણ—નહિ ગરીબમાં, નહિ તવંગરમાં. પ્રયાગનો એ નિશાળિયો, બાલવીરોની સેનામાં ઉત્સાહભેર કામ કરે.

એવામાં સ્કાઉટોનું એક પર્વ આવ્યું. કાશીમાં સ્કાઉટ-મેળો ભરાવાનો છે. એ મેળામાં જવાની તલાવેલી બનારસીને લાગી. પોતાના મોટાભાઇ પાસે બનારસી ગયો; 'ભાઇ, ભાઈ! હું કાશી સ્કાઉટમેળામાં જાઉં?'

ભાઇએ ડોકું ધુણાવ્યું; 'ના, ત્યાં જવાનું નથી.' બીજે વિચારે તેમણે આજ્ઞા ફેરવી નાખી; 'તારે જવું હોય તો જજે, પણ પૈસા હું નહિ આપું.'

બનારસી વિચારમાં પડ્યો: હવે શું કરવું? મેળામાં તો જવું જ જોઇએ. પાસે ફક્ત સવા રૂપિયો છે. પ્રયાગથી કાશી જવાનું અરધું ભાડું. કાશી તો જઈ પહોંચાય, કેમકે રેલવે તરફથી અરધે દરે જવાની રજા હતી. પણ ત્યાં જઇને ખાવું શું? વાજપેયીજીનો હુકમ હતો કે સૌએ પોતાની ગાંઠનો ખર્ચ કરવાનો છે; કોઈ પણ નિશાળિયાએ ધીરધાર કરવાની નથી.

કાંઈ નહિ; પડશે તેવા દેવાશે; કાશી તો જવું જ. બનારસી પ્રયાગને સ્ટેશને ગયો. બીજા ભાઈબંધો ત્યાં આવેલા હતા. પાસેનો સવા રૂપિયો ખરચી તેણે કન્સેશન ટિકિટ લીધી. કાશી તો આવી પહોંચ્યો. પણ હવે? અહીં ખાવું શું? ભુખે પેટે બનારસી ગામમાં ફર્યો. સ્કાઉટનો મેળો એણે પેટ ભરી-ભરી જોયો, પણ તેનાથી પેટ ખરેખર ભરાતું નહોતું. બનારસી મુંઝાતો હતો. એકાએક એના મગજમાં ચમકારો થયો. મુઠીઓ વાળીને એ દોડ્યો છાવણીએ. છાવણી પર વાજપેયીજી બેઠા હતા. બનારસી જઇને તેમની સમક્ષ ઉભો રહ્યો: 'સાહેબ! એક વિનંતિ છે.' વાજપેયીજી તેની સામે જોઈ રહ્યા.

'સાહેબ, આપની બુટપાલિસની ડબ્બી મને નહિ આપો? તે આપો તો હું મારી બધી વ્યવસ્થા કરી લઈશ.'

'બુટપાલિસની ડબ્બી? હા, લઇ જા. પણ તું તેનું શું કરવા ધારે છે?'

'હું તેનાથી લોકોના બુટ પાલિસ કરી આપી કમાણી કરીશ. મારી ખોરાકીનો બધો ખર્ચ હું એ રીતે કાઢી શકીશ.'

'ભલે લઈ જા. પણ ડબ્બીની કીમત તારે ચુકવવી પડશે.'

'હા, હા. જરૂર ચુકવીશ.' ડબ્બી લઇને બનારસી દોડી ગયો.


સ્કાઉટમેળામાં તેણે લોકોના જોડા પાલિસ કરીકરીને ખુબ વકરો કર્યો. વાજપેયીજીનું દેવું ચુકવ્યું, પોતાનું પેટ ભર્યું ને વધારામાં નાણાં બચાવ્યાં. પાછા વળતાં જંઘઇ સ્ટેશન પર એણે લાડુ મંગાવ્યા. પોતે ખાધા ને પોતાના મિત્રોને ખવડાવતાં કહ્યું; 'દોસ્તો! લ્યો આ બુટપાલિસની પ્રસાદી!' (ગાંડીવ)

દર એકાદશીએ જાગરણ કરીને ભજનકીર્તન તથા સોગઠાં રમવાનો કુટુંબમાં ચાલ. એક વાર પડોશી સૌ જાત્રા ગએલાં, નાનીબેન ઉંઘી ગએલી. હવે સોગઠાં કોની જોડે રમવાં? નાના માધવે તો ઓસરીના થાંભલાને ભેરૂ બનાવી તેની જોડે રમત માંડી. જમણે હાથે થાંભલાના પાસા નાખે ને ડાબે હાથે પોતાના. ડાબા હાથે નાખવાની ટેવ નહિ એટલે પોતે હારે જ ને? ત્રણ બાજી હાર્યો. દાદી છાનાંમાનાં જોતાં હતાં તેમણે મશ્કરી કરી પણ તેથી શું? સામો ભેરૂ ભલેને થાંભલો રહ્યો; પણ તેને જીતવા માટે સવળો હાથ પોતાનો રાખવાની અપ્રામાણિકતા કેમ થાય? દસ વરસની ઉમરે આટલો પ્રામાણિક માધવ મોટો થતાં હિંદનો અતિ માનવંત નામાંકિત પુરુષ થયો: એ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે.

દાઝેલા ભાગ પર ચુનાના પાણીની આશ તેલમાં મેળવી ચોપડવાથી ફાયદો કરે છે. ઇંડાનો રસ વાપરી શકે તેઓ એ પણ ચોપડી જુએ; ફાયદો થશે. કંદોઇ વગેરેને ત્યાંથી બળેલું તેલ મળે તો તે ચોપડવાથી પણ રૂઝ આવે છે.

લવીંગ અને ગંધક સુકવાથી કીડીઓ નાસી જાય છે એ જાણ્યા પછી એક વધારે ઉપાયઃ ટંકણખારનું પાણી છાંટી જોજો. તે પણ કીડીઓને નસાડશે.

કુમારમાં જે કેટલાક ઉત્તમ ને ઉપયોગી લેખો આવ્યા છે તેમાંનો એક આ વર્ષમાં ૩૩૩મે પાને આવી ગયો.



હજરત મહમ્મદ પયગમ્બર (સ)નું સીલ

કોઈ વિરલ ધાતુના અપવાદ સિવાય પ્લૅટિનમ દુનિયાની સઘળી ધાતુઓ કરતાં મોંઘું છે—સોના કરતાં તો કેટલાયે ગણું મોંઘું. કોલંબિયામાં આ ધાતુ મોટા જથ્થામાં નીકળે છે. તે અને રશિયા પ્લૅટિનમનાં મુખ્ય સ્થાન છે.

જાપાનમાં કુલ ૧૧૩૭ દૈનિક પત્રો છે ને તેમનો ફેલાવો એક કરોડ કરતાંયે વધારે છે. આ ગણતરીએ, જાપાનમાં દર છ માણસે એક દૈનિક વંચાય છે.

મંદવાડમાં બહુ બોલવાથી, બહુ હસવાથી અને પુસ્તકો વાંચતા રહેવાથી તાવનો વેગ ઓછો થઇ જાય છે.

બરફના કકડાનું આશરે વજન તેના માપના ઘનઇંચ કાઢી તેને ત્રીસે ભાગવાથી રતલમાં નીકળશે. જેમકે એક કકડો ૧૦×૧૦×૯=૯૦૦ ઘન ઇંચ હોય તો તેનું વજન ૯૦૦÷૩૦=૩૦ રતલ થાય.

મીઠાના પાણીથી ખુબ મસળીને તરત ધોવાથી ચાના ડાઘ નીકળી જાય છે.

કેરડાની કુંળી કુંપળો ને પાંદડાં ચાવવાથી દાંતનો દુખાવો તરત નરમ પડે છે.


માથા પર ટુંકા વાળ રાખવાથી સ્વાસ્થ્ય અને ઉત્સાહ ખુબ સારાં રહે છે.

આરોગ્યનાં સૈન્ય અને રોગનાં અનેક બળ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા કરે છે. તેમાં આરોગ્યને જીતાડવું તમારા હાથમાં છે.

જમી રહીને તરત મોટો પ્યાલો ભરીને પાણી પીવાની ટેવ ઘણાને હોય છે તે નુકસાનકારક છે. એ વેળા મોં સાફ કરવા પુરતું બેચાર કોગળા પાણી પી, દસેક મિનિટ રહીને જરૂર પુરતું પાણી પીવાય તો પાચનમાં ઘણી મદદ કરે છે.

અમેરિકાની પાસે આવેલો હાવાઇનો ટાપુ તો પ્રખ્યાત છે. ત્યાંની પ્રજામાં એક જાતની સંસ્કૃતિ પણ છે. એ લોકોની ભાષામાં માત્ર ૧૨ મૂળાક્ષરો હોય છે!

સારી નાળિયેરી વરસમાં ૩ થી ૪ વાર ફળે છે, ને દર વખતે સરાસરી ૭૫ નાળિયેર આપે છે.



આ વિચિત્ર લાગતાં છાપરાં સિંધ-હૈદ્રાબાદમાં નજરે પડે છે. ત્યાં રણનો પ્રદેશ હોઈ ઉનાળામાં અસહ્ય ગરમી અને રેતીનાં તોફાનો નડે છે, તેની સામે આ છાપરાં એ બચાવનાં સાધન છે. ઘરો માટીનાં બાંધેલાં અને ઘણે ભાગે સફેદ રંગેલાં હોય છે. (સફેદ રંગ ઓછામાં ઓછાં સૂર્યકિરણ આકર્ષે છે.) મિનારા જેવાં ઉભાં કરેલાં હવાબારાં વાટે બળબળતી લૂમાંથી બને તેટલી હવા ખેંચાઇ આવે છે, અને તે પર ઢળી કરેલી છાપરીઓ રેતીને અટકાવે છે. સિંધનું એ પાટનગર સિંધુ નદીના પૂર્વ કિનારે સાડાત્રણ માઇલ દૂર એક ટેકરી પર આવેલું છે અને રેશમ, માટીકામ તથા લાખકામ માટે પ્રસિદ્ધ છે.